Chapter-1

विक्रियां पश्य मे तीव्रां राजपुत्र्याः परंतप।
आसे कालमुपासीना सर्वं दुःखं किलार्तवत्॥

•

પ્રકરણ : એક

સંસ્કૃત 'વિરાટપર્વ'ની સમીક્ષા

ઈસુની ઓગણીસમી સદી ભારતવર્ષના સંદર્ભમાં અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. એક રીતે જોઈએ તો, આ સમયે જ મધ્યકાળનો અંત આવે છે અને અર્વાચીન કાળનો આરંભ થાય છે. એ દૃષ્ટિએ તેને યુગપરિવર્તન કહી શકાય. આ પરિવર્તનકાળ ઘણી બધી ઊથલપાથલનો કાળ બની રહે છે. એમ તો સમગ્ર મધ્યકાળ પણ રાજકીય અને બીજી અનેક ઊથલપાથલથી ભરેલો હતો જ. પરંતુ આ વખતની ઊથલપાથલો દેખીતી રીતે શાંત છતાં વધુ વિઘાતક હતી. એનાં પરિણામ પણ વધારે પ્રભાવશાળી અને છેક આજ સુધી અસર કરનારા નીવડ્યાં છે.

ઓગણીસમી સદીના મધ્યભાગમાં, ઔપચારિક રીતે ભારતવર્ષમાં બ્રિટીશ રાજ્યની સ્થાપના થાય છે. એ પહેલાં કંપની સરકારના નામે અંગ્રેજોનો જ વહીવટ ચાલતો હતો. એ હવે બ્રિટીશ સરકાર દ્વારા થવાને લીધે રાજકારણીય સમસ્યાઓ વધુ ગંભીર બને છે. તેની સાંસ્કૃતિક - સામાજિક જીવન ઉપર અસર પડે છે. બીજી બાજુ બ્રિટીશ શાસનથી સલામતી, સુરક્ષા, વિકાસ વગેરે બાહ્ય સફળતાઓ જોઈ પ્રજાના પ્રતિનિધિ એવા કવિઓ પણ 'હરખ હવે તું હિંદુસ્તાન' એમ કહી બેસે છે. આ પરિવર્તનમાં પ્રજા પણ હોંશભેર ભાગ લેવા માંડે છે ને નવા વેશથી માંડી નવા વિચારો સુધ્ધાં અપનાવતી જાય છે.

આ ઐતિહાસિકતાની બીજી પણ એક બાજુ છે; અને તે વધુ હેબતાવી મૂકે એવી. આમ તો કોઈ પણ પરધર્મી શાસક શાસિત પ્રજાની ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક પરંપરાઓ પરત્વે સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરે એ અપેક્ષા વધુ પડતી કહેવાય. અંગ્રેજ શાસકોએ પણ ભારતીય પરંપરાઓની સદંતર ઉપેક્ષા કરી હતી. અંગ્રેજ જીવનરીતિ, ઢબછબથી માંડીને અંગ્રેજ કળાવિચારણાની સૂક્ષ્મ અને સ્થૂળ એમ બન્ને સ્તરે ભૂરકી છવાઈ હતી. પ્રજા ઈચ્છે તો પણ એમાંથી ઊગરી શકે એમ નહોતી. ભારતીય જીવનમૂલ્યો કે પરંપરાઓ બધાનો સર્વનાશ સામે દેખાતો હતો. વિધ્વંસનો ખ્યાલ પણ ન આવે એ રીતે બધું ધ્વસ્ત થતું જતું હતું. પગ નીચે જ સુરંગ હોય અને તેનાથી અજાણ હોઈએ એવી આ સ્થિતિ હતી. એ વેળાની પ્રાપ્તિને લીધે પણ કોઈનું ધ્યાન એ તરફ ગયું નહીં. અર્વાચીનતા -આધુનિકતાનું એક લક્ષણ પરંપરાત્યાગ અને સાતત્યભંગ પણ હોય છે. સમગ્ર પ્રાચીનકાળ અને મધ્યકાળનાં જીવનમૂલ્યો તથા સાહિત્ય, કળા અને ધર્મની પરંપરા સાથેના આ વિચ્છેદને આધુનિક ગણીને વધાવી લેવામાં આવ્યો. એ કાળે આપણે જે ગુમાવ્યું તે પ્રત્યે આપણું ધ્યાન ગયું નહીં. પંડિતયુગમાં આપણે એ સંદર્ભે જાગૃત થયા ખરા પરંતુ ફરી સ્વાતંત્ર્ય ચળવળનો સમય આવ્યો અને રાજકીય આંદોલનોમાં આપણી સમગ્ર શક્તિઓને જોતરી.

આજે આટલા સમયના અંતરાલ પછી એ વિશે ફરી વિચારીએ છીએ ત્યારે આપણને પ્રશ્ન થાય છે કે એ સાતત્યભંગ આપણને ખરેખર પરવડે તેવો હતો ખરો ? આજના સમયમાં આ પ્રશ્ન વધુ અણિયાળો બન્યો છે ને બદલાતી જતી વિભાવનામાં નવેસરથી પુછાઈ રહ્યો છે. વળી, આજે આ પ્રશ્ન માત્ર આપણો જ બની રહેવાને બદલે યુરોપ, અમેરિકા અને એશિયાના ઘણા અલ્પવિકસિત અને વિકાસશીલ દેશો માટે મહત્ત્વનો બન્યો છે.

આ સંજોગોમાં ભારતીય પરંપરાનું પુનર્મૂલ્યાંકન કરવું જરૂરી બને છે. ઉપરાંત, આ સંદર્ભમાં મહાભારત(કે પછી એ પ્રકારનાં બધાં કાવ્યો)ની પરંપરાને નવેસરથી જોવાતપાસવાનો પ્રયત્ન કરવો જરૂરી બને છે. આ માટે સૌપ્રથમ તો મહાભારતની મૂળ પ્રકૃતિને, તેની આગવી વિશેષતાઓને સમજવી પડે. એટલે આ પ્રકારના અભ્યાસમાં મૂળ વિરાટપર્વ સાથે સમગ્ર મહાભારતનો સંબંધ સ્થાપવો પણ અનિવાર્ય છે. તેથી અહીં આરંભે જ આ પ્રકારની ચર્ચાવિચારણા કરવામાં આવી છે.

વ્યાસકૃત મહાભારતનું કથાનક અઢાર પર્વોમાં વિભાજિત થયેલું છે. તેમાં વિરાટ પર્વનો ક્રમ ચોથો છે અને તેનો સંબંધ એક રીતે સભાપર્વ સાથે છે. સભાપર્વમાં કૌરવપાંડવ વચ્ચેનું દ્યૂત કેન્દ્રસ્થાને છે. દ્યૂતમાં યુધિષ્ઠિર પોતાના ભાઈઓ અને પત્ની સમેત સર્વ સંપત્તિ અને રાજ્ય હારી જાય છે. જો કે દ્રૌપદી તે બધું પુનઃ પ્રાપ્ત કરવામાં અને પાંચેય પતિઓને દાસભાવમાંથી મુક્ત કરાવવામાં સફળ થાય છે. પરંતુ દુર્યોધન, પાંડવો તરફથી આવનારા ભયની અને અર્જુનની વીરતાની વાત ધૃતરાષ્ટ્રને કહી, દ્યૂત માટે યુધિષ્ઠિરને ફરી આજ્ઞા આપવાનું કહે છે. પુત્રવશ ધૃતરાષ્ટ્ર સંમત થાય છે. બધાનો વિરોધ હોવા છતાં માત્ર ધૃતરાષ્ટ્રની આજ્ઞાને લીધે યુધિષ્ઠિર પુનઃ દ્યૂત રમે છે અને તેમાં પણ સર્વસ્વ હારી જાય છે. આ અનુદ્યૂતની શરત મુજબ પાંડવો નિર્વાસિત થઈ બાર વર્ષ વનવાસ (દેશવટો) ભોગવે છે. શરતના ઉત્તરાર્ધ પ્રમાણે પાંડવોએ તેરમું વર્ષ અજ્ઞાતવાસમાં પસાર કરવાનું હોય છે. શરતપાલન માટે પાંડવો તેરમે વર્ષે મત્સ્ય દેશના રાજા વિરાટની રાજધાનીમાં, ઓળખાઈ ન જવાય એ રીતે, જાત છુપાવી ચાકરીએ રહે છે. અજ્ઞાતવાસના સમગ્ર વર્ષ દરમ્યાન બનતી ઘટનાઓ વિરાટપર્વને વસ્તુ પૂરું પાડે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે મહાભારતનું બીજું કોઈ પર્વ નહીં પણ 'વિરાટપર્વ' જ પસંદ કરવાનું વિશેષ પ્રયોજન છે. એક તો એ કે આ પર્વમાં એક પણ ઉપાખ્યાન કે આડકથા નથી. જ્યારે મહાભારતનાં બીજાં પર્વોમાં, કૌરવ-પાંડવોની મુખ્ય કથા સાથે અનેક ઉપાખ્યાનો પણ કોઈ ને કોઈ રીતે સંકળાતાં રહ્યાં છે. આદિપર્વ અને આરણ્યકપર્વ આવાં અનેક ઉપાખ્યાનો અને આડકથાઓથી સમૃદ્ધ છે. આરણ્યકપર્વમાં તો વનવાસી પાંડવોનો શોક દૂર કરવા તેમ જ તેમના મનોરંજન માટે બ્રાહ્મણો અને ઋષિઓ તેમને પ્રસિદ્ધ પુરુષોનાં ચરિત્રોની કથાઓ સંભળાવતા અને સદુપદેશ આપતા હતા. નલોપાખ્યાન, રામોપાખ્યાન, સાવિત્રીઉપાખ્યાન, ઋષ્યશૃંગનું આખ્યાન, અગસ્ત્યનું કથાનક, કાર્તિકેયનું કથાનક જેવાં ઉપાખ્યાનોથી આ પર્વ દળદાર બન્યું છે. એ જ રીતે સુપર્ણોપાખ્યાન, સમુદ્રમંથનનું કથાનક તથા દુષ્યંત-શકુંતલા, કચ-દેવયાની-યયાતિ, તપ્તી-સંવરણ અને વસિષ્ઠ-વિશ્વામિત્રનું કથાનક વગેરે આદિપર્વનાં મુખ્ય ઉપાખ્યાનો છે.યુદ્ધપર્વો પણ આવી આડકથા -ઉપકથાઓથી સંપૂર્ણપણે મુક્ત રહી શક્યાં નથી. ઉદ્યોગપર્વમાં વૃત્રાસુરની કથા અને માધવીનું ઉપાખ્યાન તથા બીજાં ગૌણ ઉપાખ્યાનો આવે જ છે. ભીષ્મપર્વથી જ મહાભારતની મુખ્ય યુદ્ધકથાનો આરંભ થાય છે તેમ છતાં આ પર્વમાં 'જંબુખંડવિનિર્માણ' અન્તર્ગત ભરતખંડની તત્કાલીન ભૌગોલિક સ્થિતિનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે અને ભગવદ્ગીતાને રૂપે ગંભીરતા અને ઊંડાણથી દાર્શનિક વિચારણાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમ એક યુદ્ધકથાની રીતે તથા ભૌગોલિક અને દાર્શનિક એમ ત્રિવિધ રીતે ભીષ્મપર્વ મહાભારતનું એક મહત્ત્વનું પર્વ બની રહે છે.

જ્યારે મરણાસન્ન ભીષ્મ પાસેથી યુધિષ્ઠિર ઉપદેશ ગ્રહણ કરે છે એ શાન્તિપર્વની એક માત્ર ઘટના છે. અહીં પણ અનેક ઉપકથા-આડકથાઓ ઉપરાંત દૃષ્ટાંતરૂપે કેટલીયે પ્રાણીકથાઓ પણ સમાવી લેવામાં આવી છે. આ બધા દ્વારા ભીષ્મની (અને તેમના માધ્યમે ભારતવર્ષની) સર્વગ્રાહી વિચારણાનો આપણને પરિચય થાય છે. આ પર્વ કથાસૃષ્ટિને લીધે નહીં પરંતુ તેમાંની ચિંતનસમૃદ્ધિને લીધે વિશેષ મહત્ત્વનું બની રહે છે. આ પર્વમાં પ્રસ્તુત કરવામાં આવેલી વિચારણા જીવનના કોઈ ને કોઈ બિંદુને સ્પર્શે છે. આ પર્વમાં એક બાજુ અમૂર્ત તત્ત્વચિંતન - અધ્યાત્મજ્ઞાનનું નિરૂપણ છે તો બીજી બાજુ જીવનનાં રાજકીય સામાજિક અને આર્થિક ક્ષેત્રોને લગતી નક્કર ચર્ચા પણ થયેલી છે.

અનુશાસનપર્વમાં પણ ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ઉપદેશ આપવાનું ચાલુ રાખે છે. શાંતિપર્વમાં જે કંઈ કહેવાનું બાકી રહી ગયું હતું તે આ પર્વમાં સમાવી લેવામાં આવે છે. સંભોગ દરમિયાન પુરુષ અને સ્ત્રી ઉભયમાંથી કોને વધારે રતિસુખ મળે એવાં અતિ ભૌતિક સ્તરના પ્રશ્નના ઉકેલથી માંડીને બીજી અનેક આધ્યાત્મિક શંકાઓનું નિરાકરણ અહીં આપવામાં આવ્યું છે. આ પર્વમાં પણ સમર્થન માટે અનેક ઉપાખ્યાનો, દૃષ્ટાંતકથાઓ તથા પ્રાણીકથાઓની સહાય લેવામાં આવી છે. મહાભારતમાં, યુદ્ધ પછીના કેટલાંક પર્વોનું કદ પ્રમાણમાં નાનું છે, એટલે

સ્વાભાવિક રીતે જ તેવાં પર્વોમાં, ઉક્ત પર્વોની તુલનામાં ઉપાખ્યાનો કે આડકથાઓની સંખ્યા નહીંવત્ છે. જ્યારે વિરાટપર્વની બધી જ ઘટનાઓનો સીધો સંબંધ પાંડવ-કૌરવોની મુખ્ય કથા સાથે છે. આમ, વિરાટપર્વ મહાભારતનાં અન્ય પર્વોની તુલનાએ વધુ સુગ્રથિત છે.

વિરાટપર્વની સંરચના

લઘુભારત : મહાભારતની લઘુઆવૃત્તિ, વિરાટપર્વ અને મહાભારત સમગ્ર : એક તુલના

વિરાટપર્વની વિશિષ્ટ સંરચનામાં કાર્યરત એવી ઘટનાઓ અને તેનું નિરૂપણ આપણને અચંબો આપે એ પ્રકારનું છે. વિરાટપર્વની મુખ્ય ઘટનાઓ આ પ્રમાણે છે.

૧. પાંડવોનો છદ્મવેશ અને વિરાટ રાજાને ત્યાં ચાકરી
૨. જીમૂતવધ
૩. દ્રૌપદી પર કીચકનો મોહ અને પરિણામે તેનો નાશ
૪. ગૌગ્રહણ અને તે નિમિત્તે યુદ્ધ
૫. ઉત્તરા-અભિમન્યુ વિવાહ

અજ્ઞાતવાસ અને અભિજ્ઞાન

વિરાટપર્વમાં આ ઘટનાઓનું આલેખન એવી વિશષ્ટ રીતે થયેલું છે કે તેની આવર્ત રેખાઓ મહાભારતની પૂર્વવર્તી અને પરવર્તી ઘટનાઓ સુધી લંબાય છે, અને એકમેક સાથે સંકળાઈને ભળીઓગળી જાય એવું સામ્ય, બીજા અર્થમાં એકરૂપતા ધરાવે છે.

વિરાટપર્વને આરંભે પાંડવોના રૂપપિરિવર્તનનો પ્રસંગ છે તેનો સંબંધ લાક્ષાગૃહની આગમાંથી ઊગરી ગયા પછી પાંડવોએ ધારણ કરેલા ગુપ્તવેશની ઘટના સાથે જોડાઈ જાય છે.

દ્યૂતની જેમ જ, કૌરવો દ્વારા લાક્ષાગૃહની આ યોજના પાંડવોના વિનાશ માટે જ કરવામાં આવી હતી. યુધિષ્ઠિર આગમાં તરત સળગી ઊઠનારા ગૃહને જોઈને જ દુર્યોધનના આ કૃત્યને પામી જાય છે. ભીમ ત્યાંથી જતા રહેવાનું કહે છે ખરો પણ યુધિષ્ઠિરના ઉત્તર પ્રમાણે જાણી શકાય કે પાંડવો માટે અન્ય કોઈ વિકલ્પ જ નહોતો. યુધિષ્ઠિર કહે છે કે આપણે જાણી ગયા છીએ એ ભાવ પ્રગટ કરવો નહીં. જો પુરોચન આપણો મનોભાવ જાણી જશે તો તરત આપણને સળગાવી મૂકશે; કેમ કે દુર્યોધનની આજ્ઞાથી જ એ આ અનિષ્ટ કાર્ય કરવામાં પ્રવૃત્ત છે. વળી, આગના ભયથી આપણે ડરીને ભાગી જઈશું તો પણ દુર્યોધન આપણને મરાવી નાખશે. કેમ કે તેની પાસે સત્તા છે, તેથી તેના સહાયકો પણ ઘણા છે. જ્યારે આપણે સહાયરહિત, પદચ્યુત અને દરિદ્ર છીએ. માટે દુર્યોધનને છેતરીને અનેક સ્થળ-સ્થળોમાં છુપાઈને વાસ કરવો જોઈએ. એ માટે મૃગયાને બહાને બહાર નીકળી છટકી જવાનો માર્ગ શોધવો જોઈએ.[૧]

આ કાવતરામાંથી તેનો ચમત્કારિક રીતે ઉગાર થાય છે. એક વખતે 'જાણે મૃત્યુએ જ બોલાવી હોય તેમ એક નિષાદી તેના પાંચ પુત્રો સાથે ત્યાં આવે છે.[૨] તેના આગમનથી જ પાંડવોને કૌરવોના કારસ્તાનને પલટાવી નાખવાની તક મળી જાય છે. એ જ દિવસે નાસી જવાની યોજના ઘડાઈ. આગ લગાવી વિદુરની સહાયથી ખોદવામાં આવેલી સુરંગ મારફતે બધા નીકળી ગયા. સવારે નગરવાસીઓને પાંચ છોકરા અને એક સ્ત્રીના ન ઓળખાય તેવાં શબ મળ્યાં. પુરોચનનો મૃતદેહ પણ મળ્યો. એથી પાંડવો નાશ પામ્યા છે એમ સાબિત થયું અને કૌરવોએ તેમની શોધ કે પીછો કર્યો નહીં. પાંડવો વેશ બદલીને કૌરવોથી છુપાતા જુદાં જુદાં સ્થાનોમાં ફરતા રહ્યા.

વિરાટપર્વના અજ્ઞાતવાસ પાછળ શરતપાલનનું પ્રયોજન છે. જ્યારે પાંડવોના આ પ્રથમ ગુપ્તવાસનો હેતુ સ્વરક્ષણનો હતો. દ્રૌપદીસ્વયંવરમાં દ્રૌપદી પત્નીરૂપે અને દ્રુપદ જેવા મહારથી વેવાઈ તરીકે પ્રાપ્ત થાય છે. એ સાથે આ પ્રથમ

ગુપ્તવાસનો અંત આવે છે. દ્રૌપદીની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી પાંડવો લગભગ દીન અને અનાથ અવસ્થામાં જ જીવતા હતા. લાક્ષાગૃહની ઘટનામાંથી જીવતા રહ્યા છે તેની જાણ ન થાય તે માટે સ્થળે સ્થળે ભટકતા ફરતા હતા. દ્રૌપદીસ્વયંવરમાં પણ તેઓ કોઈ જાણી-ઓળખી ન જાય તેની સાવચેતી માટે બ્રાહ્મણનો વેશ લઈને જ આવે છે. છતાં કૃષ્ણની નજરથી તેઓ છૂપા રહી શકતા નથી. યુધિષ્ઠરને પણ તેનું આશ્ચર્ય થાય છે ત્યારે કૃષ્ણ કહે છે 'અગ્નિને ગમે તેટલો ઢાંકીએ છતાં તે જણાયા વિના રહેતો નથી.'[૩] પાંડવો આગમાંથી ઊગર્યા છે એ સંદર્ભમાં આ વિધાન નોંધવા જેવું છે. વળી, અજ્ઞાતવાસ દરમિયાન વિરાટને પણ પાંડવોના પ્રથમ દર્શને આવી શંકા જાય છે તે પણ આ વિધાન સાથે સરખાવી શકાય.

દ્રૌપદી સાથેના લગ્નથી યાદવો અને પાંચાલોના જોરે જ તેઓ પ્રગટ થયા પછી રાજ્યભાગ માગી શક્યા અને ઇન્દ્રપ્રસ્થમાં જુદી રાજધાનીની સ્થાપના પણ કરી. એ જ રીતે ઉત્તરા સાથે અભિમન્યુના વિવાહથી શરતપાલન માટેના અજ્ઞાતવાસનો અંત સુખદ બની રહે છે. આ વખતે પણ તેર વર્ષના અંતરાલ પછી પુનઃ પાંડવોનો રાજકીય અભ્યુદય થાય છે. આ લગ્નોત્સવ નિમિત્તે એકઠા થયેલા રાજવીઓ સાથે વિચારવિમર્શ કરવામાં આવે છે. અગાઉ જેમ દ્રૌપદીસ્વયંવર પછી રાજ્યભાગ મળ્યો હતો તેમ હવે કુરુક્ષેત્ર યુદ્ધ પછી સંપૂર્ણ રાજ્ય તેમને હસ્તક આવવાનું છે તે માટેની મંત્રણાનો આરંભ અહીંથી જ થાય છે.

આ બન્ને ગુપ્તવાસ અને લગ્નપ્રસંગની ઘટનાઓમાં બીજી પણ કેટલીક સમાનતા રહેલી છે. લાક્ષાગૃહ પછીના ગુપ્તવાસમાં કુંતા પાંડવોની સાથે હોય છે, જ્યારે બાર વર્ષના વનવાસ અને તેરમા વર્ષના અજ્ઞાતવાસ દરમ્યાન કુંતાનું સ્થાન દ્રૌપદી લે છે. પાંડવોનો વનવાસ અને ગુપ્તવાસ એ દ્રૌપદીનો પણ વનવાસ અને ગુપ્તવાસ બની રહે છે. પાંડવોની અન્ય પત્નીઓ વનવાસમાં તેમની સાથે જતી નથી જ્યારે દ્રોપદી ક્ષણે ક્ષણ પાંડવોનાં દુઃખોમાં સહભાગી બને છે. પાંડવોની સાથે તેણે પણ અનેક યાતનાઓ ભોગવી હતી. એ વખતે સંતાપને લીધે તેની વાણી પણ કર્કશ બની રહે છે. આરણ્યકપર્વમાં અનેક સ્થાને દ્રૌપદીની આવી વાણીનો પરિચય મળી રહે છે. આ દ્વારા જ તે ભીમ અર્જુનના કૌરવો પ્રત્યેના વૈરાગ્નિને સતત પ્રદીપ્ત રાખી શકવામાં સફળ થાય છે. અજ્ઞાતવાસ તો તેને માટે અતિ આકરો બની રહ્યો. જે દાસીપણામાંથી તેણે સ્વબળે મુક્તિ મેળવી લીધી હતી તે જ દાસત્વ અજ્ઞાતવાસ દરમ્યાન તેણે કરવું પડ્યું; તેમા દુર્ભાગ્યપૂર્ણ વિડંબના જોઈ શકાય.

કુંતા પણ એક કરતાં વધુ દેવોની કૃપાથી પુત્રોને જન્મ આપે છે જ્યારે દ્રૌપદીને પણ પાંચ પતિ છે. દ્રૌપદીના પાંચ પતિના ખુલાસા માટે કેટલીક કથાઓ આપવામાં આવી છે. પરંતુ ખરેખર તો એક કરતાં વધુ દેવો દ્વારા ઉત્પન્ન થયેલા પુત્રોની એક જ પત્ની હોય અને તેમનું સંરક્ષણ દ્રૌપદી દ્વારા જ થાય એ પ્રકારના આયોજનમાં મહાભારતકારનો કોઈ અજબ સંકેત રહેલો જણાય છે. કુંતા જ દ્રૌપદી પાંચેની પત્ની બને એ માટે નિમિત્ત બને છે અને એ રીતે તે પાંચે ભાઈઓ વચ્ચેના સ્નેહને વધુ દૃઢ કરે છે. માદ્રીના સતી થયા પછી નકુળ સહદેવ પણ લોકદૃષ્ટિએ કુંતાના જ પુત્રો હતા. એ અર્થમાં તેઓ એક માતાના સંતાન હતા. હવે તેઓ એક પત્નીના પતિ બને છે. આ કારણે કુંતીપુત્રો અને માદ્રીપુત્રો પ્રત્યે ભેદ ઊભો કરવાની દુર્યોધનની કપટનીતિને અગાઉથી જ નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. બીજું સામ્ય એ છે કે, દ્રૌપદી સ્વયંવર ને અંતે કૃષ્ણ અને પાંડવોની પ્રથમ મુલાકાત થાય છે. એ રીતે ઉત્તરા અભિમન્યુના લગ્નપ્રસંગે પણ કૃષ્ણ અભિમન્યુની જાન જોડીને વિરાટનગરમાં આવે છે અને દીર્ઘકાળ પછી પાંડવો સાથે તેમનું પુનર્મિલન શક્ય બને છે. આમ બન્ને છદ્મવેશને અંતે કૃષ્ણની હાજરી પણ ઘણી સૂચક બની રહે છે.

છેક દ્રૌપદીસ્વયંવર વખતે કૃષ્ણ-પાંડવોની પ્રથમ મુલાકાતથી માંડીને કૃષ્ણના દેહોત્સર્ગ સુધી, કૃષ્ણની સતત હાજરી પાંડવોને હમેશા પ્રેરણાદાયી બની રહે છે. પાંડવોનું કોઈ કાર્ય કૃષ્ણના માર્ગદર્શન વિના સંભવિત બનતું નથી. પાંડવોએ પણ હમેશાં ગીતાકથન પ્રમાણે (મામેકં શરણં વ્રજ) કૃષ્ણનું અનુસરણ કર્યું છે. આમ છતાં દ્યૂત વખતે કૃષ્ણની

સલાહ લેવાનું પાંડવો(યુધિષ્ઠિર)ને સૂઝતું નથી. દ્યૂત એ તેમનો સ્વતંત્ર નિર્ણય હતો. તેમાં કૃષ્ણનું કોઈ દાયિત્વ નહોતું. એટલે તેનું ફળ પણ સ્વયમેવ ભોગવવાનું રહે, માટે દ્યૂતની ઘટનાથી તે છેક તેમના અભિજ્ઞાન સુધી કૃષ્ણ -પાંડવોની મુલાકાતના પ્રસંગો બહુ ઓછા આપવામાં આવ્યા છે. બાર વર્ષના વનવાસ દરમ્યાન તો બેત્રણ વખત જ મળવાનું બને છે. અજ્ઞાતવાસ પૂરો થયા પછી કૃષ્ણ પુનઃ ઉપસ્થિત થાય છે. દ્યૂતના સ્વનિર્ણયનું કર્તૃત્વ તેમણે તેર વર્ષ દરમ્યાન ભોગવી લીધું હોય છે. હવે ફરી તેઓ કૃષ્ણનું માર્ગદર્શન માગે છે. એક ભૂલમાંથી તેમણે શીખેલો આ સૌથી મોટો બોધપાઠ હતો.

પાંડવો વર્ષભર વિરાટનગરમાં વેશપલટો કરીને રહે છે તે દરમ્યાન બનતી ઘટનાઓ પણ આપણને મહાભારતના એવા બીજા પ્રસંગો સાથે તુલના કરવા પ્રેરે એ પ્રકારે તેનું આલેખન થયું છે. અહીં સૌ પહેલાં પાંડવોએ ધારણ કરેલા છદ્મવેશના સંકેતોની તપાસ કરીએ.

યુધિષ્ઠિર બ્રાહ્મણવેશ ધારણ કરી કંક નામ રાખે છે અને પોતે જુગાર રમવા રમાડવામાં પ્રવીણ છે તેવી ઓળખ વિરાટ સમક્ષ આપે છે.[૪] વિરાટ પણ 'દ્યૂતક્રીડામાં નિપુણ અને ચાલાક માણસો મને પ્રિય છે ' એમ કહી સભાસદ તરીકે તેની નિમણૂક કરે છે. અહીં બાર વર્ષ પૂર્વે હસ્તિનાપુરની રાજસભામાં રમાયેલા દ્યૂતની સ્મૃતિ આપણા ચિત્તમાં તરત જ જાગી ઊઠે છે. એ કપટબાજીમાં યુધિષ્ઠિર પોતાનું સર્વસ્વ ગુમાવી ચૂક્યા હતા અને બાર વર્ષ સુધી વન વન ભટકતા રહ્યા છે તેમ છતાં તેની દ્યૂતપ્રીતિ જરા પણ ઓછી થઈ નથી અને એ જ દ્યૂતક્રીડાને અજ્ઞાતવાસ દરમ્યાન આજીવિકાના સાધન તરીકે સ્વીકારે છે. પરંતુ એક અનુભવથી શીખેલા યુધિષ્ઠિર આ વખતે વિરાટ સાથે, 'મેં જીતેલું ધન મારી પાસેથી કોઈ છિનવી ન લે' એવી શરત રાખવાનું ચૂકતા નથી. વળી, બૃહદશ્વે નળકથા સંભળાવ્યા પછી યુધિષ્ઠિરને પાસાંની વિદ્યા શીખવી હતી.[૫] એટલે પણ યુધિષ્ઠિરે આ વ્યવસાય સ્વીકાર્યો હોય. યુધિષ્ઠિર માટે અહીં 'અક્ષહૃદયજ્ઞ' એવો શબ્દ પ્રયોજાયો છે. આમ, દ્યૂતમાં નિપુણ બનેલા યુધિષ્ઠિર વિરાટ અને તેના પુત્રોને એવી રીતે ખેલ રમાડતા હતા કે કોઈ દોરીથી બાંધેલાં પક્ષીઓને રમાડતો હોય.[૬] આ શ્લોક પણ દ્યૂતસભામાં યુધિષ્ઠિરની જે સ્થિતિ હતી તેની સાથે સરખાવી જોવા જેવો છે. એ દ્વારા પણ એક વિચિત્ર વિડંબનાની આપણને અનુભૂતિ થાય છે.

અજ્ઞાતવાસ દરમ્યાન યુધિષ્ઠિર ' પોતે સમ્રાટ હોવાથી કોઈને નમીશ નહીં' એ પ્રતિજ્ઞાની જાળવણી માટે બ્રાહ્મણવેશ સ્વીકારે છે. પરંતુ અહીં બીજો એક સંકેત પણ જોઈ શકાય. વનવાસ દરમ્યાન દ્રૌપદી અનેક વાર પોતાના આક્રોશને પ્રગટ કરે છે. ભીમ, અર્જુન વગેરે ભાઈઓની દુઃખદ સ્થિતિ જોઈ યુધિષ્ઠિરને ક્રોધ થતો નથી એથી પણ દ્રૌપદીને આશ્ચર્ય થાય છે; અને ક્રોધ તો ક્ષત્રિયનો મૂળ ભાવ હોય છે. એથી વિપરીત -બ્રાહ્મણભાવ યુધિષ્ઠિરનો છે એમ દ્રૌપદી કહે છે.[૭] યુધિષ્ઠિર જાણે કે દ્રૌપદીના આક્ષેપને સાચો પાડતા હોય તેમ અજ્ઞાતવાસ દરમ્યાન બ્રાહ્મણજીવન જીવી બતાવે છે. અહીં યુધિષ્ઠર 'કંક' નામ રાખે છે. કંક શબ્દ યમરાજનો વાચક છે.[૮] યમનું બીજું નામ ધર્મ છે. યુધિષ્ઠિર પણ ધર્મના પુત્ર છે. આત્મા વૈ જાયતે પુત્રઃ અનુસાર ધર્મ અને ધર્મપુત્ર યુધિષ્ઠિરમાં કોઈ ભેદ નથી. આમ કંક નામથી ઓળખાવવામાં યુધિષ્ઠિરનું સત્યવાદીપણું પણ જળવાય છે. યુધિષ્ઠિરની જેમ અર્જુનના વેશધારણ માટે પણ નક્કર પૂર્વભૂમિકા તૈયાર કરવામાં આવી છે. અર્જુન શસ્ત્રપ્રાપ્તિ માટે સ્વર્ગમાં જાય છે અને ત્યાં પાંચ વર્ષ સુધી રહે છે. એ દરમ્યાન ઇન્દ્રની આજ્ઞાથી અર્જુન ચિત્રસેન ગંધર્વ પાસેથી નૃત્યસંગીતનું શિક્ષણ લે છે.[૯] એ વખતે ઉર્વશી અર્જુન પ્રત્યે આસક્ત થાય છે. ઉર્વશીના કામપ્રસ્તાવનો અર્જુન સ્વીકાર કરતો નથી કેમકે તે પોતાના પૂર્વજ પુરુરવાની પત્ની રહી ચૂકી હોય છે. આ નાતે તે ઉર્વશીને 'માતા' કહીને સંબોધે પણ છે. ત્યારે ઉર્વશી સ્વર્ગની અપ્સરાઓને મનુષ્યલોકના એવા સંબંધો લાગુ ન પડે એમ કહી ફરી અનુનય કરે છે. છતાં અર્જુન વિચલિત થતો નથી. કોઈ દ્વારા અસ્વીકાર એ ઉર્વશી માટે પહેલી ઘટના હતી. પરિણામે ક્રોધમાં આવી તેણે અર્જુનને નપુંસક બની જવાનો શાપ આપ્યો. ઇન્દ્ર તેને

શાપ નહીં પરંતુ વરદાન માનવા અને અજ્ઞાતવાસ દરમ્યાન તે છદ્મવેશ માટે ઉપયોગી બની રહેશે તેમ કહે છે.[૧૦] આ પૂર્વઘટના, વિરાટનગરમાં અર્જુનના નપુંસક વેશ અને તે દરમ્યાન તેણે કરવાના કાર્ય સાથે બંધ બેસે છે. તેનો હેતુ અર્જુનને ઉત્તરાના સંગીતશિક્ષક તરીકે છદ્મવેશે રહેવા માટે પ્રેરવાનો જ છે. વિરાટપર્વમાં પણ અર્જુન પાંચ વર્ષ સુધી ઇન્દ્રને ત્યાં રહ્યો હતો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૧] સમીક્ષિત આવૃત્તિમાં આ શ્લોકમાં 'બ્રહ્મચર્યવ્રતેયુક્તઃ' એવું ત્રીજું ચરણ મળે છે.[૧૨] યુધિષ્ઠિર પણ આરણ્યકપર્વમાં આ સંદર્ભમાં 'તપસા યોજયાત્માનુગ્રેણ ભરતર્ષભ... મુનિ સાધુવ્રતેસ્થિતઃ' એમ કહે છે.[૧૩] એ લક્ષમાં લઈએ તો ઉર્વશીની માગણીના અસ્વીકારના પરિણામે મળેલો શાપ અજ્ઞાતવાસ દરમ્યાન વરદાનરૂપ બની રહેશે તેવો ઇન્દ્રે કરેલો ખુલાસો એ બધાનો તાળો મળી શકે. સંસ્કૃત મહાભારત(વિરાટપર્વ)ની બીજી કેટલીક વાચનાઓમાં આ સ્થળે ઉર્વશીના શાપની ઘટનાનો અર્જુન ઉલ્લેખ કરે છે પરંતુ તેને પ્રક્ષિપ્ત માનવામાં આવે છે.

અહીં તો કાર્યચર્ચા દરમ્યાન અર્જુન 'હું પ્રતિજ્ઞાપૂર્વક કહીશ કે હું નપુંસક છું' એટલું જ કહે છે.[૧૪] પરંતુ ઉત્તરગૌગ્રહણ વખતે તે પ્રગટ થાય છે ત્યારે રાજકુમાર ઉત્તર તેના નપુંસક હોવા વિશે આશંકા વ્યક્ત કરે છે એટલે અર્જુન કહે છે કે 'હું વડીલબંધુ યુધિષ્ઠિરની આજ્ઞાથી જ એક વર્ષ સુધી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીને રહું છું. વાસ્તવમાં હું નપુંસક નથી. હવે સંવત્સર પૂરું થવાથી એ વ્રત પણ પૂરું થયું છે.'[૧૫] અર્જુનના આ ખુલાસામાં એક રીતે વિરોધાભાસ રહ્યો છે અને તેમાં પૂર્વેના બ્રહ્મચર્યવ્રતનો સંકેત રહ્યો છે તથા સ્વર્ગનિવાસ દરમ્યાન ઉર્વશીનો શાપ મળ્યો હતો તેમ પરોક્ષ રીતે સૂચવવામાં આવ્યું છે, તેમ સમજવું પડે.

આમ, નપુંસકનો વેશ ધારણ કરવાથી જ અર્જુન વિરાટ રાજાના અંતઃપુરમાં સ્થાન મેળવી શકે છે. જો કે વિરાટ, તે ખરેખર નપુંસક જ છે તેની ખાતરી કર્યા પછી જ તેને રાજપુત્રી ઉત્તરાના મહેલમાં જવાની છૂટ આપે છે.[૧૬] ગોરખપુરની આવૃત્તિના પ્રક્ષિપ્ત શ્લોકો અનુસાર તો રાજા પોતાના મંત્રીઓની સલાહ લે છે કે તેને અંતઃપુરમાં રાખવા જોઈએ કે નહીં, પછી યુવતીઓ દ્વારા તેના નપુંસકત્વની તપાસ કરાવે છે અને જ્યારે તેનું નપુંસકત્વ પ્રમાણિત થાય છે ત્યારે જ તેને અંતઃપુરમાં જવાની અનુમતિ આપે છે. કેમ કે અંતઃપુરમાં અજાણ્યાને રાખવાથી અનેક જોખમો ઊભાં થઈ શકે. ઢોંગી પ્રેમીઓ પણ વેશ બદલીને તેમાં પ્રવેશ કરી શકે. (વધુ માટે જુઓ પ્રકરણ : ૩) એટલે વિરાટ તેની શારીરિક તપાસ કરવી જરૂરી સમજે છે. અર્જુન તેમાં ઉર્વશીના શાપને લીધે સફળ થાય છે.

જો કે વિરાટપર્વને અંતે, નપુંસક વેશે રહેલ બૃહન્નલા એ અર્જુન જ છે તેની જાણ થવાથી વિરાટ મૂંઝવણમાં મુકાઈ જાય છે; અને અર્જુનના રંગદર્શી વ્યક્તિત્વ તથા બ્રહ્મચર્યપાલન દરમ્યાન પણ તેણે પ્રાપ્ત કરેલી સ્ત્રીઓના પ્રસંગોનું સ્મરણ થવાથી તે અર્જુનને ઉત્તરાને સ્વીકારવાની વિનંતી કરે છે. પરંતુ અર્જુન લોકાપવાદથી ડરીને તેનો અસ્વીકાર કરે છે.[૧૭] અગાઉ ઉર્વશી વખતે તેના સંયમનો જે પરિચય થયો હતો તે આ વખતે પણ થાય છે. ઉર્વશી તેને મન જેમ માતાતુલ્ય છે તેમ ઉત્તરા પુત્રીતુલ્ય છે. આ બન્ને વખતે અર્જુનની પ્રતિક્રિયા ધાર્મિક છે. એટલે તો વિરાટ પણ તેની ધર્મપરાયણવૃત્તિની પ્રશંસા કરે છે.[૧૮] આમ આ બે ઘટનામાં પણ સામ્ય રહેલું છે.

અજ્ઞાતવાસમાં ચાકરીએ રહેવા માટે દ્રૌપદી પણ અસરકારક વેશપલટો કરે છે, છતાં તેના સૌન્દર્યની કાંતિ હજીય દિગ્મૂઢ કરી મૂકે તેવી છે. વનવાસનાં કષ્ટોએ પણ તેના રૂપને ઝાંખું પાડ્યું નથી. દાસીવેશમાં પણ તે એવી જ સુંદર લાગે છે. તેનું રૂપ, તેજ અને મધુર વાણીથી કોઈને પણ વિશ્વાસ પડતો નથી કે આ દાસી માત્ર અન્ન વસ્ત્ર માટે અહીં ભટકી રહી છે.[૧૯] રાણી પણ તેને દાસી માનવા તૈયાર નથી. તેના મનમાં પણ ભય છે કે દ્રૌપદીના સૌન્દર્યથી રાજા વિરાટ તેની ઉપર આસક્ત થઈ જશે.[૨૦] એના આ ભય માટે પૂરતાં કારણો પણ છે. કેમ કે, તેના આગમન વખતે મહેલની દરેક સ્ત્રી દ્રૌપદીને એકીટશે જોઈ રહી હતી. વૃક્ષો પણ જોઈ રહ્યાં હતાં. આ વર્ણન દ્વારા સૂચવાય છે કે સુદેષ્ણાનો ભય સાવ નિરાધાર નથી. સુદેષ્ણા એક દૃષ્ટાંત પણ આપે છે કે 'જેમ કેકડે નામના પ્રાણીની માદા પોતાનો

સર્વનાશ કરવા માટે જ ગર્ભ ધારણ કરે છે એમ હું તને રાજભવનમાં આશ્રય આપવાનો અર્થ સમજું છું.[૨૧] કદાચ આ કારણે જ જ્યારે, પોતાનો ભાઈ કીચક દ્રૌપદી પર મોહિત થાય છે ત્યારે સુદેષ્ણા નિરાંત અનુભવે છે, એટલું જ નહીં કીચકને આ માટે સહાય પણ કરે છે.

અજ્ઞાતવાસ દરમ્યાન કરવાના કાર્યની ચર્ચા કરતી વખતે યુધિષ્ઠર દ્રૌપદીને પૂછે છે તે વખતે ચાર શ્લોક સુધી ભૂમિકા બાંધવામાં આવી છે. જેમ કે, તે પ્રાણપ્રિય છે. માતા સમાન પાલન કરવા યોગ્ય અને મોટી બહેન સમાન આદરપાત્ર છે. સાધારણ સ્ત્રીઓને કરવા યોગ્ય કામથી અજાણ છે. જન્મથી જ પુષ્પહાર, ગંધચંદન, આભૂષણ અને ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનારી સુકુમારી, પતિવ્રતા, યશઃશાળી અને ભાગ્યવતી રાજપુત્રી છે.

આ બધાં વિશેષણો રાજરાણી માટે યોગ્ય છે, પરંતુ વિરાટપર્વની ઘટનાઓના સંદર્ભમાં તે વક્રતાપૂર્ણ બની રહે છે. જેમ કે, સુકુમાર રાજપુત્રી હોવા છતાં દાસત્વ કરવું પડે છે. પતિવ્રતા હોવા છતાં તેના ચારિત્ર્ય પર કુદૃષ્ટિ થાય છે, તેથી દુર્ભાગ્ય આવી પડે છે અને યશ ઘટે છે. વળી, ગંધ-ચંદન પુષ્પહાર પોતે ધારણ કરવાને બદલે રાજા અને રાણી માટે તૈયાર કરવાં પડે છે. દાસી હોવાને નાતે અલંકારો અને ઉત્તમ વસ્ત્રોનો ત્યાગ કરવો પડે છે અને મેલું વસ્ત્ર પહેરી દુઃખી દીન સ્ત્રીની માફક રહેવું પડે છે. અહીં પૂર્વજીવન સાથે આવો વિરોધાભાસ જોવા મળે છે.

દ્રૌપદી અજ્ઞાતવાસ દરમ્યાન કરવાના કાર્ય તરીકે કેશગુંફનને સ્વીકારે છે. એ પણ એટલું જ વક્રતાપૂર્ણ છે. દ્યૂતસભાની ઘટના સાથે તેનો સંબંધ છે. દુઃશાસન દ્રૌપદીનો ચોટલો ઝાલી હસ્તિનાપુરની રાજસભામાં તેને ઢસરડી લાવે છે એ વખતે દ્રૌપદી દુઃશાસનના રક્તથી વાળ સિંચ્યા પછી જ કેશબંધન કરશે એવી પ્રતિજ્ઞા લે છે. આવી સ્ત્રી કેશગુંફનમાં નિપુણ હોય અને અજ્ઞાતવાસ દરમ્યાન તેણે આ જ કામ કરવાનું હોય એ વાસ્તવમાં કેવું પીડાજનક બની રહેતું હશે. 'પાર્થપરાક્રમવ્યાયોગ'માં આવા કરુણ દૃશ્યનું આયોજન કવિએ કર્યું છે.[૨૨]

ભીમ અજ્ઞાતવાસ દરમ્યાન વિરાટ રાજાને ત્યાં રસોઈયા તરીકેનું કાર્ય કરે છે. ભીમની આ કાર્યપસંદગી અને તત્સંબંધી વેશપલટો તેની ભોજનપ્રીતિને અનુકૂળ છે. અન્ય પાંડવોની તુલનામાં તેનું આ કાર્ય કેટલેક અંશે સંતોષજનક પણ છે. વળી, ભીમસેન પોતાનું નામ 'પૌરોગવ બલ્લવ' આપે છે. વાયુનું એક નામ 'પુરોગુ' છે.[૨૩] ભીમ વાયુપુત્ર હોવાથી તેનું આ નામ સાર્થક છે. પુરોગુનો બીજો એક અર્થ નાયક, વડો, ઉપરી એવો થાય છે. અહીં ખાસ સંદર્ભમાં વડો રસોઈયો ભીમ એવો અર્થ લઈ શકાય. 'બલ્લવ' નો અર્થ પણ સૂપકર્તા, રસોઈયો એવો થાય છે. રસોઈ બનાવવામાં નિપુણ હોવાથી ભીમનું આ નામ પણ સાર્થક છે. ભીમ, વિરાટના દરબારમાં કામ માગે છે ત્યારે પોતાનું નામ, ઓળખ બલ્લવ તરીકે આપે છે, એટલે વ્યવસાયના ખાસ સંદર્ભમાં જ તેનો અર્થ લેવો જોઈએ. જ્યારે નકુલ અશ્વિનીકુમારનો પુત્ર હોવાથી સ્વાભાવિક રીતે જ અજ્ઞાતવાસ દરમ્યાન તે અશ્વપાલનું કામ સ્વીકારે છે અને પોતાનું નામ ગ્રંથિક એવું આપે છે. ગ્રંથિકનો અર્થ આયુર્વેદ અને અધ્વર્યુવિદ્યાને લગતા ગ્રંથોનો જાણકાર એવો થાય છે.[૨૪] અશ્વિનીકુમારો દેવતાઓના વૈદ્ય અને અધ્વર્યુ છે; એટલે આ નામ પણ સાર્થક છે. અહીં નકુળ પણ ઘોડાની ચિકિત્સા સંબંધી સઘળા કાર્યમાં હું કુશળ છું તેમ કહે જ છે.[૨૫] ગ્રંથિક શબ્દનો બીજો એક અર્થ 'હસ્તરેખાવિદ્' એવો થાય છે.[૨૬] પરંતુ એ અર્થ લાગુ પાડતા સહદેવના ત્રિકાળજ્ઞાનની શક્તિનું નકુળમાં આરોપણ કરવું પડે. વળી, અશ્વવિદ્યાસંબંધી નકુળની અંગત રુચિ પણ છે, એમ એ કબૂલે છે.[૨૭] એટલે સ્વાભાવિક રીતે તે આ કાર્યને સ્વીકારે છે.

નકુળ જેમ અશ્વવિદ્યાનો જ્ઞાતા છે તેમ સહદેવ ગોપાલનવિદ્યાનો જાણકાર છે. ગોપાલન પશુપાલન સંબંધી તેની કુશળતાની જાણ તેના આ ઉદ્ગારો વડે આપણને થાય છે : 'ગાયોના સ્વભાવ, લક્ષણો અને મંગલચિહ્નોનું મને સારું જ્ઞાન છે. હું એવા બળદોનાં લક્ષણો પણ જાણું છું કે જેના મૂત્રને સૂઘવા માત્રથી વાંઝણી સ્ત્રીઓ ગર્ભ ધારણ કરવા સક્ષમ બને છે.'[૨૮] ઇન્દ્રપ્રસ્થમાં રાજ્યશાસન દરમ્યાન યુધિષ્ઠિરે તેની આ કાર્ય માટે નિમણૂક કરી હોય છે.[૨૯] એટલે યુધિષ્ઠિર પણ તેની આ દક્ષતાથી જ્ઞાત છે. સહદેવ અહીં એ અનુભવનો અજ્ઞાતવાસ દરમ્યાન ઉપયોગ કરી લેવા માટે

આ કામ સ્વીકારે છે. વળી, વિરાટ ગોબ્રાહ્મણપ્રતિપાળ રાજા છે અને ગૌપાલન પશુપાલન એ તેના રાજ્યનો મુખ્ય વ્યવસાય છે તે આપણે ગોગ્રહણની ઘટનાથી જાણી શકીએ છીએ. એટલે પણ સહદેવની આ કાર્યપસંદગી સાર્થક જણાય છે.

સહદેવ અજ્ઞાતવાસ દરમ્યાન તંતિપાલ નામ ધારણ કરે છે. આ શબ્દ પાણિનીના વ્યાકરણમાં મળે છે અને તેનો અર્થ 'દોરડાથી વાછરડાને બાંધી રાખનાર' તેવો થાય છે.[૩૦] એ દૃષ્ટિએ પણ આ નામાભિધાન યોગ્ય લાગે છે. જો કે સહદેવ વિરાટની સભામાં 'અરિષ્ટનેમિ' એવું બીજું નામ પણ જણાવે છે. 'અરિષ્ટ'નો એક અર્થ ગોવિકાર થાય છે અને સર્વરોગનો નાશ કરનાર એ 'અરિષ્ટનેમિ' એવો બીજો અર્થ પણ થાય છે.[૩૧]

આમ, પાંચે પાંડવોના નામ અને કાર્ય કોઈ ને કોઈ રીતે તેમના જન્મ સાથે અથવા તો જન્મ પછીની કે પૂર્વેની કોઈક ઘટના સાથે જોડાયેલાં છે. અહી મહાભારતકારે (વિરાટપર્વના રચયિતાએ) છદ્મવેશ સાથે પણ એનો સંબંધ રહ્યો છે, તેનો સંકેત, તરત કોઈના ધ્યાનમાં ન આવે તે રીતે કુશળતાથી કર્યો છે, છતાં એક બાબત તદ્દન સ્પષ્ટ રીતે આલેખવામાં આવી છે :

યુધિષ્ઠિર, કંક રૂપે જ્યારે વિરાટની સભામાં ઉપસ્થિત થાય છે ત્યારે પોતાને યુધિષ્ઠિરના મિત્ર તરીકે ઓળખાવે છે.[૩૨] અને ભીમ, યુધિષ્ઠિર પણ પોતાના હાથની રસોઈ જમ્યા છે તેવો ઉલ્લેખ કરે છે.[૩૩] દ્રૌપદી પણ સૈરન્ધ્રી તરીકે, પોતે દ્રૌપદીની દાસી રહી હતી તેમ સુદેષ્ણાને જણાવે છે.[૩૪] સહદેવ, યુધિષ્ઠિરના ગોધનનો પરિચય આપી પોતે તેમને ત્યાં તંતિપાલ નામે ઓળખાતો હતો તેમ સ્પષ્ટ કહે છે.[૩૫] પરંતુ અર્જુન, વિરાટના દરબારમાં નહીં પણ કાર્યનિવેદન વખતે યુધિષ્ઠિરને કહે છે કે 'જો રાજા વિરાટ મને પૂછશે તો હું કહીશ કે હું રાજા યુધિષ્ઠિરના ભવનમાં દ્રૌપદીની દાસી તરીકે રહી ચૂક્યો છું[૩૬] અને નકુળ પણ યુધિષ્ઠિરે અશ્વોની સંભાળનું કામ મને સોંપ્યું હતું તેમ વિરાટને કહે છે.[૩૭]

આમ, દરેક (યુધિષ્ઠિર પોતે પણ) એમની કાર્યસંબંધી યોગ્યતાનું યુધિષ્ઠિર જેવા મહારાજા પાસેથી મળેલું (બનાવટી) પ્રમાણપત્ર મૌખિક રીતે રજૂ કરે છે. આવા ઉલ્લેખોથી એમની નિમણૂકનો માર્ગ સરળ થાય, એમના કામનો પ્રભાવ અને કાર્યકુશળતા પણ જાણી શકાય. પરંતુ દરેક એક સરખો, યુધિષ્ઠિર-પાંડવોનો, જ સંદર્ભ આપે છે એટલે રાજા અને તેમના કુશળ મુત્સદ્દી અધિકારીઓના મનમાં તેમની ઓળખ વિશે શંકાનો પ્રશ્ન ઊભો થવો જોઈએ, જે થતો નથી. પાંડવો સમગ્ર ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતા અને તેમને વનવાસ મળ્યો છે એ પણ સર્વવિદિત હતું. વનવાસ પૂરો થઈ અજ્ઞાતવાસ શરૂ થયો તે વખતે આ ઘટના વિરાટના દરબારમાં બને છે. આ છયેનો એક દિવસે જ પ્રવેશ થવાથી પણ વિરાટ અને તેમના દરબારીઓની શંકા દૃઢ બને. તેમ છતાં કોઈ તેમને ઓળખી શકતું નથી. એ માટે દુર્ગાદેવી અને યક્ષરૂપી ધર્મ પાસેથી મળેલું વરદાન કારણભૂત હોય તેવું આલેખન મહાભારતકારે કર્યું છે, તે સ્વીકારી શકાય. તો પછી કૃતિમાં આ પ્રકારનું સ્પષ્ટ નિરૂપણ તેમના પૂર્વજીવન સાથે સંબંધ જોડવા માટે જ કરવામાં આવ્યું છે એમ માનવું પડે. એ રીતે વિરાટપર્વની ઘટનાઓને મહાભારતની સમાન ભૂમિકાએ રજૂ કરવાનો પ્રયત્ન છે એ પણ સ્પષ્ટ થાય.

અહીં આપણે વધુ એક મુદ્દો જોઈએ. અનુદ્યૂતની શરત પ્રમાણે પાંડવો બાર વર્ષ વસતીથી દૂર, નિર્જન કહી શકાય તેવા અરણ્યોમાં પસાર કરે છે. જ્યારે તેરમું વર્ષ તો તેમણે વસતી-માનવસમાજ-ની વચ્ચે ઓળખાઈ ન જવાય એ રીતે છુપાઈને પસાર કરવાનું હોય છે. વનવાસ દરમ્યાન તો તેમને સૂર્ય પાસેથી બાર વર્ષ સુધી અન્ન પૂરું પડે તે માટે અક્ષયપાત્ર મળી રહે છે. (અહીં બારની સંખ્યા મહત્ત્વની છે. વનવાસનાં વર્ષ પણ બાર છે અને આદિત્યો પણ બાર છે.) એટલે બાર વર્ષ પૂરતો ઉદરનિર્વાહનો પ્રશ્ન ઊકલી જાય છે, પરંતુ તેરમા વર્ષનો પ્રશ્ન ઊભો રહે છે. આ જોતાં અજ્ઞાતવાસનો હેતુ માત્ર જાત છુપાવવાનો નથી, ઉદરનિર્વાહનો પણ છે; એટલે દરેકે વિરાટ રાજાને ત્યાં ચાકરીએ રહેવું પડે છે. આ સંકેત સૂર્ય પાસેથી અક્ષયપાત્રની પ્રાપ્તિ વખતે જ વર્ષની સંખ્યા દ્વારા સૂચવી દેવામાં આવ્યો છે. મહાભારતકારની વસ્તુસંરચનાની સૂક્ષ્મ સૂઝનો આ રીતે પરિચય મળી રહે છે.

વિરાટનગરમાં અજ્ઞાતવાસ દરમ્યાન પહેલી નોંધપાત્ર ઘટના ચોથે મહિને બને છે. આ સમયે, બ્રહ્મમહોત્સવ નિમિત્તે અનેક લોકો વિરાટનગરમાં આવે છે. ઘણા દેશોમાંથી હજારો મલ્લ આવે છે. બધા મલ્લોમાં જીમૂત નામનો મલ્લ સૌથી વધુ શક્તિશાળી હતો. તેના પડકારને કોઈ ઝીલી શકતું નથી ત્યારે રાજા બલ્લવ રસોઈયાને તેની સાથે લડાવે છે. ભીમ તેને સેંકડો વખત ઘુમાવી, ચેતનારહિત કરી દઈ, પૃથ્વી પર ફેંકી દે છે.[૩૮]

ભીમે કરેલા જીમૂતવધને આપણે, પૂર્વે ભીમે કરેલા હિડિમ્બ, બક, કિર્મિર આદિ રાક્ષસોના વધ સાથે સરખાવી શકીએ. આ બધા વધપ્રસંગો નાયકનાં અદ્‌ભુત પરાક્રમોનું મહત્ત્વ ધરાવે છે. એ રીતે જીમૂતવધને પણ ભીમના એક વધુ પરાક્રમ તરીકે ઓળખાવી શકાય. જીમૂતવધના પરાક્રમથી પ્રસન્ન થઈ રાજા ભીમસેનને પુરસ્કારરૂપે ખૂબ દ્રવ્ય આપી તેનું સમ્માન પણ કરે છે. આ ઉપરાંત એવું વર્ણન પણ મળે છે કે જ્યારે ભીમની સાથે કોઈ યુદ્ધ કરનાર ન રહ્યું ત્યારે રાજા ભીમને સિંહ, વાઘ કે હાથી સાથે લડાવતો હતો. આ બધા સંકેતો પણ ભીમના પરાક્રમને લગતા જ છે.

ભીમ કાર્યચર્ચા વખતે યુધિષ્ઠિરને કહે છે કે 'જે લડવા આવશે તેને મલ્લયુદ્ધમાં ક્યારેય નહીં મારું પણ એવી રીતે પટકીશ કે એ ન મરે.'[૩૯] ભીમની આ ઉક્તિ સાથે તેણે કરેલો જીમૂતવધ વિરોધાભાસ ઊભો કરે છે. જો કે ભીમ આ બાબત માત્ર યુધિષ્ઠિર સમક્ષ જ જણાવે છે, જ્યારે વિરાટની સભામાં તો એ મલ્લવિદ્યાના અભ્યાસનો માત્ર ઉલ્લેખ કરે છે.[૪૦] આવી કોઈ સ્પષ્ટતા તે ત્યાં કરતો નથી.

ગોરખપુરની આવૃત્તિમાં ભીમ-જીમૂતયુદ્ધનું વર્ણન કરતા અનેક પ્રક્ષિપ્ત શ્લોક મળે છે. એ વર્ણન વધુ કવિત્વમય લાગે છે. મધ્યકાલીન કૃતિઓનાં વર્ણનો એનો આધાર લઈ રચાયાં હશે એવો પ્રશ્ન કોઈને થાય. જો કે મધ્યકાલીન કૃતિઓમાં જીમૂતવધનો સંબંધ પાંડવોની શોધ સાથે જોડવામાં આવ્યો છે. તે પ્રકારનું નિરૂપણ સંસ્કૃત વિરાટપર્વમાં મળતું નથી. મધ્યકાલીન રચનાઓ પ્રમાણે જીમૂત જો પાંડવોની શોધ કરવા આવ્યો હોય તો ગુપ્તવેશના રક્ષણ માટે તેનો વધ જરૂરી બને. એટલે અગાઉ જે વિરોધાભાસની વાત કરી તેની પરવા કર્યા સિવાય તેને મારી નાખવો એ જ ઇષ્ટ ગણાય.(જુઓ પ્રકરણ ત્રણ)

વિરાટ પર્વની સમીક્ષિત આવૃત્તિમાં જીમૂતવધ પ્રસંગે કીચકનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. રાજા પહેલાં કીચકને જીમૂત સાથે લડવા કહે છે પરંતુ તે જીમૂતનો બરોબરિયો ન લાગતા ભીમને લડાવે છે.[૪૧] આ પ્રસંગે કીચકનો ઉલ્લેખ અન્ય કોઈ હસ્તપ્રત કે વાચનામાં મળતો નથી. વળી કીચક બરોબરિયો નથી તેમ પણ નથી. વિરાટપર્વમાં તેનાં બળપરાક્રમ સંદર્ભે અનેક ઉલ્લેખો મળે છે. તે વિરાટનો સેનાપતિ છે અને રાજા ઉપર પણ તેની ધાક છે.[૪૨] છતાં આ કોઈ યુદ્ધપ્રસંગ નથી પણ મલ્લયુદ્ધ છે અને મલ્લયુદ્ધવિષયક કીચકની ક્ષમતાના કશા ઉલ્લેખો મળતા નથી. એક રીતે જોઈએ તો, ભીમ-જીમૂત કરતાં કીચક-જીમૂતનું યુદ્ધ વધુ સ્વાભાવિક લાગે. છતાં એ દિશામાં કથાવર્ણન કેમ થયું નથી તેનું કોઈ કારણ મળતું નથી. સમીક્ષિત આવૃત્તિનો આ ઉલ્લેખ મધ્યકાલીન રચનાઓ સાથે સરખાવી જોવા જેવો છે. તેની ખોટ મધ્યકાલીન કવિઓએ ભરપાઈ કરી આપી છે. વિરાટપર્વ પર આધારિત લગભગ બધી જ મધ્યકાલીન રચનાઓમાં ભીમ-જીમૂત યુદ્ધ પૂર્વે કીચક-જીમૂતના મલ્લયુદ્ધનું વર્ણન કરવામાં આવ્યું છે. (જુઓ પ્રકરણ : ત્રણ)

આ પરથી ધારણા કરી શકાય કે સમીક્ષિત આવૃત્તિની જેમ મધ્યકાલીન કવિઓ સામે પણ કીચક જીમૂતના યુદ્ધના ઉલ્લેખવાળી કોઈ જૂની અને એક સમાન પરંપરા હોવી જોઈએ.

કીચક-જીમૂતના યુદ્ધવર્ણનમાં મલ્લયુદ્ધના પારિભાષિક શબ્દો પ્રયોજાયા છે. 'ઘાતજાતક'માં પણ આ પ્રમાણે મલ્લયુદ્ધનું વર્ણન મળે છે.[૪૩] હરિવંશમાં આવતું કૃષ્ણચાણુરના મલ્લયુદ્ધનું વર્ણન આને મળતું છે.[૪૪] એ બતાવે છે કે મહાભારતકારને ધર્મ-તત્ત્વજ્ઞાન ઉપરાંત કળા અને અન્ય વિદ્યાશાખાઓની જેમ રમતગમત અને ક્રીડાશાસ્ત્રનું પણ જ્ઞાન હશે જ.

કીચકવધના પ્રસંગની પણ 'સભાપર્વ'ના છેલ્લા અધ્યાયો સાથે ઘણે અંશે સમાનતા જણાય છે. કીચક વિરાટની રાજસભામાં દ્રૌપદીની જે રીતે અવમાનના કરે છે તે દ્યૂતપ્રસંગે હસ્તિનાપુરની રાજસભામાં થયેલી દ્રૌપદીની કરુણ સ્થિતિનું પુનરાવર્તન જ લાગે છે. એ વખતે યુધિષ્ઠિર દ્યૂતમાં દ્રૌપદીને હારી ચૂક્યા હોય છે. દ્રૌપદી હવે દુર્યોધનની દાસી બની ચૂકી છે. દુર્યોધનના મતે તો દાસી સાથે ઇચ્છાનુસાર વ્યવહાર થઈ શકે.[૪૫] એટલે દ્રૌપદીને ભરસભામાં લઈ આવવા માટે પહેલાં તો તે પ્રતિકામીને મોકલે છે પરંતુ દ્રૌપદી આવવાને બદલે સામો પ્રશ્ન પુછાવે છે કે 'પેલા જુગારીને જઈને પૂછો કે પ્રથમ એ હાર્યા કે હું હારી ?'[૪૬] છેવટ દુર્યોધન દુઃશાસનને આજ્ઞા કરે છે, દુઃશાસન રજસ્વલા દ્રૌપદીના વાળ પકડી, તેને તાણતો સભામાં ઢસરડી લાવે છે.[૪૭]

વિરાટપર્વમાં પણ દ્રૌપદીને ફરજિયાતપણે મદ્યપાત્ર લઈ કીચકને આવાસે જવું પડે છે ત્યારે કીચક 'સુકેશી' એવા સંબોધન સાથે દ્રૌપદીનું સ્વાગત કરે છે.[૪૮] અહીં જ સૌથી મોટી વક્રતા રહી છે. એક વિશેષણ માત્રથી જ સભાપર્વની સમગ્ર ઘટનાના સંસ્કાર ચિત્તની સપાટી પર તરવા લાગે છે. આ પછી આ ઘટના પણ ઘણી બધી રીતે પૂર્વઘટનાની સમાંતરે જ ચાલે છે. સુકેશી કહીને દ્રૌપદીને આવકારનારો કીચક દ્રૌપદીના નકાર પછી તેના જમણા હાથને પકડી લે છે. દ્રૌપદી તેના હાથને છોડાવી રક્ષણાર્થે વિરાટની સભા તરફ દોડી જાય છે તે વખતે કીચક ભાગતી દ્રૌપદીના વાળ પકડી લે છે અને તેને જમીન પર પછાડી રાજાના દેખતા લાત મારે છે.[૪૯] દ્યૂતસભામાં દ્રૌપદી ઈશ્વરની પ્રાર્થના કરે છે અને ઈશ્વરકૃપાથી ને દિવ્ય સહાયથી તેની રક્ષા થાય છે, જ્યારે વિરાટપર્વમાં દ્રૌપદી સૂર્યની પ્રાર્થના કરે છે અને સૂર્યપ્રેષિત રાક્ષસ કીચકને દૂર ફેંકી દે છે એથી દ્રૌપદીનું રક્ષણ થાય છે.[૫૦] દ્યૂતસભા વખતે દ્રૌપદી રજસ્વલા હતી અને પરંપરાગત માન્યતા પ્રમાણે રજસ્વલા માટે સૂર્યદર્શન વર્જ્ય ગણવામાં આવે છે.[૫૧] એટલે એ સમયે દ્રૌપદી ઈશ્વરની પ્રાર્થના કરે છે જ્યારે વિરાટની રાજસભા વખતે દ્રૌપદી રજસ્વલા ન હોવાથી સંભવિત ભય ઉપસ્થિત થતાં તેને પહેલો વિચાર સૂર્યની પ્રાર્થના કરવાનો આવે છે. હોપકીન્સ તેમના ગ્રંથ 'Epic Mythology'માં લખે છે :

'The Kuru family is the object of special regard on the part of the (Sun) God, who gives Kunti (?) a copper dish of inexhaustible food and saves Krashna from Kicaka (here). The ancestor of the Kurus, Samvarana is a devout Sun-worshipper... '[૫૨]

દ્યૂતસભામાં દ્રૌપદીની અવમાનના વખતે ભીમ સૌથી વધુ ક્રોધિત થયો હતો અને યુધિષ્ઠિરના જુગારી હાથને અગ્નિમાં સળગાવી મૂકવા માટે તત્પર થઈ ગયો હતો.[૫૩] તેમ આ વખતે પણ ભીમ દ્રૌપદીના અપમાનને સહી શકતો નથી અને કીચકને મારવાની ઇચ્છાથી ક્રોધમાં પોતાના દાંત ભીંસવા લાગે છે. આ વખતે ઓળખાઈ જવાના ભયે યુધિષ્ઠિર તેને રોકે છે.[૫૪] ગોરખપુરની પ્રતમાં મળતા પ્રક્ષિપ્ત શ્લોક પ્રમાણે ક્રોધિત ભીમ કીચકને મારવા માટે જ્યારે વૃક્ષ તરફ દૃષ્ટિ કરે છે ત્યારે યુધિષ્ઠિર તેનો મનોભાવ સમજી જતાં કહે છે 'બલ્લવ, તું બળતણ માટે વૃક્ષને જોઈ રહ્યો છે ? રસોઈ માટે સૂકાં લાકડાં જોઈએ તો બહાર જઈને વૃક્ષથી લઈ લે પરંતુ જે લીલા વૃક્ષની શીતળ છાયામાં આશ્રય લઈને રહી શકાય એનું પાંદડું તોડવું એ પણ મોટો દ્રોહ છે.'[૫૫] અહીં રૂપકાત્મક રીતે આશ્રયદાતા વિરાટ માટે સંકટ ઊભું નહી કરવાનું યુધિષ્ઠિર સૂચવે છે.

હસ્તિનાપુરની દ્યૂતસભામાં અને વિરાટની રાજસભામાં દ્રૌપદી જે મર્મવેધક વચનો કહે છે તેની તુલના પણ કરી જોવા જેવી છે. અહીં પણ દ્રૌપદી દ્યૂતસભાની જેમ યુધિષ્ઠિર -પાંડવોના શૌર્યપરાક્રમ ઉપર વાક્પ્રહાર કરતા કહે છે : 'જેનું અપમાન કર્યા પછી અપમાન કરનાર જીવિત ન રહી શકે, સુખેથી સૂઈ ન શકે તેની હું પત્ની છું.' ... અને 'એ લોકો કઈ રીતે પોતાની પ્રિય પતિવ્રતા સ્ત્રીના આ અપમાનને જોઈ શકે છે. એ બળવાન હોવા છતાં શા માટે નપુંસકોની

જેમ ક્ષમા કરી રહ્યા છે ? એમનું તેજ, બળ, પરાક્રમ ક્યાં ગયાં?'[૫૬] દ્યૂતસભામાં જેમ વડીલ કુરુજનો અને ધૃતરાષ્ટ્રને ધર્મ-અધર્મનો ન્યાય કરવાનો પડકાર ફેંક્યો હતો તેનું પ્રતિબિંબ અહીં વિરાટને સંબોધીને દ્રૌપદી જે વચનો કહે છે તેમાં જોવા મળે છે.રાજા સ્વયં નિરપરાધણને માર ખાતી જોઈ રહ્યા છે અને કશો પ્રતિવાદ કરતા નથી, તેથી ધર્મ દૂષિત થાય છે. જે ધર્મસભાને શોભાસ્પદ નથી. જેમ કીચક ધર્મમાર્ગ પર નથી તેમ વિરાટ પણ નથી તથા જે રાજાની સેવા કરે છે (પાંડવો અને સભાસમસ્ત) તેઓ પણ અધાર્મિક છે.[૫૭] અહીં આ વખતે વિરાટ પણ 'તારા અને કીચકના ઝઘડાનું મૂળ વૃત્તાંત હું જાણતો નથી તો ન્યાય કેમ કરી શકું ?'[૫૮] એવો પાંગળો બચાવ કરે છે. પરંતુ દ્યૂતસભાની જેમ અહીં પણ સભાસદો દ્રૌપદીની પ્રશંસા અને કીચકની નિંદા કરે છે.[૫૯] એક સભાસદ કહે છે : 'આ વિશાલનયની, સર્વાંગસુંદરી જે કોઈની પણ પત્ની છે એને બધાં જ સુખ છે , એને ક્યારેય શોક થઈ શકે નહીં.'[૬૦] આ ઉક્તિ પ્રસ્તુત સંદર્ભમાં કેટલી વિડંબનાપૂર્ણ બની રહે છે !

આ વખતે યુધિષ્ઠિરને ક્રોધથી પરસેવો વળી જાય છે અને દ્રૌપદીને તત્કાળ સુદેષ્ણાના મહેલે જતા રહેવાનું કહે છે. કેમ કે અહીં રહેવાનું કોઈ પ્રયોજન નથી. 'પરાક્રમી પુરુષોની સ્ત્રીઓ પોતાના પતિનું અનુસરણ કરતાં અનેક દુઃખો સહે છે અને દુઃખો સહીને પણ પતિની સેવા કરનાર સ્ત્રીઓ જ પતિલોક પામે છે.'[૬૧] એવો ઉપદેશ આપે છે. યુધિષ્ઠિરની આ પ્રતિક્રિયાની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે એ કહે છે, 'મને લાગે છે કે તને સમયનું કોઈ ભાન નથી, એટલે નાચનારી જેમ બેશરમ થઈને સભામાં ઊભી છે, તથા રાજસભાની દ્યૂતરમતમાં અડચણ બને છે. તું અહીથી ચાલી જા.'[૬૨]

આ પ્રસંગને સરખાવતાં લાગે છે કે યુધિષ્ઠિર દ્યૂતસભા વખતે કુરુ વડીલોની હાજરીને લીધે વધુ સંયમિત હતા. તેમણે મૌન ધારણ કર્યું હતું એ વધુ સારું હતું નહીંતર તેમની દ્યૂતપ્રીતિ તે વખતે પણ તેમની પાસે આ પ્રકારનું બોલાવીને જ રહેત. કદાચ એ વખતે મનમાં રહી ગયેલી વાત આ રીતે અહી પ્રગટ થઈને જ રહે છે. આમ, બન્ને વખતે દ્રૌપદીના અપમાનના પ્રસંગે યુધિષ્ઠિર દ્યૂતપ્રવૃત્ત જ હોય છે. એટલે કે એમના જુગાર રમતી વખતે જ દ્રૌપદીના જીવનની સૌથી વધુ કરુણ ઘટનાઓ બબ્બે વખત બને છે. યુધિષ્ઠિરને પ્રત્યુત્તર રૂપે દ્રૌપદી પ્રગટ થઈ જવાના ભયને અવગણીને પણ કહે છે :' મારા પતિઓમાં જે મોટા છે તે દ્યૂતના જાણકાર છે એટલે કોઈ પણ તેમનો વિનાશ કરી શકે છે.'[૬૩] દ્રૌપદીનું આ વિધાન માત્ર સાંપ્રત ઘટનાને જ લાગુ પડતું નથી તેની અર્થચ્છાયા છેક તેર વરસ પહેલાંના ભૂતકાળની ઘટના સુધી ફેલાય છે. આ રીતે બન્ને ઘટનાઓ યુધિષ્ઠિરના ચિત્તમાં પણ એકબીજા સાથે જોડાઈ જાય છે. દ્રૌપદી ભીમસેન આગળ પણ કહે છે કે 'જેનો પતિ યુધિષ્ઠિર હોય તે કેવી રીતે શોકરહિત હોઈ શકે ... જે પોતાના સર્વ સુખ અને રાજ્ય સુધ્ધાં ગુમાવીને (આજેય)જુગાર રમ્યા કરે તેને અઠંગ જુગારી સિવાય બીજું શું કહી શકાય ? જેના દ્યૂતકર્મથી જ હું આજે અપાર દુઃખમાં પડી છું એ મોટાભાઈનો પહેલા દોષ ગણી તેનો તિરસ્કાર કરો.'[૬૪] દ્રૌપદી કીચકની સતામણીની જાણ - ફરિયાદ કરવા ભીમ પાસે જવા નીકળે છે ત્યારે 'નાથવતી' શબ્દ પ્રયોજાયો છે.[૬૫] દુઃખમાં દ્રૌપદીને ભીમના સ્મરણમાત્રથી સનાથપણાનો ભાવ થાય છે. દ્રૌપદીની કરુણ, દુઃખી નિયતિના સંદર્ભમાં મહાભારતકારે 'નાથવતી અનાથવત્' એવા શબ્દો અનેક વાર પ્રયોજ્યા છે; પરંતુ ભીમ જ્યારે જ્યારે રક્ષક તરીકે ઉપસ્થિત થયો છે ત્યારે ત્યારે તેને સનાથપણાનો અનુભવ થયો છે. આ વખતે પણ દ્રૌપદીને સ્વાભાવિક રીતે ભૂતકાળની દ્યૂતસભાની અને જયદ્રથ દ્વારા હરણની દુર્ઘટનાઓનું સ્મરણ થાય છે, ભીમે જયદ્રથ અને જટાસુરથી પોતાનું રક્ષણ કર્યું હતું તે પણ જણાવે છે અને એ રીતે આ વખતે પણ પત્ની રક્ષા કરવાનું કહે છે. પત્નીરક્ષાના ધર્મને દ્રૌપદી ભીમ સમક્ષ આ રીતે પ્રગટ કરે છે :'સ્ત્રીની રક્ષા કરવાથી જ સંતાનની રક્ષા થાય છે ને સંતાનની રક્ષા કરવાથી પોતાના આત્માનું રક્ષણ થાય છે એવું વેદવિદોનું કહેવું છે. માટે સ્ત્રીરક્ષા હેતુ શત્રુઓનો નાશ કરવો ક્ષત્રિયોનો ધર્મ છે.'[૬૬] વનપર્વમાં પણ આવો જ શ્લોક મળે છે. આમ, દ્યૂતસભા, જયદ્રથ અને જટાસુર દ્વારા દ્રૌપદીનું હરણ તથા વિરાટની સભામાં કીચકનો દુવર્તાવ : આ

બધી ઘટનાઓમાં દ્રૌપદીના સ્ત્રીત્વનું અપમાન એ સર્વસામાન્ય છે. મહાભારતકાર પણ તેની સમાનતા પ્રગટે એ રીતે અહી તેને એક સાથે મૂકી આપે છે.

ભીમ ભૂતકાળની જેમ આ વખતે પણ કીચક અને ઉપકીચકોનો નાશ કરી દ્રૌપદીનું રક્ષણ કરે છે. દ્યૂતસભા વખતે પણ દુઃશાસન દ્વારા દ્રૌપદીની દુર્દશા જોઈ ભીમે, દુઃશાસનનું હૃદય ચીરી નાખી તેનું રુધિરપાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.[૬૭] વળી, દુર્યોધન જ્યારે પોતાના સાથળ દેખાડી દ્રૌપદીને તે સ્થાન પર બેસવાનો સંકેત કરે છે ત્યારે પણ ભીમ મહાયુદ્ધમાં ગદા વડે દુર્યોધનના સાથળ ભાંગી નાખવાની પ્રતિજ્ઞા કરે છે.[૬૮] આમ, આ બન્ને પ્રસંગોનો અંત પણ સમાન રીતે રજૂ કરવામાં આવ્યો છે. કીચકવધ જેમ જ દુઃશાસન, દુર્યોધનવધમાં એની પરિણતિ આવે છે. ભીમ પોતાના હાથે જ બધા કૌરવો અને કીચકોને મારે છે. તેમાં પણ વડો કીચક અને દુઃશાસનની તો તે જે રીતે ક્રૂર હત્યા કરે છે, તેમાં પણ કેટલેક અંશે સામ્ય જણાય છે. અહી આશ્ચર્યજનક રીતે કૌરવો અને કીચકોની સંખ્યાનો આંકડો પણ મળતો આવે છે.

ગોગ્રહણ

કીચકવધ પછી અજ્ઞાતવાસ પૂરો થવા આડે માત્ર તેર દિવસ રહે છે.[૬૯] આ તેર દિવસો કશી ઘટના શાન્તિથી પસાર થઈ શક્યા હોત પણ તેમ બનતું નથી. આ અંતિમ તબક્કામાં જ વિરાટપર્વની સૌથી મહત્ત્વની ઘટના બને છે, તે કુરુક્ષેત્રના યુદ્ધ સાથે તુલના કરી આપવા માટેનાં કેટલાક સમાન પ્રસંગો પૂરા પાડે છે.

કીચકનું મૃત્યુ કથાનકના વિકાસ માટે મહત્ત્વનું બની રહે છે. કીચક કામાંધ હોવા ઉપરાંત એક કુશળ સેનાપતિ પણ હતો. તેણે ત્રિગર્તોને અનેક વાર હરાવ્યા હતા. કીચકવધના સમાચાર દુર્યોધનની સભામાં આવે છે ત્યારે ત્રિગર્તોનો રાજા સુશર્મા ઉપસ્થિત હોય છે. તે તક જોઈને કીચકના મૃત્યુથી નબળા પડેલા વિરાટ પર આક્રમણ કરી તેમની ગાયોનું હરણ કરવાનો પ્રસ્તાવ મૂકે છે. દુર્યોધનનો પણ તેમાં સ્વાર્થ હોય છે. પાંડવોની શોધનો હેતુ એ રીતે કદાચ પાર પડી શકે તેમ વિચારી દુર્યોધન સુશર્માના પ્રસ્તાવને અનુમોદન આપે છે. વિરાટનગર પર આક્રમણ કરી તેમની ગાયોનું હરણ કરી લેવામાં આવે છે. દક્ષિણ દિશાએ ગાયોનું રક્ષણ કરતા, યુદ્ધ દરમ્યાન વિરાટ રાજા પકડાય છે. ભીમ તેમને છોડાવે છે અને સુશર્માને બંદી બનાવી યુધિષ્ઠિર પાસે લાવે છે, યુધિષ્ઠિર તેને ક્ષમા આપે છે.

આ પ્રસંગ સાથે આરણ્યકપર્વનો ઘોષયાત્રાવાળો પ્રસંગ સરખાવી શકાય એમ છે. કૌરવો ઘોષયાત્રાના બહાને વનમાં આવે છે. ગાયોની સંખ્યાની ગણતરી કરવામાં આવે છે. ગોવાળોને મળવામાં આવે છે, પરંતુ આ તો ગૌણ પ્રયોજન હતું. એ પછી કૌરવો પાંડવોને કષ્ટ પહોંચાડવાના મુખ્ય પ્રયોજનને સિદ્ધ કરવા માટે દ્વૈતવનમાં જાય છે. એ વખતે યુધિષ્ઠિર યજ્ઞ કરી રહ્યા હોય છે અને યજ્ઞ તથા પાંડવોના રક્ષણ માટે કુબેરે ગંધર્વો મોકલ્યા હોય છે તે કૌરવોને વનપ્રવેશ કરતા રોકે છે. ગંધર્વો સાથે કૌરવોનું ઘોર યુદ્ધ થાય છે. કર્ણ યુદ્ધમાંથી ભાગી જાય છે. દુર્યોધન-દુઃશાસન વગેરેને ગંધર્વો પકડીને કેદ કરી લે છે. કૌરવસ્ત્રીઓ યુધિષ્ઠિર પાસે જઈ આશ્રય માગે છે. યુધિષ્ઠિરના કહેવાથી ભીમ-અર્જુન ગંધર્વો સાથે યુદ્ધ કરી કૌરવોને છોડાવે છે, આમ આ ઘટનાનું સીધું પ્રતિબિંબ સુશર્માને કેદ કરી ભીમ વિરાટને મુક્ત કરે છે, એમાં જોઈ શકાય છે.

ગોગ્રહણ નિમિત્તે ગૌરક્ષાનું પાલન એ ક્ષત્રિયનું કર્તવ્ય છે. અહીં પણ આદિપર્વની આવી એક ઘટના સાથે સામ્ય જોઈ શકાય છે.[૭૦] એક વખત કોઈ બ્રાહ્મણની ગાયોને ચોર ઉઠાવી જાય છે. બ્રાહ્મણ ઇન્દ્રપ્રસ્થમાં પાંડવોની પાસે આવી ગૌરક્ષા કરવાનું, પોતાની ગાયો પાછી મેળવી આપવાનું કહે છે. અર્જુન બ્રાહ્મણને સધિયારો આપે છે. પરંતુ પોતાનાં આયુધ યુધિષ્ઠિરના આવાસમાં પડ્યા હોવાથી તે લેવા જતાં નિયમભંગ થશે પરિણામે બાર વર્ષ સુધી બ્રહ્મચારી બની

વનવાસ સહેવો પડશે એવું વિચારે છે.[૭૧] બીજી બાજુ બ્રાહ્મણ અને ગાયની રક્ષા ન કરવાથી પણ મોટો અધર્મ થાય. પાંડવો ત્રાહિતના રક્ષકો નથી એ વાત ફેલાઈ જાય અને ક્ષત્રિયને લાંછન લાગે. એ તો નિયમભંગ કરતાં પણ વધુ કષ્ટદાયી છે એમ વિચારી અર્જુન યુધિષ્ઠિરના આવાસમાંથી શસ્ત્રો લાવી, બ્રાહ્મણોની ગાયોને ચોરો પાસેથી પાછી મેળવી આપે છે. એ રીતે અહીં વિરાટપર્વમાં પણ અર્જુન, પોતે ઓળખાઈ જશે અને અજ્ઞાતવાસની શરતનો ભંગ થશે તેની પરવા કર્યા વિના, ઉત્તરગોગ્રહ દરમ્યાન ગૌરક્ષાના ક્ષત્રિયધર્મનું પાલન કરે છે.

આ ઉત્તરગોગ્રહ નિમિત્તે થતું યુદ્ધ તો જાણે કુરુક્ષેત્રના મહાયુદ્ધની લઘુઆવૃત્તિ જ લાગે છે. દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ પછી આ પહેલું યુદ્ધ છે. એ રીતે કુરુક્ષેત્રયુદ્ધ પૂર્વે દિવ્યાસ્ત્રોના પ્રભાવને સ્પષ્ટ કરવા માટે તે પ્રયોજાયું હોય એમ પણ કહી શકાય.

ઉત્તર ગોગ્રહ યુદ્ધની સઘળી જવાબદારી આમ તો વિરાટપુત્ર ઉત્તરકુમાર ઉપર છે, પરંતુ સાચા અર્થમાં તો અર્જુન જ પ્રતિઆક્રમણ અને પ્રતિકાર કરે છે. ઉત્તર આમ તો વિલાસી પ્રકૃતિનો યુવાન છે. ગાયોના હરણની ખબર સાંભળીને પહેલાં તો તે ક્ષત્રિયોચિત ઉદ્ગાર કાઢે છે. તેની આ ઉક્તિ સ્ત્રીઓ વચ્ચે કરવામાં આવેલી ડંફાસ જ હતી. તેની જાણ આપણને ત્યારે થાય છે જ્યારે તે કૌરવસેનાને નજરે જુએ છે. કૌરવસેનાને જોતાંવેંત એક ભીરુ કાયર યુવાન તરીકેનું તેનું સાચું રૂપ પ્રગટ થાય છે. કર્ણ, દુર્યોધન, કૃપાચાર્ય, ભીષ્મ, અશ્વત્થામા અને દ્રોણ વડે રક્ષાયેલી હાથી, ઘોડા અને રથથી ભરપુર વિશાળ સેના જોઈ ભયથી તેનાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

કુરુક્ષેત્ર યુદ્ધ વખતે અર્જુનની પણ આવી સ્થિતિ થાય છે, પરંતુ અર્જુન વીર હતો એટલે સામે પક્ષે મહાન યોદ્ધાઓ હતા એ કારણે તે પીછેહઠ કરવા માગતો નથી. સામે આટલા બધા સ્વજનો, ગુરુજનો હોય તો શા માટે એવું યુદ્ધ કરવું જોઈએ એવો પ્રશ્ન તેને થાય છે. તેમની સામે યુદ્ધ ન કરવાનો તે નિશ્ચય કરે છે. તે વખતે કૃષ્ણ અર્જુનને ગીતાજ્ઞાનનો ઉપદેશ આપીને તેને પુનઃ કર્તવ્યપથ પર લાવે છે અને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરે છે. એ વખતે કૃષ્ણ અર્જુન માટે 'ક્લૈબ્યઃ' શબ્દ પણ પ્રયોજે છે.[૭૨] અહીં ઉત્તર ગોગ્રહ વખતે અર્જુન ઉત્તરકુમારને એ જ રીતે પ્રોત્સાહિત કરે છે. વિરાટપર્વના યુદ્ધમાં અર્જુન ઉત્તરનો સારથિ બને છે તો મહાભારત યુદ્ધમાં કૃષ્ણ અર્જુનના સારથિ છે. સારથિ જ યોદ્ધાને પ્રોત્સાહિત કરે તે બન્ને સ્થળે જોવા મળે છે. એક રીતે કહીએ તો અર્જુનની ભૂમિકા ઉત્તરને ફાળે અને કૃષ્ણની ભૂમિકા અર્જુનને ફાળે આવી છે. આમ, મહાયુદ્ધને આરંભે થતો અર્જુનનો વિષાદયોગ વિરાટપુત્ર ઉત્તરની સમાન સ્થિતિ અને પ્રતિક્રિયામાં પ્રતિબિંબિત થાય છે.

વિરાટપર્વને પાદરે ગાયો માટે ખેલાયેલું યુદ્ધ બીજી કેટલીક રીતે મહાભારતના કુરુક્ષેત્રના યુદ્ધ સાથે સમાનતા ધરાવે છે. અહીં પણ કુરુક્ષેત્ર યુદ્ધની જેમ કૌરવસેનાની દોરવણી ભીષ્મ કરે છે. અર્જુન પણ યુદ્ધનો આરંભ કરતાં પહેલાં બાણ દ્વારા દ્રોણ-ભીષ્મની પૂજા કરે છે અને તેમની આજ્ઞા માગે છે. વળી, દ્રોણ,કર્ણ, અશ્વત્થામા, દુર્યોધન વગેરે વચ્ચેનો આંતરિક સંઘર્ષ આ વખતે પણ પ્રગટ થાય છે ત્યારે યોગ્ય રીતે જ પૂર્વ પ્રસંગોના ઉલ્લેખો તેમની વચ્ચે કલહ ઊભો કરે કરે છે. એથી કલહની તીવ્રતા પણ વધતી જાય છે. ભીષ્મ હમેશની જેમ આ વખતે પણ વિખવાદને શમાવે છે. દ્રોણ, કૃપાચાર્ય વગેરે પણ દુર્યોધનનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી સમજે છે.

આ સાથે પાંડવો ઓળખાયા છે કે નહી અને શરતભંગ થયો છે કે નહીં તે પ્રશ્નને પણ સાંકળી લેવામાં આવે છે. ભીષ્મ સાથે ગમે તે મતભેદ હોવા છતાં દુર્યોધન આ બાબતનો નિર્ણય કરવાનું તેમને સોંપે છે. ભીષ્મ પાંડવોની તરફેણમાં ચુકાદો આપે છે. પરંતુ પાંડવો જ એ હકીકતથી અજાણ હોય છે. દુર્યોધન પણ અહીં જ, સૌથી પહેલી વાર, પાંડવોએ શરત પૂર્ણ કરી હોવા છતાં રાજ્યભાગ નહીં આપવાનું જાહેર કરે છે અને પાંડવો સાથે ભવિષ્યમાં ક્યારેય સમજૂતી નહીં કરવાનો પોતાનો નિર્ણય પ્રગટ કરે છે. એટલે યુદ્ધ અનિવાર્ય બની રહે છે. આને આપણે ઉદ્યોગપર્વમાંની વિષ્ટિકાર્યની નાની આવૃત્તિ જ ગણી શકીએ. વિષ્ટિકાર્યમાં યુદ્ધને નિવારવા માટે યુધિષ્ઠિર છેવટ પાંચ ગામની જ માગણી કરીને

સમાધાન માટે તૈયાર થાય છે. વિરાટપર્વના અજ્ઞાતવાસ દરમ્યાન બધાં એક જ ગામમાં રહી શક્યા હોય છે. એટલે યુધિષ્ઠિર દ્વારા મૂકવામાં આવેલા આ પ્રસ્તાવથી આશ્ચર્ય થતું નથી.

વિરાટપર્વના યુદ્ધસંદર્ભમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે આ યુદ્ધમાં અર્જુન એકલે હાથે જ કૌરવસેનાને હરાવે છે અને કુરુક્ષેત્રમાં જે કૌરવસેનાનું નેતૃત્વ કરનારા હતા તે ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા ઉપરાંત કૃપાચાર્ય, દુઃશાસન, દુર્યોધન અને અન્ય મહારથીઓનો દ્વૈરથ યુદ્ધમાં પરાજય કરે છે. અર્જુને આ વિજય કૃષ્ણની દોરવણી વિના જ મેળવ્યો હોય છે. એટલે તેનું વિશેષ મહત્ત્વ છે. કુરુક્ષેત્ર યુદ્ધને ટાળવા માટે અને સંધિનો સ્વીકાર કરવા માટે, દુર્યોધનને સમજાવતી વખતે ભીષ્મ આદિ મહાનુભાવો ગોગ્રહણ યુદ્ધનું દૃષ્ટાંત આપે છે. તેમાં પણ આ યુદ્ધનું મહત્ત્વ અને અસરકારકતા જણાઈ આવે છે.

વિરાટપર્વના યુદ્ધને અંતે અર્જુન મોહાસ્ત્રનો પ્રયોગ કરે છે અને કૌરવ મહારથીઓ સમેત સકળ સેના યુદ્ધભૂમિમાં જ નિદ્રાધીન થાય છે. દ્રોણપર્વમાં પણ અર્જુન શ્રમિત યોદ્ધાઓને યુદ્ધનિવૃત્ત થવાનું કહે છે તે વખતે નિદ્રાવશ યોદ્ધાનું જે ચિત્ર આંકવામાં આવ્યું છે[૭૩] તેને મોહાસ્ત્રના પ્રભાવ પછીના ચિત્ર સાથે સરખાવી શકાય. વળી, મોહાસ્ત્રના પ્રભાવથી ભીષ્મ મૂર્છિત થતા નથી એવું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેનો સંકેત પછીથી ભીષ્મપર્વના અંતે જોઈ શકાય છે. કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં પણ ભીષ્મ મૃત્યુ પામતા નથી પરંતુ દિવસો સુધી શરશય્યા પર પોઢેલા રહે છે.

કૌરવસેના પર વિજયના સમાચાર જ્યારે નગરમાં પહોંચે છે ત્યારે સ્વાભાવિક રીતે જ યુધિષ્ઠિર પોતાનો હર્ષ છુપાવી શકતા નથી. આજ સુધીમાં કૌરવો ઉપરનો આ પહેલો મહત્ત્વનો વિજય છે. હવે રાજ્યપ્રાપ્તિ માટે તેમના મનમાં કોઈ આશંકા રહી નહોતી. તેમનો આ ઉમળકો વિરાટ સમક્ષ પ્રગટ થાય છે. વિરાટ કૌરવસેના પરના વિજયને પોતાના પુત્ર ઉત્તરનું જ પરાક્રમ માને છે જ્યારે યુધિષ્ઠિર બૃહન્નલાનો પક્ષ લે છે. દેખીતી રીતે આ તો રાજપુત્રનું અપમાન કહેવાય. રાજકુમારની ભર્ત્સનાને રાજા સાંખી શકે નહીં, એટલે વિરાટ પાસાનો છુટ્ટો ઘા કરે છે, ને યુધિષ્ઠિરના લલાટમાંથી લોહી નીકળે છે.

આ સાથે પૂર્વે બની ગયેલો ઘોષયાત્રાનો એક પ્રસંગ પણ સરખાવી જોવા જેવો છે.[૭૪] ચિત્રસેન ગંધર્વ સાથેના યુદ્ધ દરમ્યાન કર્ણ ભાગી જાય છે, દુર્યોધન કેદ પકડાય છે, પરંતુ યુધિષ્ઠિરના કહેવાથી ભીમ-અર્જુન તેને છોડાવે છે. એ પછી લજ્જિત દુર્યોધનને કર્ણ મળે છે ત્યારે કર્ણ દુર્યોધન યુદ્ધમાં ગંધર્વોને જીતીને જ આવ્યો છે એમ માની તેને ધન્યવાદ આપે છે. આ પૂર્વપ્રસંગનું અહીં સીધું પ્રતિબિંબ પડ્યું હોય તે પ્રકારનું આલેખન થયેલું જણાય છે.

આ ઉપરાંત કર્ણપર્વની બીજી એક ઘટનાનો પૂર્વસંકેત પણ આ પ્રસંગમાંથી પ્રગટ થાય છે.[૭૫] કર્ણ યુદ્ધમાં યુધિષ્ઠિરને પરાજિત કરી કટાક્ષયુક્ત વચનો કહે છે; અને કુંતાને આપેલા વચનનું સ્મરણ કરી તેમને જીવતા જવા દે છે. આ પછી અર્જુન જ્યારે યુધિષ્ઠિર પાસે જાય છે ત્યારે તે કર્ણને મારી નાંખીને જ આવ્યો છે તેમ યુધિષ્ઠિર માને છે. પરંતુ હકીકત જાણી તે અર્જુનના પરાક્રમ પર કટાક્ષ કરે છે ને ગાંડીવ ધનુષ્ય અન્ય કોઈને આપી દેવાનું કહે છે. જો કોઈ ગાંડીવનો ત્યાગ કરવાનું કહે તો તેનો વધ કરવો એવી પ્રતિજ્ઞાથી બદ્ધ અર્જુન યુધિષ્ઠિરનો વધ કરવા ઉદ્યુક્ત થાય છે. આ કટોકટીને કૃષ્ણ શમાવે છે. અહીં જો કે એક બીજો વિરોધાભાસ જોવા મળે છે. યુધિષ્ઠિરનું લોહી યુદ્ધભૂમિ સિવાય જો કોઈ વહેવડાવે તો તેને મારી નાખવાની પ્રતિજ્ઞા આ જ અર્જુને કરી હતી.

આ ઉપરાંત વિરાટપર્વની અન્ય કેટલીક વિગતો અને વર્ણનખંડોની તુલના પણ સમગ્ર મહાભારત સાથે કરી શકાય તેમ છે. અહીં માત્ર એક ઉદાહરણ નોંધીએ. જેમ કે, ભીમ સમક્ષ દ્રૌપદી પાંચે પાંડવોની સ્થિતિનું જે વર્ણન કરે છે તે ખંડ આરણ્યકપર્વના એવા જ વર્ણનખંડ સાથે સરખાવી શકાય તેમ છે.[૭૬] આમ, વિરાટપર્વની મુખ્ય ઘટનાઓ ઉપરાંત કેટલાક વર્ણનખંડો પણ મહાભારતના આરંભથી તે છેક અંત સુધી લંબાય છે અને એકમેક સાથે સંકળાઈ જાય છે.

અહીં આપણને પ્રશ્ન થાય છે કે વિરાટપર્વમાં પૂર્વે બની ગયેલા પ્રસંગોનું પુનરાવર્તન કરવા પાછળ કયું પ્રયોજન છે ? હોપકિન્સ પણ તેમના 'ધ ગ્રેટ એપિક ઑફ ઇન્ડિયા'માં આવા પ્રસંગોના પુનરાવર્તનનો નિર્દેશ કરે છે.[૭૭] પરંતુ અહીં યાદ રાખવું જોઈએ કે વિરાટપર્વમાં માત્ર પૂર્વપ્રસંગોનું જ નહીં છેક કુરુક્ષેત્રયુદ્ધના અંત સુધીની પરવર્તી ઘટનાઓનું પ્રતિબિંબ પણ ઝિલાયું છે. એટલે કે પછીની ઘટનાઓનો સંકેત પણ વિરાટપર્વમાં જોઈ શકાય છે. આનો ખુલાસો એક રીતે એવો આપી શકાય કે વિરાટપર્વની રચના મહાભારત પછીનાં તબક્કે થઈ હોય. કેટલાક વિદ્વાનોનું પણ આ પ્રકારનું માનવું છે. જ્યારે કેટલાક વિદ્વાનો વિરાટપર્વની રચના મહાભારત પૂર્વે થઈ હશે તેમ માને છે. આ બન્ને ધારણાઓ તો જ સ્વીકાર્ય બને કે જો વિરાટપર્વ અને મહાભારતના રચયિતાઓ જુદા જુદા સમયે થઈ ગયા હોય અને તેમની સામે એક અથવા બીજો નમૂનો હોય જેને આધારે તેમણે આ પ્રકારનો સભાન પ્રયત્ન કર્યો હોય.

આ સાથે મહાભારતની પાઠ પરંપરાનો સંદર્ભ મૂકી જોવા જેવો છે. પરંપરામાં પણ મહાભારતના પાઠનો આરંભ આદિપર્વથી નહીં પરંતુ વિરાટપર્વથી કરવામાં આવતો હતો. આ પ્રણાલિકા પણ મહાભારતના કેન્દ્રમાં રહેલા વિરાટપર્વ તરફ જ સંકેત કરે છે. વિરાટપર્વની સમીક્ષિત આવૃત્તિના સંપાદક નારાયણ ઉત્ગીકર તેમની પ્રસ્તાવનામાં કહે છે : 'I pass by that view which is disposed to regard the whole of the Virat Parvan itself as a big interpolation in the midst of the M.Bh. such an issue if at all it can be raised can be raised only when we are dealing with the growth and the formation of the M.Bh. itself; and before it can be urged, it will have to be satisfactorily established that the original nucleus of the Bharat story contained no trace of any of the incidents described in this parvan. This view alas orignally started by Holtzmann (Das MahaBartata, 1893. II, 98) and amplified by Hopkins (Great Epic of India, 1902, p. 382-) since than it has found support from Luders and Winternitz.."[૭૮]

આપણે ત્યાં પણ એ.ડી.શાસ્ત્રી અને કૃષ્ણચૈતન્યે પણ આ દિશામાં થોડું કામ કર્યું છે.

વિરાટપર્વ અને મહાભારત વચ્ચે જોવા મળતી આવી ઘટનાઓ અને તેની સંરચનાની સમાનતા આપણે સહજતાથી અવગણી શકીએ એવી સામાન્ય પ્રકારની નથી. મહાભારતના સંદર્ભમાં જોઈએ તો વિરાટપર્વની આ ઘટનાઓ મહાભારતના મુખ્ય કથાનકનું નિર્માણ કરવામાં સૌથી વધુ મહત્ત્વની બની રહે છે. એટલે કે વિરાટપર્વને આધારે જ મહાભારતના કથાનકનો વિકાસ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વિરાટપર્વની ઘટનાઓના વિકાસ રૂપે, તેના વિસ્તૃત રૂપે જ મહાભારત આપણી સામે આવે છે. એ અર્થમાં વિરાટપર્વ મહાભારતના કેન્દ્રમાં ગર્ભરૂપે રહ્યું છે, તેમ કહી શકાય. એક રીતે તેને મહાભારતની લઘુઆવૃત્તિ તરીકે પણ ઓળખાવી શકાય. અહીં દેખીતી રીતે સ્થૂળ પણ અવગણી ન શકાય તેવી, મહાભારતમાં રહેલી 'મહા' અને વિરાટપર્વમાં રહેલી 'વિરાટ' એવી શીર્ષક સંજ્ઞાઓની સમાનતા પણ આપણને આ દિશા તરફ સંકેત કરે છે.

વિરાટપર્વ એ જો મહાભારતની લઘુઆવૃત્તિ -લઘુરૂપ હોય તો આપણે કલ્પના કરી શકીએ કે મહાભારતનું પહેલું મૂળ રૂપ 'જય' કાવ્ય અને વિરાટપર્વ વચ્ચે કેવો સંબંધ હશે ? આ પ્રશ્નનો કોઈ ઉત્તર 'જય' કાવ્યના અભાવને લીધે આપી શકાય તેમ નથી. (આપણે ત્યાં કે.કા. શાસ્ત્રીએ જયસંહિતા તારવવાનો પ્રયત્ન કર્યો છે.) પરંતુ ધારણા જરૂર કરી શકાય કે મહાભારત સાથે પણ જો વિરાટપર્વનું આટલા બધા અંશે સામ્ય હોય તો 'જય' કાવ્ય અને 'વિરાટપર્વ' પરસ્પર વધુ નિકટ હોઈ શકે. કદાચ કથાનક અને યુદ્ધવૃત્તાંતની બાબતમાં મહાભારતનું મૂળ રૂપ 'જય' વિરાટપર્વથી ખાસ ભિન્ન નહીં હોય.

આ ધારણાના પક્ષમાં મહાકવિ ભાસકૃત 'પંચરાત્ર' નાટક અને પ્રહ્લાદનદેવકૃત 'પાર્થપરાક્રમવ્યાયોગ' જેવી કૃતિઓને રજૂ કરી શકાય.

ભાસકૃત 'પંચરાત્ર'

ભાસકૃત મહાભારત આધારિત છ નાટકોમાં 'પંચરાત્ર' એ એક મહત્ત્વનું નાટક છે. મહાભારતનાં વિરાટપર્વની ઘટનાઓને આધારે પંચરાત્રની રચના કરવામાં આવી છે. દ્યૂતની શરત મુજબ પાંડવોને બાર વર્ષ વનવાસ અને તેરમું વર્ષ અજ્ઞાતવાસમાં પસાર કરવાનું છે. એ શરતપાલન માટે પાંડવો અને દ્રૌપદી વેશપલટો કરીને વિરાટનગરમાં રહે છે. વર્ષને અંતે કૌરવો સાથે ત્યાં યુદ્ધ થાય છે. કીચકવધ જેવા પ્રસંગો પણ અજ્ઞાતવાસ દરમ્યાન બને છે. આમ, કૌરવ-પાંડવોની કથા, તેરમે વર્ષે પાંડવોનો વિરાટનગરમાં ગુપ્તવાસ, કીચકવધનો ઉલ્લેખ, ગોગ્રહણ પ્રસંગનું યુદ્ધ અને ઉત્તરા-અભિમન્યુના વિવાહની ઘટના - આટલા પ્રસંગો 'પંચરાત્ર'માં કાંતો બને છે, કાં સૂચવાય છે તે વિરાટપર્વની કથા પર આધારિત છે.

આ કથાનક સાથે 'પંચરાત્ર'માં ભાસે દુર્યોધને કરેલા યજ્ઞનો પ્રસંગ સાંકળી લીધો છે. મહાભારતના આરણ્યકપર્વમાં દુર્યોધન વિષ્ણુયાગ કરે છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે, એટલે તેને પણ મહાભારતનો આધાર છે. જો કે ભાસ તેનો ક્રમ બદલી અહીં વિરાટપર્વ સાથે તેને સાંકળી લે છે. એથી સમગ્ર કથાનક જુદી દિશા તરફ ગતિ કરે છે. આ યજ્ઞ નિમિત્તે દુર્યોધન આચાર્ય દ્રોણને ગુરુદક્ષિણામાં અરધું રાજ્ય આપવાનું સ્વીકારે છે. પરંતુ શકુનિની સલાહ પ્રમાણે પાંડવોની ભાળ પાંચ રાત્રિની અંદર મળવી જોઈએ એવી શરત પણ રાખવામાં આવે છે. આ દરમ્યાન વિરાટનગર ગયેલો દૂત આવે છે અને કીચકવધને લીધે વિરાટ યજ્ઞમાં આવી શકયા નહોતા તેમ જણાવે છે. ભીષ્મને એ ભીમનું કામ હોવાનું પ્રતીત થાય છે અને દ્રોણને શરત સ્વીકારી લેવાનું કહે છે. આ પછી ભીષ્મ વિરાટ સાથે પોતાનું ગુપ્ત વેરનું બહાનું કાઢી ગૌગ્રહણનો પ્રસ્તાવ મૂકે છે, તેમના મનમાં એમ છે કે કૌરવો વિરાટને ત્યાં ગોધનનું હરણ કરવા જાય તો ત્યાં કદાચ અજ્ઞાતવાસમાં રહેલા પાંડવો વિરાટના ઉપકારનો બદલો વાળવા જરૂર યુદ્ધ કરશે અને આ રીતે તેઓ પ્રગટ થઈ જશે. આથી પંચરાત્રની શરત પણ પૂરી થઈ જશે.

'પંચરાત્ર'ના બીજા અંકમાં તો વિરાટનગરમાં થયેલા ગોગ્રહણયુદ્ધનું કથાનક જ વર્ણવવામાં આવ્યું છે. અહીં પણ ભીમ-અર્જુન યુદ્ધમાં કૌરવોને હરાવીને ગોધનને પાછું વાળે છે. એ રીતે તે વિરાટપર્વની ઘટનાને જ રજૂ કરતો અંક છે. અહીં સૌથી મોટો ફેરફાર એ છે કે અભિમન્યુ કૌરવપક્ષે લડે છે. એથી ઉત્તરા સાથે અભિમન્યુના વિવાહના સંદર્ભમાં તેને ઉપસ્થિત રાખવાનું પ્રયોજન પણ સિદ્ધ થઈ જાય છે. વળી, 'પુત્ર દ્વારા અભિજ્ઞાન' એ પ્રચલિત કથાઘટકની શક્યતા પણ અહીં જોવા મળે છે. જે ભાસે જ 'મધ્યમવ્યાયોગ'માં પ્રયોજ્યું છે. ઉત્તરરામચરિત, વિક્રમોવર્શીયમાં પણ તેનો વિનિયોગ થયો છે.

આખરે, પાંડવો ઓળખાય છે અને દુર્યોધન અરધું રાજ્ય તેમને આપે છે. દુર્યોધનના પ્રતિજ્ઞાપાલનને લીધે કુરુક્ષેત્રના મહાયુદ્ધની શક્યતા જ રહેતી નથી. એ વિના જ પાંડવોને રાજ્યભાગ મળી જાય છે. જો કે દ્રોણાચાર્યની પાંડવો માટે રાજ્યભાગની માંગણીને મહાભારતનો આધાર નથી. છતાં વિરાટપર્વના આ શ્લોકમાં તેનો સંકેત જોઈ શકાય :

> વિજ્ઞાય ક્રિયતાં તસ્માદ્ ભુયશ્ચ મૃગયામહ
>
> બ્રાહ્મણૈશ્ચારકૈઃ સિદ્ધૈર્યેચાન્યે તદ્વિદો જનાઃ (૪-૨૬-૧૦)

દ્રોણનું માનવું છે કે યુધિષ્ઠિર સામાન્ય દૂતોથી શોધી નહીં શકાય. કારણ કે સામાન્ય લોકો તેમની પવિત્રતા, તેજ, સત્ય જોઈને મોહ પામે છે. (૪-૨૬-૨૯) એટલા માટે (અમે) બ્રાહ્મણ સિદ્ધો અને તેમને જાણનારા (ઓળખી શકનારા)

લોકોથી તેમને શોધીશુ. અહીં દ્રોણ પાંડવોને શોધી લાવવાનો વિચાર રજૂ કરે છે. તેટલા માત્રથી ભાસની કૃતિને સમર્થન મળે છે. જો કે પાંચ રાત્રિઓમાં પાંડવોને શોધી કાઢવાની શરત નવીન કલ્પના છે. દુર્યોધને પાંડવોની શોધ માટે અનુચરો મોકલ્યા હતા તેવી વિરાટપર્વની વિગત પરથી કવિને તે સૂઝી આવી હોય તેમ બને; પરંતુ અહીં દુર્યોધને નહીં પરંતુ દ્રોણાચાર્યએ પાંડવોની ભાળ મેળવવાની રહે છે. એ ફેરફાર જ 'પંચરાત્ર'નું 'રહસ્ય' છે. આમ, મૂળ કથા અને તેમાં કરવામાં આવેલા ફેરફાર એમ બન્નેને આધારે જ 'પંચરાત્ર' ઊભું છે. પરંતુ આ નાટ્યકૃતિ (નો અંત) તો જ સ્વીકાર્ય બની શકે જો દ્રોણને ગુરુદક્ષિણામાં દુર્યોધન તરફથી મળેલું અડધું રાજ્ય પાંડવો સ્વીકારે. ગુરુને તો ગુરુદક્ષિણા આપવાની હોય અને એ રીતે તેમના ઋણમાંથી મુક્ત થવાનું હોય. આ જ તો પ્રાચીન ભારતીય પરંપરા છે. એનાથી વિરુદ્ધનું સત્ય સ્થાપવામાં ભાસ મહાભારતના એક કથાનકને વિસરી ગયા હોય એવું લાગે છે.

મહાભારતમાં જ આવતી પૂર્વકથા મુજબ પાંડવો-કૌરવોનો શસ્ત્રાભ્યાસ પૂરો થતાં ગુરુદક્ષિણામાં દ્રોણ દ્રુપદનું રાજ્ય માંગે છે, કેમ કે દ્રુપદ સાથે દ્રોણને જૂનું વેર હોય છે. પાંડવો દ્રુપદ રાજાનો પ્રદેશ જીતી લે છે અને તે દ્રોણને ગુરુદક્ષિણા રૂપે આપે છે. એ જ પાંડવો દ્રોણે દુર્યોધન પાસેથી ગુરુદક્ષિણામાં મેળવેલું રાજ્ય સ્વીકારે ખરા ? એવો પ્રશ્ન થાય. તો પછી આત્મનિર્ભર અને પરાક્રમી પાંડવો ગુરુના આશ્રિત બન્યા કહેવાય. આ સંદર્ભમાં આરણ્યક પર્વનો એક પ્રસંગ નોંધીએ.[૭૯]

વનમાં, પાંડવોને મળવા માટે કૃષ્ણ, બલરામ, સાત્યકિ યાદવો વગેરે આવે છે. એ વખતે પાંડવોની સ્થિતિ જોઈ બલરામને દુઃખ થાય છે. સાત્યકિ પણ યુદ્ધ કરી, કૌરવોને મારી રાજ્ય પ્રાપ્ત કરવાનું કહે છે અને યુધિષ્ઠિર જો પ્રતિજ્ઞાપાલનના સત્યનો આગ્રહ રાખે તો અભિમન્યુનો રાજ્યાભિષેક કરવો અને તેર વર્ષ પછી શરત પૂરી થયા પછી યુધિષ્ઠિર રાજ્ય સંભાળે તેવો વિચાર રજૂ કરે છે.

આ વખતે કૃષ્ણ સાત્યકિની પ્રશંસા કરે છે અને તેણે કહ્યું છે તે સત્ય છે એવું અનુમોદન આપે છે. પરંતુ યુધિષ્ઠિર સ્વબળે પ્રાપ્ત ન કરેલા રાજ્યનો સ્વીકાર કરશે નહીં અને પ્રતિજ્ઞા પૂરી થયા પહેલાં યુધિષ્ઠર લાલચ, ભય, કે લોભથી સ્વધર્મ છોડી યુદ્ધ કરવા નીકળશે નહીં. પાંડવો જ્યારે શત્રુઓનો સામનો કરતાં રણમેદાનમાં યુદ્ધ કરશે ત્યારે દુર્યોધન કોઈ રીતે ઊગરી શકશે નહીં. અહીં યુધિષ્ઠિર પણ સાત્યકિની પ્રશંસા અવશ્ય કરે છે. પરંતુ કૃષ્ણની વાતને અનુમોદન આપે છે અને એકલા કૃષ્ણ જ મને યથાર્થ રૂપમાં જાણી શક્યા છે એમ કહે છે. ધારો કે કુળસંહાર ન થાય એ એક જ ગણતરી પાંડવોને, ખાસ કરીને યુધિષ્ઠિરને આ સ્વીકારી લેવા પ્રેરે તેમ આપણે માની લઈએ તો જ 'પંચરાત્ર' નાટક પ્રતીતિજનક બને અને એ રીતે કુરુક્ષેત્રનું ભારતયુદ્ધ થયું જ નથી તેમ માનવું પડે. પરંતુ ભાસે જે દૂતવાક્ય, દૂતઘટોત્કચ, કર્ણભાર અને ઉરુભંગ જેવા નાટક એ યુદ્ધકથા પર આધારિત લખ્યાં છે તેનું શું ? ઉરુભંગમાં તો તેણે સો કૌરવોના મૃત્યુનો પણ ઉલ્લેખ કર્યો છે.

અહીં આપણને 'પંચરાત્ર' સંબંધી બીજા કેટલાક પ્રશ્નો પણ ઊભા થાય છે; જેમ કે યુદ્ધની ભીષણતા નિવારવાની કવિની મથામણ તેમને મહાકાવ્યથી ઘણે દૂર લઈ જાય છે ? મહાભારતનું યુદ્ધ થયું જ નથી એમ બતાવી ભાસ શું સિદ્ધ કરવા માગે છે ? મૂળ કથા સાથે આટલી બધી છૂટ લેવા પાછળ તેમને શું અભિપ્રેત છે ? આ ફેરફારને આપણે કવિની મૌલિક પ્રતિભાનું ફળ સમજવું કે કવિ સામે કોઈ જુદી પરંપરા રહી હશે તેમ માનવું ? એટલે કે એક બાજુ મૂળ સંસ્કૃત મહાભારત પરંપરા અને બીજી બાજુ કોઈ પ્રાદેશિક, ધાર્મિક કે બીજી કોઈ કંઠપરંપરાનું રૂપાંતર રહ્યું હશે ? એ બન્ને વચ્ચે મેળ સાધવાનો કવિનો પ્રયત્ન હશે ?

આમેય, મહાભારતની મોટા ભાગની ઘટનાઓને ઐતિહાસિક આધાર નથી, પણ બે કૂળ વચ્ચે આવું કોઈ યુદ્ધ એક વખતે થયું હતું તેમ કેટલાક વિદ્વાનોએ ઐતિહાસિક રીતે સાબિત કરી આપ્યું છે અને તે સર્વસ્વીકાર્ય પણ છે. અહીં પણ ભાસે ગૌગ્રહણ નિમિત્તે બે કૂળ વચ્ચે એવું યુદ્ધ તો બનતું બતાવ્યું જ છે. મહાભારતની મૂળ-પહેલી - આવૃત્તિ

'જય' પણ ઈતિહાસ કહેવાય છે. મહાભારતની ઉત્પત્તિ પણ આ યુદ્ધનું ગાન કરતાં કથાગીતોમાંથી- વીરગીતોમાંથી- થઈ છે તેમ માનવામાં આવે છે. (જુઓ પ્રકરણ બીજું) કીથ પણ ભાસના મહાભારતઆધારિત નાટકોને સ્પષ્ટ રીતે વીરકાવ્યોના ઋણી માને છે.[૮૦] આમ, ભાસે પોતાના નાટકમાં કરેલા ફેરફારો પ્રાચીન પરંપરા - કીથના મતે વીરગીતો - પર આધારિત હોઈ શકે. 'પંચરાત્ર'ને આધારે આપણે (મહા)ભારતનું યુદ્ધ થયું જ નથી એવું માની લઈએ તો વિરાટપર્વ એ મહાભારતની લઘુ આવૃત્તિ છે એવા વિચારને વધુ સમર્થન મળે.

પ્રહલાદનદેવકૃત 'પાર્થપરાક્રમવ્યાયોગ'

હવે આપણે બીજી એક સંસ્કૃત નાટ્યકૃતિ 'પાર્થપરાક્રમવ્યાયોગ'ના કથાનકની આ ધારણાના સમર્થનમાં તપાસ કરીએ.[૮૧] આ નાટકની રચના પણ વિરાટપર્વને આધારે કરવામાં આવી છે. પરંતુ તેમાં માત્ર ગૌગ્રહણના કથાનકને જ કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. એ પછી ઉત્તરા અભિમન્યુના વિવાહની કથાનું પણ કવિએ સૂચન કર્યું નથી એટલે સમગ્ર વિરાટપર્વના કથાનકને નાટ્યરૂપ આપવાનું કવિનું લક્ષ નથી એમ માની શકાય. સમગ્ર વિરાટપર્વના કથાનકનું નિરૂપણ કરવાનું, કવિને ભલે અભિપ્રેત ન હોય પરંતુ સમગ્ર મહાભારતના કથાનકનુ સંકેતાત્મક નિરૂપણ કરવાનું ધ્યેય તો કવિ રાખે જ છે. મહાભારતની મુખ્ય કથામાં રહેલા નાટ્યાત્મક અંશો અને ઉત્કટ ભાવપરિસ્થિતિઓનું કવિને આકર્ષણ છે અને એ બધાનો આ કૃતિમાં વિનિયોગ કરવાનું કવિનું લક્ષ્ય છે. કવિએ ગૌગ્રહણની કથામાં એવા ફેરફારો કર્યા છે કે તે દ્વારા જ આપણે જાણી શકીએ છીએ કે કવિના ચિત્તમાં સમગ્ર મહાભારતનો કથાસંદર્ભ છે. કવિએ ગૌગ્રહણની કથામાં એ શક્યતા જોઈ હોય તો જ આ પ્રકારનાં પરિવર્તનો શક્ય બને. કવિની સર્જનાત્મકતા ગૌગ્રહણના કથાનકમાં રહેલાં એવાં સ્થાનો શોધી કાઢે છે અને ત્યાં મહાભારતની પૂર્વવર્તી કે પરવર્તી ઘટનાઓનો લાઘવથી સંકેત કરી દે છે. અહીં એવાં કેટલાંક સ્થાનો જોઈએ.

આ નાટકના મુખ્ય દૃશ્યનો આરંભ અર્જુનની સ્વગતોક્તિથી થાય છે. એ વખતે અર્જુન 'યુક્તૈવ નઃ ક્લીબત' એમ કહી આત્મભર્ત્સના કરે છે. જે તેની સાંપ્રત સ્થિતિ (બૃહન્નલા - વ્યંઢળપણું)ને તો એ લાગુ પડે જ છે ઉપરાંત અર્જુનવિષાદયોગ સાથે પણ તે જોડાઈ જાય છે. અહીં અર્જુન યુધિષ્ઠિરની ક્ષમાવૃત્તિ ઉપર આક્રોશ કરે છે, જે ભીમ અને દ્રૌપદી દ્વારા વનવાસ દરમ્યાન પ્રગટ થતો રહ્યો છે તેને તથા કર્ણપર્વમાં અર્જુન યુધિષ્ઠિરની ભર્ત્સના કરે છે તેને મળતો છે. આ પ્રકારના આરંભથી કવિ યુદ્ધને ઉપકારક એવી ભૂમિકા રચી લે છે અને સમગ્ર પૂર્વકથા તથા પાંડવોના જીવનસંઘર્ષની સાથે તેનું અનુસંધાન રચાય છે. એટલે કે ગૌગ્રહણ યુદ્ધ વડે મહાભારત યુદ્ધનો અર્થ પણ પ્રગટ કરવાનો કવિનો પ્રયત્ન છે એમ કહી શકાય.

અર્જુન જ્યારે ઉત્તરનો સારથિ બનવા માટે સામે ચાલીને જાય છે તે વખતે દ્રૌપદી ઉત્તરાનું માથું ગૂંથતી હોય છે. અહીં દ્રૌપદીની પણ સ્વગતોક્તિ આપવામાં આવી છે :'ન ખલુ ત્વમસિ યાજ્ઞસેની યજ્ઞા અદ્યાપિ ન સંયમ્યતે.' (- તું કંઈ યાજ્ઞસેની નથી કે જેની વેણી હજુ પણ ન બંધાય.) અહીં દ્યૂતસભાની સમગ્ર ઘટના અને ભીમે કરેલી પ્રતિજ્ઞાનો સંદર્ભ જોવા મળે છે.

અર્જુન શમીવૃક્ષ પાસે જઈ શસ્ત્રોનું આવાહન કરે છે તે વખતે એક દિવ્ય પુરુષ અર્જુનને ભવ્ય રથ, દેવદત્ત શંખ, ગાંડીવ અને અક્ષયતુણિર આપે છે. અહીં ખાંડવદહન વખતે અર્જુનને અગ્નિ દ્વારા જે શસ્ત્રપ્રાપ્તિ થાય છે તે જ પ્રસંગનું કવિ આલેખન કરે છે આ દિવ્ય પુરુષ અર્જુનને 'કિરીટીન્ ' કહીને સંબોધન કરે છે એટલે ઉત્તર અર્જુનને ઓળખી જાય છે. આમ અભિજ્ઞાન માટે કવિએ મૌલિક કલ્પના કરી છે. અહીં પણ 'કિરીટીન્' એ સંબોધનમાં ઈન્દ્રસભામાં

અર્જુને પાંચ વર્ષ પસાર કર્યાં હતાં તે સમયે આ ઉપનામ તેને મળ્યું હતું. એ સમગ્ર કથાનકનું પણ સૂચન કરી દેવામાં આવ્યું છે.

ગૌગ્રહણ યુદ્ધના આરંભે અર્જુન બાણ દ્વારા દ્રોણને પ્રણામ કરે છે. અર્જુનની આવી વિનયી વર્તણૂકથી ભીષ્મ પ્રસન્ન થાય છે અને ધનલોભને લીધે આપણે કૌરવપક્ષે છીએ એવો ખેદ પ્રગટ કરે છે. મહાભારતના ભીષ્મપર્વમાં પણ આ જ રીતે યુદ્ધ વખતે ભીષ્મના મુખે 'અર્થસ્ય પુરુષો દાસો દાસસ્ત્વર્થો ન કસ્યચિત્' એવી ઉક્તિ મૂકવામાં આવી છે.[૮૨] અહીં ગોગ્રહ નિમિત્તે શક્યતા જોઈ કવિએ તે પ્રયોજી લીધી છે.

મહાભારતમાં અશ્વત્થામાના મૃત્યુના (ખોટા) સમાચાર સાંભળી દ્રોણ શસ્ત્રત્યાગ કરી યુદ્ધથી વિમુખ બની જાય છે તે ઘટનાનું પ્રતિબિંબ પણ આ કૃતિની એક ઘટનામાં જોઈ શકાય છે. અર્જુનના બાણથી અસ્વસ્થ બનેલા અશ્વત્થામાના સમાચાર સારથિ દ્રોણને આપે છે એટલે દ્રોણ યુદ્ધભૂમિ છોડી જાય છે; એવો ફેરફાર આ કૃતિમાં કવિએ કર્યો છે તેની પ્રેરણા કવિએ દ્રોણપર્વમાંના 'અશ્વત્થામા હણાયો' એ પ્રસંગમાંથી મળી એ સ્વયંસ્પષ્ટ છે.

આ જ રીતે, ભીમે દુર્યોધનના ઉરુભંગની જે પ્રતિજ્ઞા લીધી હોય છે તે પૂર્વવર્તી ઘટના અને ગદાયુદ્ધની રીતે જોઈએ તો પરવર્તી ઘટનાનું સૂચન પણ કવિએ કર્યું છે. ગોગ્રહણયુદ્ધ દરમ્યાન અર્જુન દુર્યોધનને હણી નાખવા સમર્થ હોય છે ત્યારે તેને ભીમની પ્રતિજ્ઞાનું સ્મણ થાય છે, એટલે તે દુર્યોધનને મારી નાખતો નથી પરંતુ મૂર્છિત કરી તેના માથાનો મુગટ લઈ લે છે.

અર્જુન દુર્યોધનનો મુગટ હરી લે છે તેને યુધિષ્ઠિર પણ અનુમોદન આપે છે. 'વીરોનો માનભંગ, પ્રાણભંગ કરતાં પણ અસહ્ય હોય છે.' એમ કહી દ્રૌપદી પણ હર્ષ પ્રગટ કરે છે. આ સમગ્ર પ્રસંગ ઉપર અશ્વત્થામાના મણિહરણ પ્રસંગનો સ્પષ્ટ પ્રભાવ જોઈ શકાય છે. અહીં યુધિષ્ઠિરનું અનુમોદન અને ખાસ કરીને દ્રૌપદીનો હર્ષ જે મહાભારતયુદ્ધ પછી જ શક્ય છે તેવા વેરના શમનની પ્રતીતિ કરાવે તે પ્રકારનો છે. વળી, કવિએ પૂર્વપ્રસંગો કરતા કુરુક્ષેત્રયુદ્ધના સંકેતો જ વિશેષ રીતે કર્યા છે. એટલે ભાસની જેમ પ્રહ્લાદનદેવનો પ્રયત્ન પણ ગૌગ્રહણયુદ્ધ અન્તર્ગત જ કુરુક્ષેત્રના યુદ્ધને સમાવી લેવાનો છે. બીજી રીતે કહીએ તો બન્ને કવિઓએ ગૌગ્રહણયુદ્ધને જ કુરુક્ષેત્રયુદ્ધનું રૂપ આપ્યું છે અને એ રીતે મહાયુદ્ધની ઘટના જાણે કે બની જ નથી તેવું પ્રતિપાદન કર્યું છે.

'પાર્થપરાક્રમવ્યાયોગ'ના અંતે ઇન્દ્રનો પ્રવેશ થાય છે. એ પણ અર્જુન ઇન્દ્રપુત્ર હોવાથી પ્રસ્તુત બની રહે છે. અર્જુનના જન્મની કથાનો સંકેત પણ તેમાં જોઈ શકાય. આ રીતે કવિ ભીષ્મની જન્મકથાના સંદર્ભો પણ નદીજ, દેવનદીનંદન, સૌરસૈન્ધવ જેવાં વિશેષણોથી સૂચવી દે છે. કર્ણ માટે પણ સૂતસુનુઃ, રાધેય, ચમ્પાધિરાજ જેવાં વિશેષણ -સંબોધનો પ્રયોજાયાં છે જે કર્ણની જીવનકથાના સંકેતોને પ્રગટ કરે છે. આ ઉપરાંત કર્ણ માટે 'ભાનોસ્તનુજન્મનામ્' વિશેષણ કર્ણ સૂર્યપુત્ર હોવાનો સંકેત કરે છે. યુધિષ્ઠિર માટે પણ સુકૃતાત્મજ, સુકૃતસૂનુ જેવાં વિશેષણો તેમના જન્મના સંદર્ભને જ વ્યક્ત કરે છે, જ્યારે અર્જુન માટે સિતતુરગ, સિતવાહન (અર્જુનના રથના અશ્વો સફેદ હોવાથી), કપિકેતન(ધ્વજા પર હનુમાન છે તેથી) ભીમાનુજ, ઇન્દ્રસૂનુ, દેવરાજનંદન જેવાં વિશેષણો પ્રયોજાયાં છે. કવિ વિશેષણ દ્વારા કથાનકનો સંકેત કઈ રીતે લાઘવથી કરી શકે છે તે માટે તેમણે અર્જુન માટે પ્રયોજેલું 'લંકેશવનારિકેતુઃ (રાવણની વાડીનો શત્રુ હનુમાન જેની ધ્વજામાં છે તે અર્જુન) એવું એક ઉદાહરણ પૂરતું થઈ રહે છે.

આમ, આ બધા દ્વારા કવિનો મહાભારતનો ગહન અભ્યાસ, મહાભારતની કથાનું તેમણે કરેલું આકલન અને વિસ્તારી કથાનકને વિશેષણનું રૂપ આપી સૂચવી દેવાની કવિની શક્તિ અને લાઘવનો પરિચય મળી રહે છે. આપણે મહાભારતના કથાસંદર્ભથી અજાણ હોઈએ તો આ પ્રકારનાં નામ અને વિશેષણોનો અર્થ-બીજા શબ્દોમાં કથાસંદર્ભને યોગ્ય રીતે પામી શકીએ નહી. આમ તો વિરાટપર્વમાં ગૌગ્રહણની કથા જ ઘણી વિસ્તારી છે. તેમાં કવિ મહાભારતની ઘટનાઓને પણ સાંકળી લેવાનો પ્રયત્ન કરે છે. કવિનો આ પ્રયત્ન તેમની લાઘવશક્તિને લીધે

સફળ બન્યો છે; તેમાં બન્ને કથાનકો વચ્ચે રહેલા સમાન અંશોએ કવિને સહાય કરી છે.

અહીં આપણે મહાભારતસમગ્ર અને વિરાટપર્વની ઘટનાઓની તુલના કરી જોઈ છે. વિરાટપર્વના કથાનક પર આધારિત 'પંચરાત્ર' અને 'પાર્થપરાક્રમવ્યાયોગ' એ બન્ને કૃતિઓ પણ વિરાટપર્વને મહાભારતની લઘુઆવૃત્તિ ગણવાની, આપણી ધારણાનું સમર્થન કરે છે. હવે આપણે મહાભારતબહારની, એટલે કે મહાભારતની મુખ્ય કથા -કૌરવપાંડવોની કથા સાથે જેનો સીધો સંબંધ નથી તેવી બીજી બે કૃતિઓ 'નલોપાખ્યાન' અને 'રામોપાખ્યાન'ના કથાનકની વિરાટપર્વ અને મહાભારતની મુખ્યકથા સાથે તુલના કરી જોઈએ. આ બન્ને કથાઓનું મહાભારત અંતર્ગત જ આલેખનકરવામાં આવ્યું છે. તેમાંય વાલ્મીકિકૃત રામાયણનો તો હમેશાં મહાભારત સાથે જ ઉલ્લેખ થતો રહ્યો છે. એ રીતે પણ બન્ને એક બીજા સાથે સતત સંકળાયેલી કૃતિઓ છે. રામાયણની પણ મહાભારતની જેમ પ્રાચીન અને સમૃદ્ધ પરંપરા છે. તેને આધારે 'રઘુવંશ' જેવા મહાકાવ્યની કાલિદાસે રચના પણ કરી છે. તો નલોપાખ્યાનને આધારે રચાયેલું 'નૈષધીયચરિત્' પણ, એ સાથે જ પંચ મહાકાવ્યોમાં સ્થાન પામ્યું છે. મહાભારતના સમગ્ર કથાનકને લઈને રચાયેલા મહાકાવ્યો કરતાં આ બે કાવ્યો વિશેષ પ્રચલિત પણ થયાં છે.

વિરાટપર્વ અને મહાભારતસમગ્ર : નલકથા : એક તુલના

નલોપાખ્યાન[૮૩] નું પ્રાગટ્ય જ યુધિષ્ઠિરના પ્રશ્નમાંથી થયું છે. 'મારા કરતાં પણ કોઈ મનુષ્ય પૃથ્વી ઉપર વધુ દુઃખી છે કે નહીં ?' યુધિષ્ઠિરના આ પ્રશ્નના ઉત્તરમાં બૃહદશ્વ ઋષિ યુધિષ્ઠિરને નળકથા સંભળાવે છે. તેમાં યુધિષ્ઠિરઆદિને ભવિષ્યનું દર્શન કરાવી, અજ્ઞાતવાસ દરમ્યાન આવનારાં દુઃખો માટે માનસિક રીતે તૈયાર કરવાનો હેતુ રહ્યો છે.

નલકથાના સ્પષ્ટ બે ભાગ પડી જાય છે. તેના પૂર્વાર્ધમાં નળદમયંતીની પ્રેમકથાનું આલેખન થયું છે, જ્યારે ઉત્તરાર્ધમાં તેમની વ્યથાકથાનું. આ ઉત્તરાર્ધની કથા જ મોટે ભાગે વિરાટપર્વ સાથે સમાન્તરતા ધરાવે છે.

નળદમયંતી દૃષ્ટોદૃષ્ટ મળે તે પહેલાં એકબીજાના રૂપગુણનું વર્ણન સાંભળીને પરસ્પર આસક્ત બને છે. હંસ દૂતકાર્ય કરે છે. દમયંતીના સ્વયંવરમાં નળ જાય છે. એ વખતે ઇન્દ્ર, વરુણ, યમ, અગ્નિ એ દેવતાઓ પણ નળનું રૂપ લઈ સ્વયંવરમાં ઉપસ્થિત થાય છે. આ ઘટના દ્રૌપદીસ્વયંવરના પ્રસંગનું સ્મરણ કરાવે છે. ત્યાં પાંચ પાંડવો છે તો અહીં પાંચ નળ (૪ + ૧)છે. આ કલ્પના પણ પાંચ ઇન્દ્રોની પુરાણકથાને મળતી આવે છે. દ્રૌપદીના પાંચ પતિના ખુલાસા રૂપે આ કથા કહેવામાં આવી છે.[૮૪] વળી, વ્યાસ તે વખતે પાંચે પાંડવોના માથા ઉપર હાથ મૂકી તેમની એકરૂપતા સિદ્ધ કરે છે. એટલે એ રીતે પણ તે પાંચ જુદાં જુદાં હોવા છતાં પણ 'એક' જ છે.

બીજો પ્રસંગ દ્યૂતનો છે. અહીં નળ પણ તેના પિત્રાઈ ભાઈ પુષ્કર સાથે દ્યૂત રમે છે ને દ્યૂતક્રીડામાં એક પછી એક સંપત્તિ હારતો જાય છે. મંત્રીઓ, હિતેચ્છુઓ, પ્રજા કે સ્વયં દમયંતી પણ તેને રોકી શકતાં નથી. નળ રાજ્ય ને સર્વ સંપત્તિ હારી જાય છે ત્યારે પુષ્કર દમયંતીને દાવ પર લગાવવાનું કહે છે. નળ ક્રોધે ભરાય છે પણ લજ્જિત એવો એ ચૂપ રહે છે.(એથી દમયંતીની હાલત દ્રૌપદી જેવી થતી નથી) હસ્તિનાપુરની દ્યૂતસભાનો પ્રસંગ તદ્દન આને મળતો છે. યુધિષ્ઠર પણ કોઈની સલાહ ગણકાર્યા વિના, દ્યૂતમાં સર્વસ્વ હારી જાય છે ત્યારે દુર્યોધન દ્રૌપદીને દાવ પર લગાવવાનું કહે છે. આ વખતે યુધિષ્ઠિર નળ જેવા ડાહ્યા સાબિત થતા નથી; અને દુર્યોધનનું કહેવું સ્વીકારી લે છે. એથી જ જાહેર સભામાં દ્રૌપદીની અવમાનનાનો પ્રસંગ બને છે. દમયંતી તેમાંથી ઊગરી ગઈ છે.

દમયંતી તો દ્યૂત દરમ્યાન જ પોતાના પુત્રપુત્રી ઇન્દ્રસેન -ઇન્દ્રસેનાને સારથિ વાર્ષ્ણેય સાથે વિદર્ભનગર મોકલી

દે છે. જ્યારે વનવાસ પૂર્વે દ્રૌપદીપુત્રોને પાંચાલ દેશમાં તો અભિમન્યુને દ્વારકા મોકલવામાં આવે છે. દ્યૂતમાં હારી જઈને નળ નિર્વાસિત દશાને પામે છે તો પાંડવોએ પણ શરત મુજબ બાર વર્ષે વનવાસ અને તેરમે વર્ષે ગુપ્તવાસ ભોગવવાનો હોય છે. આમ બન્ને કથામાં નાયકનાયિકાના દેશવટાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. નળદમયંતીના દુઃખનું કારણ કળિ છે (અને કળિપ્રેરિત પુષ્કર છે) તો પાંડવોને માટે પણ દુર્યોધન દુખઃદાયક બની રહે છે.

નિર્વાસિત અવસ્થા દરમ્યાન નળદમયંતીની ક્ષુધાને લગતો એક પ્રસંગ નલોપાખ્યાનમાં મહત્ત્વનો છે. ક્ષુધાથી વ્યાકુળ બનેલો નળ સુવર્ણ પાંખોવાળાં પક્ષીઓને પકડવા પોતે પહેરેલું એક માત્ર વસ્ત્ર જાળરૂપે પક્ષીઓ ઉપર ફેંકે છે. એ વસ્ત્ર લઈને પક્ષીઓ ઊડી જાય છે. (મધ્યકાળની રચનાઓમાં મળતો મત્સ્યસંજીવનીનો પ્રસંગ નલોપાખ્યાનમાં નથી.) જ્યારે પાંડવોને સૂર્ય પાસેથી અક્ષયપાત્ર મળ્યું હોવાથી પ્રથમ બાર વર્ષ સુધી ક્ષુધાનો પ્રશ્ન સતાવતો નથી. પરંતુ તેઓને પણ તેરમે વર્ષે ઉદરનિર્વાહ માટે વિરાટ રાજાને ત્યાં ચાકરીએ રહેવું પડે છે.

એક રાતે, નળ દમયંતીને સૂતી મૂકીને તેનો ત્યાગ કરી જાય છે એથી પતિપત્ની વચ્ચે વિરહ સર્જાય છે. તે સાથે પણ પાંડવકથાનો એક પ્રસંગ મળતો આવે છે. વનવાસ દરમ્યાન અર્જુન શસ્ત્રપ્રાપ્તિ માટે તપ કરવા જાય છે અને પછી પાંચ વર્ષ સુધી ઇન્દ્ર પાસે સ્વર્ગમાં રહે છે; એથી અર્જુન-દ્રૌપદી વચ્ચે વિરહ સર્જાય છે. અર્જુનની અનુપસ્થિતિ દ્રૌપદી માટે કેટલી પીડાકારક બની રહેશે તેનું નિરૂપણ એક શ્લોકમાં સ્વયં દ્રોપદીની ઉક્તિ રૂપે કરવામાં આવ્યું છે.[૮૫] 'તારા બધા ભાઈઓ તારાં પરાક્રમોને સ્મરી સમય વીતાવશે. તું આટલા લાંબા પ્રવાસે જાય છે એટલે તારી અનુપસ્થિતિમાં અમને ધન, ભોગ કે જીવનમાં સુખનો અનુભવ થશે નહીં.' અહીં 'અમને' નો અર્થ સ્પષ્ટ રીતે 'મને' છે. કેમ કે અગાઉ કહેવાયું છે કે તારા ભાઈઓ તારાં પરાક્રમોનું સ્મરણ કરી સંતોષ લેશે. બૃહદશ્વ ઋષિ જ્યારે નળકથા કહી રહ્યા છે ત્યારે અર્જુન હાજર નથી તે પણ ધ્યાનપાત્ર છે. જો કે નળની જેમ કોઈ પાંડવપતિ દ્રૌપદીનો ત્યાગ કરી પત્નીદ્રોહ કરતા નથી પરંતુ પતિઓ સાથે રહેવાથી દ્રૌપદી વધુ સુખી બની છે તેવું પણ નથી. બન્નેની તુલના કરતા લાગે છે કે પતિએ ત્યાગ કર્યો હોવા છતાં દમયંતી દ્રૌપદી કરતાં વધુ સુખી હતી.

અજ્ઞાતવાસ દરમ્યાન સૈરન્ધ્રી તરીકે રહેતી દ્રૌપદી ઉપર કીચક આસક્ત થાય છે અને દ્રૌપદી ભીમની સહાયથી તેને મરાવી નાખે છે એ પ્રસંગની તુલના પણ નળકથાના એક પ્રસંગ સાથે કરી શકાય. જો કે એ પ્રસંગ ત્યાં, દમયંતી સૈરન્ધ્રી બને છે તે પૂર્વે બને છે. નળની શોધમાં વિજનવનમાં ભટકતી દમયંતી એક વખત અજગરના મુખમાં જઈ પડે છે. એક શિકારી તેને બચાવે છે. આ શિકારી જ તેના પર આસક્ત બને છે ત્યારે દમયંતી તેને શાપ આપે છે તેથી તે મરી જાય છે. આમ બન્ને કથાની નાયિકાઓ પરપુરુષની કુદૃષ્ટિનો ભોગ બને છે. એક પતિસહાયથી તે વિઘ્નને દૂર કરે છે તો બીજી ચારિત્ર્યબળથી, સતીત્વથી, સ્વબળે શીલરક્ષણ કરે છે. પુરાણકથાઓની ઘણી બધી નાયિકાઓ પુરુષોની કુદૃષ્ટિનો ભોગ બને છે, ઘણે બધે સ્થળે સ્ત્રીઓ -સતીત્વના પ્રભાવથી- એવા પુરુષોને શાપ આપે છે. એ રીતે જોતાં એ સ્ત્રીઓ અ-માનવીય પુરવાર થાય છે. દ્રૌપદી આટલી બધી અવમાનના છતાં ક્યારેય શાપ આપી શકતી નથી આપતી નથી, આપવા માગતી નથી એમ નહીં; એ સ્ત્રી છે, એ લાચાર છે. આમ, તે વાસ્તવવાદી ગણાતી કૃતિઓના પાત્રની નજીક છે. સીતા પણ રાવણને કોઈ શાપ આપી શકી ન હતી. દમયંતી આખરે ચેદીદેશમાં પહોંચે છે અને ત્યાં સૈરન્ધ્રી તરીકે રહે છે. દ્રૌપદી પણ વિરાટનગરમાં સૈરન્ધ્રી તરીકેનું જ કાર્ય કરે છે.

વિરાટપર્વમાં પાંચે પાંડવો દેવીની કૃપાથી રૂપપરિવર્તન કરી વિરાટનગરમાં ચાકરીએ રહે છે. તો નળ કર્કોટક નાગને અગ્નિમાથી બચાવે છે, નાગ નળને ડસે છે જેથી તે 'બાહુક' રૂપ બને છે. અહીં રૂપપરિવર્તન માટે સર્પદંશનું કથાઘટક પ્રયોજાયું છે. બાહુકરૂપી નળ પણ અયોધ્યામાં ઋતુપર્ણ રાજાને ત્યાં સારથિ તરીકે રહે છે. સારથિકર્મ ઉપરાંત નળ ભોજન પકાવવામાં, સલાહ આપવામાં (મંત્રીકાર્ય) અને શિલ્પમાં નિપુણ છે એમ ઋતુપર્ણને કહે છે. અહીં આપણે અનુક્રમે ભીમ, યુધિષ્ઠિર અને અર્જુન(શિલ્પને બદલે નૃત્ય, સંગીત, પણ કળા તો ખરી જ)નાં કાર્યોનો સંદર્ભ જોઈ

શકીએ. વળી, અર્જુન ગૌગ્રહણ વખતે સારથિકર્મ પણ કરે છે. સારથિને અશ્વો સાથે હમેશાં કામ પડતું હોય છે. એટલે નકુળના અશ્વપાલક તરીકેના કાર્યનો સંદર્ભ પણ જોઈ શકાય. નળ અશ્વવિદ્યામાં પણ નિષ્ણાત હોય છે; તેવો ઉલ્લેખ ઋતુપર્ણને એક દિવસમાં ચારસો યોજન દૂર વિદર્ભનગરમાં પહોંચાડે છે તેમાં જોઈ શકાય. ગૌગ્રહણ વખતે સારથિ બનેલો અર્જુન પણ મંત્રબળે અશ્વ ચલાવે છે તેને પણ આ સાથે સરખાવી શકાય. આમ, સહદેવ સિવાય ચારે પાંડવો અજ્ઞાતવાસ દરમ્યાન જે કાર્ય કરવાના છે તે એકલા નળમાં સૂચવી દેવામાં આવ્યાં છે. આ ઉપરાંત કર્કોટક, ઋતુપર્ણ પાસેથી અંકવિદ્યા શિખવાની નળને ભલામણ કરે છે. જ્યારે વિરાટનગરમાં તો યુધિષ્ઠિર અંકવિદ્યા શીખીને જ પ્રવેશે છે અને દ્યૂતનો વ્યવસાય સ્વીકારે છે.

નલોપાખ્યાનમાં ભીમક રાજા નળ અને દમયંતીની શોધ કરવા માટે બ્રાહ્મણો મોકલે છે. અહીં પાંડવો શરતપાલન માટે જ અજ્ઞાતવાસ ભોગવતા હોઈ દ્રુપદ કે કૃષ્ણ તેમની શોધ કરાવતા નથી. પરંતુ સ્વાર્થપ્રેરિત દુર્યોધન શરતભંગ થાય તે હેતુસર પાંડવોની શોધ માટે અનુચરો મોકલે છે ખરો.

આ પછી દમયંતી પણ નળની શોધ માટે સ્વયંવરનું બહાનું ઊભું કરે છે. તેમાં ઋતુપર્ણ સાથે નળ આવે છે; ને ત્યાં નળનું અભિજ્ઞાન થાય છે. આમ ભલે કૃત્રિમ, પણ લગ્નોત્સવ દ્વારા જ નળની ઓળખ થઈ શકે છે. વિરાટપર્વમાં પણ પાંડવોના અભિજ્ઞાન પછી ઉત્તરા-અભિમન્યુનો લગ્નોત્સવ ઉજવવામાં આવે છે અને ઋતુપર્ણ જે રીતે નળની ક્ષમા માગે છે તેમ વિરાટ પણ પાંડવોની ક્ષમા માગે છે. અહીં નળ-ઋતુપર્ણ સંવાદ અને યુધિષ્ઠિર(પાંડવો) - વિરાટ સંવાદ પણ સરખાવી જોવા જેવા છે.

નલોપાખ્યાનના અંતે નળ થોડા સૈનિકો લઈ નિષધનગર જાય છે. પુષ્કરને દ્યૂત કે યુદ્ધનું આહ્વાન કરે છે. દમયંતીને પણ દાવ પર લગાવીને દ્યૂત રમવા તૈયાર થાય છે ને એક જ દાવમાં નળ પુનઃ રાજ્યસંપત્તિ પ્રાપ્ત કરે છે તથા પુષ્કરને ક્ષમા આપે છે. અહીં પુષ્કર દ્યૂતનો વિકલ્પ સ્વીકારે છે. મહાભારતમાં તો યુદ્ધ એ જ એક માત્ર વિકલ્પ રહે છે ને તેમાં કૌરવો હણાય છે. તેથી રાજ્યપ્રાપ્તિ શક્ય બને છે.

આમ, નલોપાખ્યાનની ઘણી ઘટનાઓ વિરાટપર્વને સમાન્તરે ચાલે છે. અજ્ઞાતવાસપૂર્વે આ કથા કહેવામાં આવી છે. એ પાછળ અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવોનું મનોબળ દૃઢ રહી શકે એ પ્રયોજન રહેલું છે. એમાં, મહાભારતકારની સંકલના સૂઝનો પરિચય પણ મળી રહે છે.

રામકથાનાં ઘટકો સાથે કેટલુંક સામ્ય : સંક્ષિપ્ત નોંધ

રામકથા, નળકથા અને પાંડવકથા કરતાં કેટલેક અંશે ભિન્નતા બતાવે છે; તેમ છતાં આ ત્રણે કથાનકોની સંરચનામાં કેટલાંક સમાન ઘટકો પ્રયોજાયાં છે.

પાંડવકથામાં દુર્યોધનના દ્વેષભાવને લીધે દ્યૂતનું આયોજન થાય છે તો નળકથામાં કળિપ્રેરિત પુષ્કરના દ્વેષભાવથી બન્ને પિત્રાઈઓ વચ્ચે દ્યૂત રમાય છે. રામકથામાં પિત્રાઈનો દ્વેષ કે દ્યૂતનું નિરૂપણ નથી. પરંતુ ત્યાં અપરમા કૈકેયીનો દ્વેષભાવ કેન્દ્રમાં રહે છે. કૈકેયી પૂર્વે દશરથ પાસેથી લેણા નીકળતા વરદાનને રૂપે રામનો વનવાસ માગી લે છે. આમ ત્રણે કૃતિમાં દેશવટો-વનવાસ એ દિશા તરફ કથાઓ પોતપોતાની રીતે વિકસે છે. મહાભારત અને રામાયણમાં આ માટે રાજ્યલાલસા કારણભૂત બને છે જ્યારે નલોપાખ્યાનમાં નારીલાલસા.(કળિના સંદર્ભે). જો કે રામકથામાં પણ રાવણ સીતાનું હરણ કરી જાય છે ત્યારથી એ કથા પણ કેટલેક અંશે એ દિશામાં વિકસતી જાય છે. મહાભારતમાં પણ વનવાસ દરમ્યાન જયદ્રથ દ્રૌપદીનું હરણ કરી જાય છે એ સમગ્ર પ્રસંગ પણ સીતાહરણની ઘટના સાથે સંબંધ ધરાવે છે. વનવાસ દરમ્યાન જો સીતાનું હરણ થાય તો દ્રૌપદીનું કેમ નહીં ? જો કે મહાભારતમાં દ્રૌપદીનું હરણ કરનાર

નિકટનો સગો છે અને બહેન દુઃશલાને વૈધવ્ય ન આવે એ માટે તેને ક્ષમા આપવામાં આવે છે. આ પછી જયદ્રથ પાંડવોને હણવાની શક્તિ મેળવવા શિવની તપશ્ચર્યા કરે છે. પરંતુ એક જ દિવસ પૂરતો તે પાંડવોને યુદ્ધમાં રોકી શકશે એટલા વરદાનથી તેને સંતોષ માનવો પડે છે.અહીં નારી માટેની સ્પર્ધા આ રીતે નહીંવત્ બની રહે છે અને રાજ્ય માટેની સ્પર્ધા કેન્દ્રસ્થાને મૂકવામાં આવી છે.

જ્યારે રાવણ તો માનવીય જગતનો પણ નથી અને સીતાને પુનઃ મેળવવા માટે જ રામાયણનું સૌથી મોટું યુદ્ધ ખેલાય છે. એટલે મહાભારત જેમ અહી માનવીય યુદ્ધ નથી પરંતુ પુરાણોમાં જે વારંવાર જોવા મળે છે તે દેવાસુર સંગ્રામ છે. એ યુદ્ધના કેન્દ્રમાં નારી માટેની-સ્પર્ધા જ રહી છે. રાજ્યની સ્પર્ધા માટે યુદ્ધ થતું નથી. રામના વનવાસ દરમ્યાન ભરત તો તેમના વતી જ રાજ કરતો હોય છે એટલે યુદ્ધવિજય પછી જ્યારે રામ રાજધાનીમાં આવે છે ત્યારે તેમને માટે તો રાજસિંહાસન પહેલેથી જ ખાલી હોય છે. કેમ કે કૈકેયીને મન રાજલાલસા હોય છે પરંતુ જેને માટે તેણે રામને વનવાસ અપાવ્યો હોય છે તે પુત્ર ભરત રાજ્ય માટે વિરક્ત હોય છે. આમ, રામાયણના આરંભમાં રાજ્યલાલસા તો અંત તરફ જતા નારી માટેની સ્પર્ધા એમ બન્ને ઘટકો પ્રયોજાયાં છે.

મહાભારતમાં દ્રૌપદીહરણના સંદર્ભમાં યુધિષ્ઠિર માર્કણ્ડેય ઋષિને કહે છે કે 'દ્રૌપદીએ આજ સુધી કોઈ પાપ કે નિંદનીય કાર્ય કર્યું નથી અમે સદા ધર્માચરણ કર્યું છે છતાં શા માટે તેને દુઃખ ભોગવવું પડે છે ? અમારે પણ અવારનવાર અનેક સંકટોનો સામનો કરવો પડ્યો છે. આ વખતે સ્ત્રીહરણ રૂપી સંકટ ભોગવવું પડ્યું છે. તો શું અમારાથી પણ કોઈ દુર્ભાગી મનુષ્ય છે ?'[૮૬] યુધિષ્ઠિરના આવા પ્રશ્નના રૂપે માર્કણ્ડેય ઋષિ રામોપાખ્યાન કહે છે.[૮૭] યુધિષ્ઠિરનો આ પ્રશ્ન અને પ્રત્યુત્તરમાં રામોપાખ્યાન એ જ બતાવી આપે છે કે પાંડવોના જીવન સાથે રામના જીવનનું પણ કેટલુંક સામ્ય છે અને તેમની કથામાં પણ કેટલાંક સમાન ઘટકો છે. એટલે જ યુધિષ્ઠિરની સાન્ત્વના માટે આ કથાનક કહેવામાં આવ્યું છે.

યક્ષપ્રશ્નોત્તરના સંદર્ભમાં વિરાટપર્વની સમીક્ષા

અહીં આપણે 'નલોપાખ્યાન' અને 'રામોપાખ્યાન' જેવા આરણ્યકપર્વનાં બે મહત્ત્વનાં ઉપાખ્યાનો સાથે વિરાટપર્વ(પાંડવકથા)ની તુલના કરી છે. હવે આ પ્રકરણમાં આગળ વિરાટપર્વની કૃતિસમીક્ષા કરવામાં આવી છે. જો કે વિરાટપર્વની સળંગ કે સર્વાંગી કૃતિસમીક્ષા આપવાનું અહીં લક્ષ્ય નથી, પરંતુ જરા જુદા અભિગમથી વિરાટપર્વની સંક્ષેપમાં સમીક્ષા કરી છે. આરણ્યકપર્વનાં ઉક્ત બે ઉપાખ્યાનોની જેમ આરણ્યકપર્વનો અંતિમ પ્રસંગ પણ વિરાટપર્વના સંદર્ભમાં વિશેષ મહત્ત્વનો છે. આ યક્ષપ્રશ્નોત્તરનો સમગ્ર પ્રસંગ વિરાટપર્વની પશ્ચાદ્‌ભૂમાં રહેલો છે અને તે વિરાટપર્વની કેટલીક મહત્ત્વની કડીઓ વિશિષ્ટ રીતે જોડી આપે છે. એટલે એ દૃષ્ટિએ વિરાટપર્વની સમીક્ષા ચર્ચા કરી છે. તેમ જ વિરાટપર્વના સઘન અભ્યાસ દરમ્યાન જણાઈ આવેલા કેટલાક મહત્ત્વના વિશેષોની સોદાહરણ ચર્ચા પણ કરી છે. સાથે સાથે કૃતિમાં પ્રવર્તતા માનવમન અને માનવસંબંધોના તત્ત્વને કેન્દ્રમાં રાખી મુખ્ય ચરિત્રોની સંકુલતાને ઉકેલવાનો પ્રયત્ન પણ કર્યો છે. અગાઉ વિરાટપર્વની મહાભારત સમગ્ર સાથે તુલના કરતી વખતે ચરિત્રાંકનને લગતી કેટલીક ચર્ચા કરવામાં આવી જ છે. એટલે આ વખતે પુનરાવર્તનને શક્ય હોય ત્યાં સુધી ટાળી, કેટલાંક અન્ય મુદ્દા-ઘટકોની ચર્ચા કરવાનું લક્ષ્યમાં રાખ્યું છે.

આરણ્યકપર્વના અંતમાં, યુધિષ્ઠિર યક્ષરૂપી ધર્મ પાસે વરદાન માગતા કહે છે : 'વર્ષાણિ દ્વાદશારણ્યે ત્રયોદશમુપસ્થિતમ્.' અમે બાર વર્ષ વનમાં વીતાવ્યાં છે, હવે તેરમું વર્ષ આવ્યું છે તો આ અજ્ઞાતવાસ દરમ્યાન કોઈ

અમને ઓળખી ન શકે તેવું વરદાન આપો.'[૮૮] એ પછી આરણ્યકપર્વના અંતિમ અધ્યાયથી અજ્ઞાતવાસની ચર્ચાવિચારણા શરૂ થઈ જાય છે. વિરાટપર્વના પ્રથમ અધ્યાયમાં જ વધુ એક વખત 'વનવાસનાં બાર વર્ષો પૂરાં થયાં ને હવે તેરમું વર્ષ શરૂ થયું છે.' એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૮૯] આ બન્ને ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે કે વિરાટપર્વની પશ્ચાદ્‌ભૂમિકામાં યક્ષપ્રશ્નોત્તરનો પ્રસંગ રહ્યો છે. જે અજ્ઞાતવાસની ઘટના પર કેટલોક પ્રકાશ ફેંકે છે.

પાંડવો દ્વૈતવનમાં, માર્કણ્ડેય મુનિના આશ્રમમાં રહેતા હોય છે ત્યારે એક વ્રતી બ્રાહ્મણ તેમની પાસે આવે છે અને એક હરણ પોતાની અરણી તથા મથાણી લઈ નાસી છૂટ્યું હોય છે તેની ફરિયાદ કરી એ વસ્તુ પાછી મેળવી આપવાનું કહે છે જેથી પોતાના અગ્નિહોત્રનો નાશ ન થાય. હરણની પાછળ ગયેલા પાંડવો તેને પકડી શકતા નથી અને થાક તથા તરસથી વ્યાકુળ બન્યાં હોય છે. એ વખતે નકુળ ઝાડ પર ચઢી નજીકમાં જળાશય હોવાનું જણાવે છે. યુધિષ્ઠિર તેને જળ પી અને બધા માટે લઈ આવવાનું કહે છે. અદૃશ્ય વાણી દ્વારા સરોવરના જળ પીવાનો નિષેધ કરવામાં આવે છે. નકુળ તેની અવગણના કરે છે અને તેનું મૃત્યુ થાય છે. એ પછી સહદેવ, અર્જુન, ભીમ જળ ભરવા ને તપાસ કરવા જાય છે એ બધા પણ એ રીતે મૃત્યુ પામે છે. કોઈ પાછું આવતું નથી. છેવટ યુધિષ્ઠિર જાય છે. યક્ષના પ્રશ્નોના ઉત્તર આપે છે. આ પ્રસંગ મહાભારતમાં ખૂબ જાણીતો છે. તેમાં યુધિષ્ઠિર-યક્ષના સંવાદનું વિસ્તારથી આલેખન કરવામાં આવ્યું છે. આ સંવાદનો એક પ્રશ્ન અને તેનો ઉત્તર વિરાટપર્વના સંદર્ભમાં અતિ મહત્ત્વનો છે, તે નોંધીએ.

યક્ષ પૂછે છે :

કો મોદતે કિમાશ્ચર્યં કઃ પન્થાઃ કા ચ વાર્તિકા
મમૈતાંશ્ચતુરઃ પ્રશ્નાન્ કથયિત્વા જલં પિબ.

(સુખી કોણ ? આશ્ચર્ય શું ? માર્ગ કયો છે ? અને સમાચાર કયા ? આ પ્રશ્નોના બુદ્ધિપૂર્વક ઉત્તર આપ્યા પછી તું જળપાન કર.)[૯૦]

આમાંથી સુખી કોણ એ પ્રશ્નનો ઉત્તર આપતા યુધિષ્ઠિર કહે છે :

પંચમેઽહનિ ષષ્ઠે વા શાકં પચતિ સ્વે ગૃહે
અનૃણી ચાપ્રવાસી ચ સ વારિચર મોદતે.

(જે પુરુષ કોઈનો પણ ઋણી ન હોય, જે પરદેશમાં ન હોય એ ભલે પાંચમે કે છઠ્ઠે દિવસે પોતાના ઘરમાં શાકપાન રાંધીને જમી શકે છે તે મનુષ્ય સુખી છે)[૯૧]

અહીં અઋણી, અપ્રવાસી જેવાં વિશેષણો મહત્ત્વનાં છે. જે સતત બાર બાર વરસ વનમાં ભટકતા રહ્યા છે તેવા યુધિષ્ઠિરના મતે અપ્રવાસી સુખી છે. જે દેશવટો ભોગવે છે તેને મન સ્વગૃહે મળતું શાકાન્ન સ્વીકાર્ય છે એમ અહી તીવ્ર વિરોધાભાસ રહ્યો છે. હવે પછી વધુ એક વરસ વિરાટનગરમાં પરગૃહે સેવા કરવાની છે ને જે મળે તે આહાર પામવાનો છે. ચાકરને તો એઠું જૂઠું પણ ખાવા મળતું હોય છે એ આપણે સુદેષ્ણા સાથે દ્રૌપદી જે શરત કરે છે તે દ્વારા જાણી શકીએ છીએ. એટલે દિનાન્તે ભલે એક વખત પણ સ્વગૃહે સાદું ભોજન મળે તેનું મૂલ્ય, મહિમા વિશેષ હોય છે એ યુધિષ્ઠિર (પાંડવો) સિવાય વધુ સારી રીતે કોઈ કહી શકે નહીં.

યુધિષ્ઠિરનો આ ઉત્તર વિરાટપર્વના અજ્ઞાતવાસના સંદર્ભને પણ પ્રગટ કરે છે. બુદ્ધદેવ બસુ લખે છે : ' ... અઋણી ? અપ્રવાસી / એક વાર શાકાહારથી જીવવાનું ? મહત્ત્વાકાક્ષી અને કર્તવ્યપરાયણ એવા આપણે, આ ઉત્તર સાંભળી જાણે કે સંકોડાઈ જઈએ છીએ. પરંતુ આપણે પક્ષે કે બીજા પાંડવોના પક્ષે આ ગ્રહણ કરવા યોગ્ય હોય કે ના હોય, પણ યુધિષ્ઠિરને પોતાને પક્ષે તો આ જ સત્ય છે. કારણ કે પછીનું વર્ષ તેમણે પરિવાર સહિત અજ્ઞાતવાસમાં ઓળખાઈ જવાના ડરથી બીતાં બીતાં શંકિત પ્રવાસી રૂપે અને ઘરબાર વિનાની સ્થિતિમાં વીતાવવા પડવાના છે. ક્યાં ? તે તો હજુ પોતે પણ જાણતા નથી. વળી તેમની પત્ની અને ભાઈઓના તે ગળાબૂડ ઋણી છે કારણ કે તેમને પ્રાપ્ય અને

ઇચ્છિત રાજત્વથી તેમણે જ તેમને વંચિત કર્યા છે. વળી, યુદ્ધનિવારણ માટે, વિરોધ મિટાવવાના પ્રયત્નમાં જે પછીથી પાંચ ભાઈઓને માટે માત્ર પાંચ જ ગામની ઇચ્છા કરશે તે મનુષ્યને શાકાહારનો શો વાંધો હોઈ શકે ?[૯૨]

આમ, દેશવટો પામી, બાર વર્ષ સુધી વનમાં પરિભ્રમણ કરનારા પ્રવાસી (ઘરબાર વિનાના) પાંડવોને સ્વગૃહે સાદું ભોજન મળે તે માટે પણ કેટલો સંઘર્ષ કરવો પડે છે તેની પરાકાષ્ઠા અજ્ઞાતવાસ દરમ્યાન જોવા મળે છે.

યક્ષપ્રશ્નોત્તરની આ ઘટના સાથે સંસ્કૃત નાટક 'પાંડવાનંદ'નો એક શ્લોક સરખાવી જોવા જેવો છે. તેમાં પણ નાટ્યકારોને પ્રિય થઈ પડેલી એવી પ્રશ્નોત્તરની પરંપરાગત શૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કા શ્લાઘ્યા ગુણિના ક્ષમા પરિભવઃ કો યઃ સ્વકુલ્યૈઃ કૃતઃ
કિં દુઃખ પરસંશ્રયો જગતિ કઃ શ્લાઘ્યો યઃ આશ્રીયતે.

કો મૃત્યુર્વસન શુચં જહનિ કે યૈર્નિર્જિતાઃ શત્રવઃ
કૈર્વિજ્ઞાતમિદં વિરાટનગરે છન્નસ્થિતૈઃ પાણ્ડવૈઃ .

ગુણી પુરુષોમાં વખાણવા જેવું શું છે ? ક્ષમા. અપમાન કયું ? જે પોતાના કૂળના માણસોએ કર્યું હોય તે. દુઃખ શું ? પારકાનો આશ્રય લે તે. મૃત્યુ એટલે શું ? વ્યસન. શોકમુક્ત કોણ ? જેમણે શત્રુઓને હરાવ્યા છે તે. આનું પૂરેપૂરું જ્ઞાન કોને થયું હતું ? વિરાટનગરમાં ગુપ્તવેશે રહેલા પાંડવોને.[૯૩]

આ સાથે મનુસ્મૃતિનો એક શ્લોક પણ તુલનાયોગ્ય છે. અજ્ઞાતવાસની પરવશતા એથી વધુ અણિયાળી બને છે :

સર્વ પરવશં દુઃખં સર્વાત્મવશં સુખમ્
એતદ્વિધાત્મા સેન ભક્ષણં સુખદુઃખયોઃ

(જે કોઈ પરવશ, પારકાને તાબે હોય તે બધું દુઃખ, અને જ પોતાને તાબે હોય તે તે સુખ. એ ટૂંકામાં સુખદુઃખનું લક્ષણ છે.)[૯૪]

આમ, આરણ્યકનું યક્ષપ્રશ્નોત્તરનું કથાનક વિરાટપર્વ સાથે અનુસંધાન ધરાવે છે. વિરાટપર્વના પહેલા અધ્યાયમાં પણ સંક્ષેપમાં તેનું પુનઃકથન, સૂચનકરવામાં આવે છે. (કેટલાક તો યક્ષપ્રશ્નોત્તરના સમગ્ર પ્રસંગને જ પ્રક્ષિપ્ત માને છે.) પરંતુ એ સ્વીકાર્ય નથી કેમ કે તેમાં બધી જ ઘટનાનું પુનરાવર્તન થતું નથી.

વિરાટપર્વ અન્તર્ગત પુરોહિત ધૌમ્ય પાંડવોને રાજદરબારમાં કઈ રીતે રહી શકાય, તે વિશે વિસ્તારથી ઉપદેશ આપે છે. એ દ્વારા પણ જાણી શકાય છે કે સેવકધર્મ કેવો કપરો છે. ધૌમ્ય કહે છે :'જે ઉનાળો કે શિયાળો એટલે કે તડકામાં કે ટાઢમાં, અથવા અધરાતે પણ રાજાની આજ્ઞાને સાંભળીને જે કરું કે ન કરું એવી દ્વિધામાં નથી પડતા તેવા લોકો જ રાજ્યમાં ટકી રહે છે. જે ઘર છોડીને પોતાના પ્રિય સ્વજનોનું સ્મરણ પણ ન કરે એ દુઃખ સહી શકે છે તે જ લોકો રાજાની ચાકરી કરી શકે છે.'[૯૫] યુધિષ્ઠિર ધૌમ્યના ઉપદેશને ઉત્તમ ગણાવી કહે છે કે માતા કુંતી અને વિદુર સિવાય કોણ અમને આવો હિતકારક બોધ આપે. યુધિષ્ઠિરની આ પ્રતિક્રિયા દ્વારા ધૌમ્ય અને પાંડવોની નિકટતા સૂચવાય છે.

ધૌમ્યનો આ ઉપદેશખંડ 'વિધુરપંડિત જાતક' ના 'રાજ્યવસતિકાંડ' સાથે મળતો આવે છે. આ બન્નેનું આટલું નિકટનું સામ્ય આપણા માટે સાહિત્યિક અને ઐતિહાસિક ઉભય પ્રકારના પ્રશ્નો ઊભા કરે છે.

લીડેર્સ એમના grantharecensionમાં આ બન્ને કૃતિપાઠને સ્વતંત્ર ગણાવે છે, અને તે બુદ્ધ પૂર્વેના કોઈ સમાન લૌકિક સ્રોતમાંથી લેવામાં આવ્યા હશે તેવું અનુમાન કરે છે.[૯૬] તેઓ આ ખંડનું 'કામાંદકી નીતિસાર' અને 'પંચતંત્ર'ના વાર્તાખંડ સાથે પણ સામ્ય તારવી બતાવે છે. 'પંચતંત્ર'માંથી ઉદ્ધૃત વાક્યખંડમાં તો અજ્ઞાતવાસની ઘટનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુઓઃ

અનભિજ્ઞો ભવાન્સેવાધર્મસ્ય. તત્કથમેનંવશીકરિષ્યતિ. દમનક આહ. યથૈવતુ પાણ્ડવાનાં વિરાટનગરપ્રવેશકાલે

ધૌમ્યમહર્ષિકથિત સકલોડપ્યનુજીવિધર્મો વિજ્ઞાત ઇતિ.[૯૭]

આમ, જેમાં કથાનક નથી , તેવા રાજસેવાધર્મનું વર્ણન કરતા ખંડોની પણ લોકપ્રચલિત પરંપરા હતી અને જુદા જુદા સાહિત્યિક ગ્રંથોમાં પણ તે સ્થાન પામતી હતી. ઉક્ત ઉદાહરણથી મહાભારત અને અન્ય પ્રાચીન ભારતીય સાહિત્ય વચ્ચેના આદાનપ્રદાનનો પરિચય પણ થાય છે.

'સુભાષિત રત્નભાંડાગાર'માં પણ રાજસેવાને લગતા શ્લોકોનું આલેખન મળે છે. તેમાંથી એક શ્લોક ધૌમ્યના ઉપદેશને પણ કેટલેક અંશે મળતો આવે છે. જુઓઃ

રાજસેવા મનુષ્યાણાં અસિધારાવલેહનમ્
વ્યાઘ્રીગાત્રપરિષ્વણો વ્યાલીવદન ચુમ્બનમ્ .

આ રીતે સમગ્ર અજ્ઞાતવાસનો સમયગાળો પાંડવો અને દ્રૌપદી માટે અનેક કસોટીઓ અને સંઘર્ષનો કાળ બની રહેવાનો છે તેનો સંકેત આ રીતે આરંભમાં જ કરી દેવામાં આવ્યો છે. વિરાટપર્વની ઘટનાઓ પણ તેનું સમર્થન કરે છે. પાંડવો કપરા કાળમાં પણ ધીરજ ખોતા નથી અને રાજસેવાધર્મનું બરોબર પાલન કરે છે ને ગુપ્ત વેશનું રક્ષણ કરે છે. એટલે ધૌમ્યનો ઉપદેશ તેમને સમગ્ર વર્ષ દરમ્યાન પથદર્શક બની રહ્યો હશે તેમ માની શકાય.

વિરાટપર્વની કૃતિસમીક્ષા દરમ્યાન પ્રસંગોનો આધાર અગાઉ વિરાટપર્વની સમગ્ર મહાભારત સાથે તુલના કરતી વખતે લીધો છે. હવે અહીં વિરાટપર્વના કેટલાંક મુખ્ય પાત્રો વિશેની નોંધ લીધી છે. વિરાટપર્વમાં પાંડવોના જીવનકાળના એક વર્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જગપ્રસિદ્ધ લોકપ્રસિદ્ધ એવાં પાંડવો માટે જાત છુપાવી રહેવું એમાં નિયતિની ક્રૂર યોજના જાણી શકાય છે. મહાભારતકારે -વિરાટપર્વના રચયિતાએ આ ઘટનામાં રહેલી સંકુલતાનો પૂરો લાભ લીધો છે. એટલે સમગ્ર મહાભારતમાં પાંડવોનું જે વ્યક્તિત્વ પ્રગટે છે તેમાં અજ્ઞાતવાસ દરમ્યાન પ્રગટતું વ્યક્તિત્વ વધુ મહત્ત્વનું બની રહે છે. ચરિત્રઆલેખનમાં તેને કારણે માનવીયતાનાં લક્ષણો વધુ ઉમેરાય છે. અહીં એ દૃષ્ટિએ આ પાત્રોની ચરિત્રરેખાની સંકુલતાને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે . એ માટે જ્યાં જરૂર જણાઈ ત્યાં આ ચરિત્રોની પૂર્વ કે પરવર્તી રેખાઓને પણ ખપમાં લીધી છે.

યુધિષ્ઠિર

વિરાટપર્વના આરંભે, યુધિષ્ઠિર અને અન્ય ભાઈઓ અજ્ઞાતવાસ દરમ્યાન કરવાના કાર્યની મંત્રણા કરે છે, એ દૃશ્યનું આલેખન કરવામાં આવ્યું છે. આ વિસ્તૃત ચર્ચા દરમ્યાન રચનાકાર પાત્રોના મનની ગતિવિધિઓને પણ પ્રગટ કરી આપે છે. અહીં અજ્ઞાતવાસ દરમ્યાન યુધિષ્ઠર ફરી એક વખત દ્યૂતને વ્યવસાય તરીકે સ્વીકારે છે એવું વર્ણન વાંચતાં જ આપણે આંચકો અનુભવીએ છીએ. યુધિષ્ઠિરની દ્યૂતપ્રીતિ તેમણે કરેલા પાસાના વર્ણનમાં બરોબર પ્રગટે છે :

વૈડુર્યાન્કાંચનાન્દઅન્તાન્ફલૈર્જ્યોતીરસઃ સહ
કૃષ્ણાક્ષૌલ્લોહિતાક્ષાંશ્ચ નિર્વર્ત્સ્યામિ મનોરમાન્ .

'વૈદુર્ય મણિથી જડેલાં, સોના તથા સફેદ હાથીદાંતમાંથી બનાવેલા કાળા અને લાલ ચિહ્નોવાળાં મનોહર પાસાં વડે નિર્વાહ કરીશ.'[૯૮]

લાંબા વનવાસના અંતરાલ પછી યુધિષ્ઠિર ફરી વિરાટની સભામાં દ્યૂત રમે છે અને એ વખતે તેમની હાજરીમાં જ, દ્યૂતક્રીડા દરમ્યાન જ દ્રૌપદીના જાહેરમાં અપમાનની ઘટનાનું પુનરાવર્તન થાય છે. આ વખતે યુધિષ્ઠિર તેમના સમગ્ર જીવનકાળમાં ક્યારેય નથી બોલ્યા તેવાં કઠોર વચનો કહે છે. એ અગાઉ આપણે નોંધ્યું જ છે. વનવાસનાં કષ્ટો,

જગપ્રસિદ્ધ પુરુષોનાં જીવનચરિત્રોનું શ્રવણ, ધર્મતત્ત્વજ્ઞાનના ગહન સિદ્ધાંતોની ચર્ચાઓમાંથી પ્રાપ્ત જ્ઞાન વગેરે કશું જ આ ક્ષણે, દ્યૂત રમવામાંથી તેમને ઉગારવામાં મદદરૂપ બનતું નથી.

આના અનુસંધાનમાં વિરાટપર્વનો બીજો એક પ્રસંગ જોઈએ. ત્યાં યુધિષ્ઠરનું તદ્દન વિરોધાભાસી વલણ જોવા મળે છે. ઉત્તરગોગ્રહના યુદ્ધવિજયના સમાચાર સાંભળી વિરાટ પ્રસન્ન બની યુધિષ્ઠરને દ્યૂત રમવાનું કહે છે. એ વખતે યુધિષ્ઠિર જુગારના ગેરફાયદા બતાવી સ્વયં પોતાનું દૃષ્ટાંત આપતાં કહે છે કે 'તમે રાજા યુધિષ્ઠરને જોયા હશે કે તેમના વિશે સાંભળ્યું હશે. તેઓ રાષ્ટ્રને અને દેવતુલ્ય એવા પોતાના ભાઈઓને જુગારમાં હારી ગયા હતા. એટલે જુગાર યોગ્ય નથી.[૯૯] (અહીં યુધિષ્ઠિર દ્રૌપદીનો નામોલ્લેખ કરતા નથી. શું તેમના મતે તે દ્રોપદીને હાર્યા નહોતા? એ વખતે આ પ્રશ્ન પુછાતાં દ્યૂતસભામાં પણ તેઓ મૌન રહ્યા હતા એ નોંધવું જોઈએ.) છતાં તમારું પ્રિય કરવા માગું છું. એટલે તમારી આજ્ઞા હોય તો રમીએ.' આમ દ્યૂતનો નિષેધ કર્યા પછી યુધિષ્ઠર વિરાટની આજ્ઞાને લીધે જ દ્યૂત રમવા ઉદ્યુક્ત થાય છે. સભાપર્વમાં પણ પહેલાં તો તે દ્યૂતનો નિષેધ કરે છે ને અનુદ્યૂત વખતે પણ બધાની મનાઈ છતાં માત્ર ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી જ દ્યૂત રમવા તૈયાર થાય છે.

વિરાટ યુધિષ્ઠિરના દ્યૂત દરમ્યાન સ્વાભાવિક રીતે ઉત્તર ગોગ્રહના વિજયનો વચ્ચે વચ્ચે ઉલ્લેખ થયા કરે છે. એ વખતે વિરાટપુત્ર ઉત્તરના પરાક્રમને વખાણે છે, જ્યારે યુધિષ્ઠિર વારંવાર બૃહન્નલા (અર્જુન)નાં વખાણ કરે છે. એની પાછળ ઉત્તરને ઉતારી પાડવાનો હેતુ નથી, પરંતુ અજ્ઞાતવાસનો સમય પૂરો થયો હોઈ યુધિષ્ઠિર હવે નિશ્ચિંત બન્યા છે, એટલે એ પ્રકારે બૃહન્નલાનાં વખાણ કરે છે કે જે કેટલેક અંશે, પરોક્ષ રીતે, અર્જુનને લાગુ પડે છે. વળી, વનવાસ -અજ્ઞાતવાસનાં તેર વર્ષોનાં સામટાં કષ્ટો માટે જવાબદાર કૌરવો અને તેમાંય દુર્યોધનને સેના સમેત હરાવીને અર્જુન આવે છે તેના આનંદને યુધિષ્ઠિર પ્રગટ થતો રોકી શકતા નથી. સંયમિત યુધિષ્ઠિરની ભાગ્યે જ જોવા મળતી ઉત્સાહિત છબિ અહીં પ્રગટી છે. કૌરવો સામેના પ્રતિશોધની શરૂઆત આમ શુકનવંતી છે. આરંભ તો સારો થયો છે એવો પણ અર્થ લઈ શકાય. એ આનંદ અછતો રહેતો નથી ને અર્જુનપ્રશંસારૂપે તે વ્યક્ત થઈને જ રહે છે.

વળી, દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કર્યા પછીનું અર્જુનનું આ મોટું યુદ્ધ છે. એ માટે અર્જુને કઠિન તપશ્ચર્યા કરવી પડી છે; અને પાંચ વર્ષ ભાઈઓ તથા પત્નીનો વિરહ સહન કરવો પડ્યો છે. એ માટે પાંચ વર્ષ સુધી યુધિષ્ઠિરે પણ ભ્રાતૃવિરહ સહ્યો છે. જે પ્રયોજન માટે દિવ્યાસ્ત્રો મેળવ્યાં હતાં એ દિવ્યાસ્ત્રો આજે સફળ પરિણામકારી બન્યાં છે. એ પ્રયોજનસિદ્ધિનો શુભ સંકેત એમાંથી મળી રહે છે.

યુધિષ્ઠિરની બૃહન્નલા-અર્જુન-પ્રશંસામાં આ બધું ભળ્યું છે, પરંતુ પુત્રવત્સલ વિરાટ સ્વાભાવિક રીતે પુત્રના પરાક્રમનો પક્ષ લે છે અને બૃહન્નલાની પ્રશંસા એને પુત્રપ્રેમમાં અવરોધક લાગે છે. એટલે એની પ્રતિક્રિયામાં પુત્રવત્સલ પિતાનું હૃદય જ જોઈ શકાય. બૃહન્નલા સામે એને મોટો વાંધો પણ નથી. દ્વારપાળ સમાચાર આપે છે ત્યારે એ સામેથી બન્નેને અંદર લઈ આવવા કહે છે એ દ્વારા આપણે તે જાણી શકીએ છીએ. નપુંસક જેનો સારથિ હોય તેનું તો રણમેદાનમાં મૃત્યુ જ થાય એવું એ માને છે ખરા, પરંતુ વિજયના સમાચારથી સ્વાભાવિક રીતે તે ઉત્તરની જેમ બૃહન્નલા પ્રત્યે પણ ઉમળકો અનુભવે છે.

યુધિષ્ઠિર-કંક- શરૂઆતમાં બે વખત બૃહન્નલાની પ્રશંસા કરે છે ત્યારે તે કશો પ્રતિભાવ પણ આપતા નથી. ત્રીજી વખતે તે યુધિષ્ઠિરને ચેતવણી આપે છે અને ચોથી વખતે અકારું બનતાં તે પાસાનો પ્રહાર કરે છે. પાસો યુધિ ષ્ઠિરના ચહેરા-મોઢા- પર વાગ્યો એ એક રીતે સારું જ થયું. એની દ્યૂતપ્રીતિ પર પાસા દ્વારા જ પ્રહાર થતો બતાવી મહાભારતકારે (વિરાટપર્વના રચયિતાએ)સૂક્ષ્મ વ્યંજના પ્રગટાવી છે. આમ એ યુધિષ્ઠિર પર પ્રહાર નથી પરંતુ એની દ્યૂતપ્રીતિ પર પ્રહાર છે. એ પછી યુધિષ્ઠિર ક્યારેય દ્યૂત રમ્યાનું જાણમાં નથી. જો કે કુરુક્ષેત્ર યુદ્ધ પછી ગદાયુદ્ધમાં, તે દુર્યોધનને

પાંચમાંથી કોઈ પણ એકની ગદાયુદ્ધમાં પ્રતિદ્વન્દ્વી તરીકે પસંદગી કરવા કહે છે. તેમાં જાણે કે તેઓ વધુ એક વખત, પ્રતીકાત્મક રીતે આખરી દાવ જ ખેલે છે. ખરાખરીની પળે પણ એમના દ્યૂતસંસ્કાર આવી રીતે જાગી ઊઠે છે. પરંતુ દૈવયોગે દુર્યોધન ભીમને પસંદ કરે છે ત્યારે તેમની જીત નક્કી થઈ જાય છે.

આમ, આ પ્રસંગમાં એક બાજુ પુત્રવત્સલ પિતા વિરાટ છે તો બીજી બાજુ ભ્રાતૃપ્રેમી યુધિષ્ઠિર છે. યુધિષ્ઠિરની દ્યૂતપ્રીતિ, નિષેધ કર્યા છતાં, અજ્ઞાતવાસની છેલ્લી ક્ષણોએ બનતી આ ઘટનામાં, સંકુલ સંકેતો પ્રગટાવી જાય છે.

યુધિષ્ઠિરના સંદર્ભમાં હવે વધુ એક પ્રસંગની ચર્ચા કરીએ. દુર્યોધનના કહેવાથી ભીષ્મ પાંડવોને શોધી કાઢવાની નીતિ બતાવે છે, કેમ કે ઉત્તમ નીતિવાળા પુરુષોની શોધ અનીતિમાન લોકો કરી શકે નહી તેવું ભીષ્મનું માનવું છે. અહીં ભીષ્મ પાંડવો જ્યાં હશે ત્યાં કેવી સ્થિતિ પ્રવર્તતી હશે તેનું વિસ્તારથી નિરૂપણ કરે છે. પરંતુ સમગ્ર વર્ણન દરમ્યાન પાંડવોને નહી, માત્ર યુધિષ્ઠિરને અનુલક્ષીને જ વિગતો આપવામાં આવી છે.[૧૦૦]

અહીં ભીષ્મ જાણે કે દુર્યોધનને યુધિષ્ઠિરનું ઠેકાણું સ્પષ્ટ રીતે જણાવી દે છે. યુધિષ્ઠિરના વ્યક્તિત્વ પ્રભાવને તેઓ સારી રીતે જાણે છે. આ વર્ણન દ્વારા યુધિષ્ઠિરના વ્યક્તિત્વ-પ્રભાવની આપણને પણ જાણ થાય છે. લોકકથા-ગીતોમાં તે બત્રીસલક્ષણાના કથાઘટક તરીકે પ્રચલિત છે. એનો અહીં ઉપયોગ થયો છે. (વધુ માટે જુઓ : પ્રકરણ -૩) સંસ્કૃત વિરાટપર્વમાં બહુ ઓછા કથાઘટકો પ્રયોજાયાં છે તેમાંનું આ એક મહત્ત્વનું કથાઘટક છે. અન્ય કેટલીક સંસ્કૃત કૃતિઓમાં પણ આ કથાઘટક પ્રયોજાયું છે. અહીં કાળગણનાશાસ્ત્રના જ્ઞાતા ભીષ્મ જરૂર જાણતા હશે કે પાંડવોનો અજ્ઞાતવાસનો સમય પૂરો થયો છે. કેમ કે યુધિષ્ઠિર સંબંધી આ વિગતો તેઓ ગોગ્રહણની ઘટનાના તેરેક દિવસો પહેલાં આપે છે. યુદ્ધ વખતે તો તેઓ દુર્યોધનને સ્પષ્ટ રીતે જણાવે છે કે પાંડવોની પ્રતિજ્ઞા પૂરી થયા ઉપર પાંચ મહિના કરતાં પણ વધુ સમય વીતી ગયો છે. એટલે તેનો પ્રતિજ્ઞાભંગનો દાવો સાચો નથી. આમ, આટલી વિગતપ્રચુર માહિતી આપીને તેઓ પાંડવોને શોધી કાઢવા માટે વધુ સરળતા કરી આપે છે, જેથી પાંડવો મળે તો તરત તેમનો હક આપી શકાય. આ રીતે દુર્યોધનને ગુપ્ત સ્થાન જણાવવામાં તેમની પાંડવપ્રીતિ જણાય છે. જો કે અહીં એક પ્રશ્ન થાય ખરો કે પાંડવો શા માટે એટલો બધો વધારાનો સમય છુપાયેલા રહે ? દાસત્વમાંથી છૂટવા માગતી કોઈ પણ વ્યક્તિ એક દિવસ પણ શું કામ એવી રીતે વેઠી લે ?

સાથે સાથે બીજો એક પ્રશ્ન થાય કે યુધિષ્ઠિરના આવા વ્યક્તિત્વનો પ્રભાવ પ્રકૃતિ ઉપર પણ પડતો હોય તો અજ્ઞાતવાસ દરમ્યાન કીચક ઉપર કેમ ન પડ્યો ? કેમ કે આ વર્ણનમાં જ કહેવાયું છે કે 'જે નગરમાં રાજા યુધિષ્ઠિર હશે ત્યાં કોઈ એકબીજાની ઈર્ષા નહીં કરતું હોય, કોઈ દુષ્ટ નહી હોય, અભિમાની કે પરદ્રોહી નહીં હોય, ત્યાં દરેક પોતપોતાના ધર્મ અનુસાર કર્મ કરતા હશે' અને 'જે દેશમાં રાજા યુધિષ્ઠિર હશે તે દેશમાં લોકો ધર્માચારી, અશુભ કામનો ત્યાગ કરનારા, શુભ કામ કરનારા તથા ઉત્તમ વ્રતોનું પાલન કરનારા હશે.' અહીં જેમ કીચક તેમ દુર્યોધન પણ તેની દુર્વૃત્તિ છોડી શકતા નથી. એટલે માની શકાય કે યુધિષ્ઠિર જેવા સત્યપ્રિય અને નીતિવાન પુરુષોના વ્યક્તિત્વનો પ્રભાવ સજ્જનો ઉપર જ પડે, દુર્જનો ઉપર નહીં. વળી, આવી અતિશયોક્તિને કવિસમય જ ગણવાની હોય.

યુધિષ્ઠિરના સત્યપાલનને લગતા અનેક પ્રસંગો મહાભારતમાં જોવા મળે છે. ઉપરાંત ભીષ્મ, વિદુર, દ્રોણ, દ્રૌપદી, ભીમ અને બીજા પણ ઘણા લોકોનો યુધિષ્ઠિરની સત્યપ્રીતિ માટે ઊંચો અભિપ્રાય હતો. દ્રૌપદી વસ્ત્રાહરણ વખતે ભીષ્મ જે કહે છે તે અને અશ્વત્થામા હણાયો છે કે નહીં તે વખતે દ્રોણ ખાતરી કરવા માટે યુધિષ્ઠિરને જ પૂછ્યા પછી જ શસ્ત્રત્યાગ કરે છે. આ તેમનાં નોંધપાત્ર ઉદાહરણો છે. યુધિષ્ઠિર પોતે પણ અનેક પ્રલોભનો છતાં સત્યને છોડવા લલચાતા નથી.

આમ છતાં મહાન સત્યપ્રિય એવા યુધિષ્ઠિરના સત્યપાલનના સંદર્ભમાં બે ઘટનાઓ જુદી તરી આવે છે. કુરુક્ષેત્રના ભીષણ યુદ્ધ વખતે યુધિષ્ઠિર ભીમ અને કૃષ્ણના આગ્રહને વશ થઈ 'અશ્વત્થામા (હાથી)હણાયો છે' તેવું અર્ધસત્ય

ઉચ્ચારે છે. અહીં તીવ્ર કટોકટીની પરિસ્થિતિમાં ક્ષણભર વિચલિત થયેલા યુધિષ્ઠિરની આપણને ઝાંખી થાય છે. આ અસત્યાચરણમાં કેટલેક અંશે વિજયની કામના પણ ભળી હશે, તેમ છતાં સંદર્ભોથી જાણી શકાય છે કે તેમાં દ્રોણના તીવ્ર પ્રહારોથી આકળા થયેલા સૈનિકોને બચાવી લેવાનો ભાવ પણ ભળેલો હતો જ. એટલે યુધિષ્ઠિરે સત્યના આભાસનો આશરો લેવો પડ્યો.

આવું જ એક બીજું ઉદાહરણ અજ્ઞાતવાસનું છે. તેને પણ આપત્તિના સમયે અનિવાર્યપણે પાલન કરવો પડે તેવો સત્યાભાસ ગણાવી શકાય. સત્યવાદી યુધિષ્ઠિર દ્યૂત રમે એ ઘટનામાં જ આપણને દેખીતો વિરોધાભાસ લાગે છે તેમ છતાં દ્યૂત તેમ જ યુદ્ધમાં આહ્વાન થતા પાછા હટે નહીં એવું વ્રત ક્ષત્રિય હોવાના નાતે યુધિષ્ઠિરે પણ પાળ્યું હતું પરંતુ એ મિથ્યા ધર્મપાલનને કારણે તેમને માટે વિકટ પરિસ્થિતિ ઊભી થઈ. તેને પરિણામે જ તેમણે અજ્ઞાતવાસ દરમ્યાન પૂરા એક વર્ષ સુધી કંકનો વેશ લઈ અસત્યાચરણ કરવું પડ્યું, અહીં અસત્યપાલન માટે તેમણે સતત જાગ્રત પણ રહેવું પડે છે અને કોઈ પોતાનું સાચું રૂપ ઓળખી ન જાય તેની કાળજી રાખવી પડે છે. અહીં દ્યૂતની શરત મુજબ ગુપ્તવાસ અનિવાર્ય હતો તેવો ખુલાસો આપી શકાય. એ દ્વારા પણ એ જ જાણી શકાય છે કે અજ્ઞાતવાસના મૂળમાં રહેલું દ્યૂત જ કેટલું અસત્ય અને અધાર્મિક છે. આમ, આ ઘટનાઓ દ્વારા સત્યનું આચરણ કેટલું દુષ્કર હોય છે એ મર્મને પ્રગટાવવાનો મહાભારતકારનો ઉદ્દેશ હોય તેમ લાગે છે.

ભીમ

ભીમ સંબંધી ત્રણ ઘટનાઓ વિરાટપર્વમાં મહત્ત્વની છે. એમાં સૌ પહેલાં જીમૂતવધની ઘટના મૂકી શકાય. બાલ્યકાળ અને કિશોરાવસ્થામાં ભીમ જ બધા પાંડવોમાં અગ્રેસર રહે છે. હસ્તિનાપુરમાં આવ્યા પછી કૌરવ-પાંડવની ટોળીની આગેવાની પણ તેણે જ લીધી હતી. એ વખતથી ભીમનાં પરાક્રમોથી દુર્યોધન અને કૌરવોના મનમાં ભય પેદા થયો હતો. તેમણે આ પ્રતિસ્પર્ધીને મારી નાંખવાના અનેક ઉપાયો પણ કર્યા હતા. આ કાયમી વેર કુરુક્ષેત્રના રણમેદાનમાં બન્ને પક્ષોને સામસામે લાવીને મૂકે છે. મહાભારતમાં તેણે કરેલાં અનેક પરાક્રમોનું વર્ણન કરવામાં આવ્યું છે. આદિપર્વ અને વનપર્વમાં તો ભીમે પોતાના બાહુબળે અનેક પરાક્રમગાથાઓને જન્મ આપ્યો છે. વિરાટપર્વમાં જીમૂતવધનો પ્રસંગ તો ભીમપરાક્રમગાથાનો એક વધુ મણકો જ બની રહે છે. પરંતુ કીચકવધની ઘટનામાં તેના વ્યક્તિત્વની વિશિષ્ટતા જ અસરકારક રીતે પ્રગટી શકે છે. એમાં પણ ભીમ-દ્રૌપદી સંવાદ અનેક રીતે મહત્ત્વનો બની રહે છે.

કીચકથી ત્રાસેલી અને ભરસભામાં વધુ એક વખત અપમાનિત થયેલી દ્રૌપદી ભીમ પાસે જાય છે ત્યારે કવિએ કરેલું વર્ણન નોંધપાત્ર છે :' જેમ કોઈ બગલી બગ પાસે જાય અથવા તો ત્રણ વર્ષની કોઈ વન્ય ગાય સાંઢ પાસે જાય તેમ દ્રૌપદી પાકશાળામાં ભીમ પાસે પહોંચી. જેમ ગોમતીને કાંઠે ખીલેલી વેલ શાલવૃક્ષને વળગી પડે તેમ દ્રૌપદીએ ભીમને આલિંગન કર્યું અને એવી રીતે ભીમને જગાડવા લાગી કે કોઈ સિંહણ ઘોર વનમાં સૂતેલા સિંહને જગાડે. વીણા પર ગાંધાર રાગના આલાપની જેમ મધુર સ્વરે તે બોલી કે 'ભીમસેન, ઊઠો, મૃતની જેમ કેમ સૂઓ છો. કેમ કે જીવિત પુરુષોની પત્નીઓનો નિરાદર કરી કોઈ જીવિત રહી શકતું નથી.'[૧૦૧]

આ વર્ણન સપ્રયોજન છે. તેમાં ભીમ અને દ્રૌપદીના જીવનની એક અંતરંગ ક્ષણનું આલેખન કરવામાં આવ્યું છે.ભીમ અને દ્રૌપદીના નૈકટ્યનું આવું આલેખન સમગ્ર મહાભારતમાં પણ બહુ ઓછી વખત જ મળે છે. આ મુલાકાત દરમ્યાન જ દ્રૌપદી પાંડવપતિઓની દુઃખી અવસ્થાને જોઈ પોતાને થતી પીડા જણાવે છે તેમાં પણ ભીમ સંબંધી વર્ણન જુદા પ્રકારનું છે તેનું પણ વિશિષ્ટ પ્રયોજન છે.

ભીમ જ્યારે સિંહ, વાઘ સાથે અખાડામાં લડે છે ત્યારે એ વખતે દ્રૌપદીને ગભરામણ થાય છે. દ્રૌપદીને દુઃખી

જોઈને સુદેષ્ણા પોતાની દાસીઓને કહે છે કે સહવાસને લીધે ઉત્પન્ન થયેલા પ્રેમને કારણે સૈરન્ધ્રી રસોઈયાના લડવા પર દુઃખી થાય છે.હમેશાના સહવાસને લીધે સૈરન્ધ્રી પોતાના પ્રિય સાથીની બહુ ચિંતા કરે છે. વળી, રાજભવનમાં બન્ને એક જ દિવસે આવ્યા છે એટલે જરૂર તેમનની વચ્ચે પ્રેમ હોવો જોઈએ. કેમ કે સૈરન્ધ્રી પણ સુંદર છે અને રસોઈયો પણ. સ્ત્રીઓના મનને કોણ જાણી શક્યું છે ? આ સાંભળીને મને ક્રોધ થાય છે એટલે રાણીની શંકા દૃઢ થાય છે કે તારી મારી વચ્ચે જરૂર પ્રેમ હોવો જોઈએ.'[૧૦૨]

અહીં, એક બાબત સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે અજ્ઞાતવાસ દરમ્યાન ભીમ પ્રત્યે દ્રૌપદીને કદાચ-અન્ય ચાર પતિ કરતાં વિશેષ ભાવ છે. ભીમે રસોઈનું કામ સ્વીકાર્યું હોવાથી રાજમહેલની પાકશાળામાં જ રહે છે. તે વખતે દાસી તરીકે દ્રૌપદીને પણ ભીમ સાથે વારંવાર કામ પડતું હશે. કદાચ મદદ પણ કરવી પડતી હશે. એટલે ભીમનો જ સંપર્ક વધારે વખત અને વધારે સરળ રીતે થતો રહેતો હશે. દ્રૌપદી રાતે પણ ભીમને સરળતાથી મળી શકે છે એ દ્વારા જ આપણે તે જાણી શકીએ છીએ. જ્યારે બીજા ચારમાંથી ત્રણ પતિ તો ઘણા દૂર છે. એક રાજસભામાં, એક વનમાં ગાયો ચારવા ને એક અશ્વશાળામાં, ને અર્જુન નૃત્યશાળામાં છોકરીઓ વચ્ચે રહે છે. એટલે ભીમ પછી સૌથી વધુ સરળતાથી દ્રૌપદી કોઈને મળી શકતી હોય તો તે અર્જુનને મળી શકતી હશે. જ્યારે બાકીના ત્રણેને તો ભાગ્યે જ મળવાનું બનતું હશે. એટલે સ્વાભાવિક રીતે, સમગ્ર વર્ષ દરમ્યાન, ભીમ તરફ જ દ્રૌપદીનો સઘળો ભાવપ્રવાહ વહેતો હશે. પરંતુ આ બન્ને પતિપત્નીના સંબંધથી જોડાયેલા છે તેવી વાસ્તવિકતા કે સત્ય રાણી સુદેષ્ણા જાણતી ન હોવાથી દ્રૌપદીને ક્રોધ થાય છે અને સંબંધ જણાવતાં તો રહસ્યપ્રગટ થઈ જાય. અજ્ઞાતવાસની શરતનો ભંગ થાય. આવી કટોકટી જ દ્રૌપદીના ક્રોધનું કારણ છે. પરંતુ એટલું તો નક્કી કે દ્રૌપદીનો ભીમ તરફનો વિશેષભાવ રાણી ઓળખી શકી છે.

આરણ્યકપર્વમાં પણ એક વખત દ્રૌપદી ભીમ પાસે સૌગન્ધિક પુષ્પો લાવી આપવાની માગણી કરે છે અને ભીમ મહાપ્રયત્ને સૌગન્ધિક મેળવી દ્રૌપદીને આપે છે. એ ઘટનામાં જેવો પ્રેમભાવ વ્યક્ત થયો હતો તેવો જ અહીં વ્યક્ત થાય છે. દ્રૌપદી-ભીમના પ્રણયજીવનનું આ અવિસ્મરણીય દૃશ્ય છે. પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે ભીમ જ દ્રૌપદીનો પ્રિય પતિ છે. પાંચ પતિઓમાંથી દ્રૌપદીનો સ્વપ્નપુરુષ તો અર્જુન જ હતો. અર્જુને જ તેને સ્વબળે પ્રાપ્ત કરી હતી. દ્રૌપદી બધા પતિઓ કરતાં અર્જુન પર જ વિશેષ ભાવ રાખતી હતી એટલે જ અધવચ્ચે તે પતન પામી એમ સ્વર્ગારોહણ વખતે યુધિષ્ઠિર પણ કબૂલે છે. ભીમ તો દ્રૌપદીને મન પ્રેમી કરતાં રક્ષક વધુ છે છતાં આ બે પ્રસંગ એવા છે કે જેમાં દ્રૌપદીને મન ભીમના સ્નેહનું મૂલ્ય અર્જુન કરતાં પણ વિશેષ રહ્યું હોય એમ પ્રતીત થાય છે. અહીં દ્રૌપદીના વર્તનમાંથી પણ એ પ્રગટ થાય છે. કીચકથી માત્ર ભીમ જ પોતાને ઉગારશે એ સત્ય તે જાણે છે. ઉપરાંત ભીમના વિચારમાત્રથી તે પોતાને 'નાથવતી' - સુરક્ષિત -સમજવા લાગે છે.યુધિષ્ઠિર, અર્જુન કે નકુળ સહદેવના વિચારથી નહીં; તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. યુધિષ્ઠિર તો હમેશાં તેને દુઃખમાં ધકેલતા રહ્યા છે અને એ કષ્ટોમાંથી ભીમ જ તેને ઉગારતો રહ્યો છે. પ્રિય અર્જુનના સંદર્ભમાં તો તેને સહવાસ કરતાં વિરહ જ વધુ ભોગવવાનો આવ્યો છે. જ્યારે સહદેવ નકુળના સંદર્ભમાં તો સ્નેહભાવની સાથે વાત્સલ્યભાવ પણ ભળેલો છે.

અહીં ભીમ સમક્ષ જ કુંતાનું વચન યાદ કરતાં દ્રૌપદી કહે છે કે 'કુંતાએ મને વનમાં જતી વખતે કહ્યું હતું કે તું હમેશાં સહદેવનકુળની -રાતે પણ- રક્ષા કરજે.'[૧૦૩] અહીં વાત્સલ્યભાવસંદર્ભ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે, એટલે અજ્ઞાતવાસના સમયે ભીમ જ હમેશની જેમ તેના રક્ષક ઉપરાંત પ્રેમી પતિના રૂપમાં ઉપસ્થિત થાય છે. દ્રૌપદીનો પ્રેમ કઠોર હૃદયના ભીમને પણ પીગળાવી શકે છે. દ્રૌપદી જ્યારે રડતાં રડતાં પોતાના હાથમાં પડેલા ફોલ્લા ભીમને બતાવે છે ત્યારે ભીમ તેના હાથને ચૂમીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડે છે. અગંભીર ગણાતા ભીમનું અહીં ભાવસભર વ્યક્તિત્વ પ્રગટ્યું છે. ભીમનું કઠોર હૃદય પણ કેવું ભાવપૂર્ણ છે તેની પ્રતીતિ આ પ્રસંગે થાય છે. આ જ ભીમ કુરુક્ષેત્રના યુદ્ધ વખતે બધા કૌરવોની નિર્મમ હત્યા કરે છે, પરંતુ દ્યૂતસભા વખતે દ્રૌપદીનો પક્ષ લેનાર વિકર્ણના મૃત્યુ પર એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડે

છે. આ બે પ્રસંગો સિવાય આખા મહાભારતમાં ભીમનું આર્દ્ર હૃદય પ્રગટ થયું હોય તેવા બીજા પ્રસંગો મળતા નથી.

દ્રૌપદીની કરુણ સ્થિતિ જોઈ ભીમ પોતાના બાહુબળ અને અર્જુનના ગાંડીવને ધિક્કારે છે. એમાં પણ જે પત્ની -પ્રિયાનુ દુઃખ દૂર ન કરી શકે તેવું બળશૌર્ય શા કામનું એવો સ્નેહભાવ જોવા મળે છે. આ ઘટનાથી સ્વાભાવિક રીતે જ ભીમને દ્યૂતસભાની સ્મૃતિ થઈ આવે છે અને દ્રૌપદીનું અપમાન કરનાર દુર્યોધન આદિ હજી જીવિત છે તેથી તેના હૃદયમાં શૂળ ભોંકાય છે. પરંતુ દ્રૌપદી યુધિષ્ઠિરની જે રીતે ભર્ત્સના કરે છે તે યુધિષ્ઠિર જાણશે તો આત્મહત્યા કરી લેશે. યુધિષ્ઠિર ન રહેવાથી અર્જુન નકુળ સહદેવ પણ મૃત્યુ પામશે. જો આ બધા ન હોય તો પોતે પણ કેમ જીવિત રહી શકે ? એમ ભીમ કહે છે, તેમાં તેનો ભ્રાતૃપ્રેમ જ પ્રગટ થયો છે.

આ પછી ભીમ દ્રૌપદીને ક્રોધ છોડી દેવા અને ધર્મનો ત્યાગ ન કરવા કહે છે. તેમ જ સુકન્યા, ઇન્દ્રસેના, સીતા, લોપામુદ્રા જેવી પતિવ્રતા, ચારિત્ર્યશીલ નારીના દૃષ્ટાંત આપે છે. હવે પંદર દિવસ પછી અજ્ઞાતવાસનો કાળ સમાપ્ત થવાનો હોઈ, તેર વર્ષ પૂરાં થઈ જતાં તું ફરી મહારાણી બની જઈશ એમ કરી ફરી સાન્ત્વન આપવાનો પ્રયત્ન કરે છે. ભીમના મનમાં એમ છે કે શરતપાલન પૂરું થતાં દુર્યોધન સરળતાથી રાજભાગ આપી દેશે. એને તો આ ક્ષણે મહાયુદ્ધની કલ્પના પણ આવતી નથી. ભીમ દ્રૌપદીને અહીં જે રીતે સમજાવે છે તેમાં ભીમના માધ્યમે યુધિષ્ઠિર બોલતા હોય તેમ આપણને લાગે છે. ભીમ આવું ભાગ્યે જ બોલે. તેમાંય બોધપ્રદ તો ક્યારેય નહીં. ક્ષમાની વાત તેના મુખ પર કદી આવી જ નથી. તેનો અભિગમ યુધિષ્ઠિર જેવો આદર્શવાદી કે વાયવી નહીં પરંતુ હમેશાં વાસ્તવિક જ જોવા મળે છે. અહીં તેનાથી ભીમનું ઊલટું વ્યક્તિત્વ ઊઘડે છે. આવો એક પ્રસંગ મહાભારતમાં અન્યત્ર પણ મળે છે. કૃષ્ણ જ્યારે વિષ્ટિ માટે જવા તૈયાર થયા ત્યારે ભીમે ગમે તેમ કરીને કૌરવો સાથે સંધિ થાય તેવા પ્રયત્નો કરવાની વિનંતી કરી, અને ભરતવંશનો સર્વનાશ ન થાય તે માટે કૌરવોના અનુયાયી થવાની તૈયારી પણ બતાવી. જે સતત કૌરવો સાથે યુદ્ધની જ તરફેણ કરતો હતો; દ્રૌપદીના અપમાનનો બદલો વાળવા માટે કૌરવોનો સર્વનાશ કરવા હમેશાં તત્પર હતો તે ભીમને જ સંધિની વાત કરતો જોઈ કૃષ્ણને પણ નવાઈ લાગે છે. એ વિશે ભીમને પૂછે પણ છે, ત્યારે ભીમ કહે છે કે પોતે માત્ર દયાભાવથી પ્રેરાઈને જ આમ કહેતો હતો.[૧૦૪]

આમ, ભીમ ક્યારેક યુધિષ્ઠિરના સાચા અનુજ હોવાની પણ આપણને પ્રતીતિ કરાવે છે. આ વખતે પણ તેની વર્તણૂક નવાઈ ઉપજાવે તેવી છે. જો કે દ્રૌપદી 'તમે તમારી પ્રતિજ્ઞા પાળજો. પાળી શકશો પણ પોતાની પત્નીને ગુમાવી બેસશો.' એમ કહી પ્રાણત્યાગની ધમકી આપે છે ત્યારે ભીમ કીચકનો નાશ કરવા માટે તૈયાર થાય છે અને દ્રૌપદીના વધુ એક સંકટને દૂર કરવામાં સફળ થાય છે.

કીચકવધ દરમ્યાન ભીમનું પ્રાકૃત કહી શકાય તેવું વ્યક્તિત્વ પ્રગટે છે. કીચક સાથે ભીમ જે દુર્વ્યવહાર કરે છે અને ઘોર, ક્રૂર રીતે તેની હત્યા કરે છે તે આપણને અમાનવીય જ લાગે તે પ્રકારની છે. ભવિષ્યમાં દુઃશાસન, દુર્યોધનવધ વખતે પણ તેના આવા જ રૌદ્ર રૂપનો આપણને પરિચય થાય છે. આવી વર્તણૂક તો તેણે અજાણ્યા જીમૂત સાથે પણ કરી નહોતી. ગૌગ્રહણ યુદ્ધ વખતે પણ તે સુશર્મા સાથે અમાનવીય વ્યવહાર કરે છે. જો કે તેને મારી નાખવાની ઇચ્છા હોવા છતાં યુધિષ્ઠિરના ક્ષમાભાવને જાણતો હોવાથી તેને કેદ પકડી યુધિષ્ઠિર પાસે લાવે છે અને વિરાટનું દાસત્વ સ્વીકારવાનું કહે છે. અજ્ઞાતવાસના એક વર્ષ દરમ્યાન ભીમને દાસત્વનો, બંધનાવસ્થાનો દારુણ અનુભવ થયો છે એથી તે જાણે છે કે દાસત્વ કેટલું કઠણ છે. તેને મન દાસત્વ એ મૃત્યુનો પર્યાય છે. દાસત્વ પ્રત્યેનો અણગમો અહીં આ રીતે પ્રગટ્યો છે. ભીમ વાયુનો પુત્ર છે. વાયુનું એક લક્ષણ મુક્ત, સ્વૈરવિહાર છે. તે કોઈના બંધન કે આધિપત્યને સ્વીકારી ન શકે. યુધિષ્ઠિર પણ દાસત્વ કેવું અકારું-આકરું છે તે જાણે છે, એટલે જ તરત સુશર્માને તેમાંથી મુક્ત કરે છે. આમ, શત્રુઓ સાથે ભીમ હમેશાં કઠોર, ક્રૂર વર્તાવ કરે છે તે પાછળ તેનો યાતનામય ભૂતકાળ અને જીવનસંઘર્ષ જ કારણભૂત છે. પાંચે ભાઈઓમાં માત્ર ભીમનો જ વેદનાબોધ સૌથી તીવ્ર હતો.

વિરાટપર્વના અંત ભાગમાં જ અર્જુનના પરાક્રમી વ્યક્તિત્વને પ્રગટ કરતી યુદ્ધની ઘટના બને છે. પરંતુ તેની ભૂમિકા રચનાકારે આરંભમાં જ બાંધી લીધી છે. અજ્ઞાતવાસની ચર્ચા દરમ્યાન, યુધિષ્ઠિર અર્જુનને તેના ગુપ્ત રહેવા વિશે પૂછે છે ત્યારે અર્જુન માટે અનેક વિશેષણો વાપરવામાં આવ્યાં છે અને તેનાં અપૂર્વ પરાક્રમોને યાદ કરી તેની મહત્તા સિદ્ધ કરવામાં આવી છે. આવા શ્રેષ્ઠ, પરાક્રમી પુરુષને, અહી ગણાવી તેવી પ્રસિદ્ધિ અજ્ઞાતવાસ દરમ્યાન જાત છુપાવવામાં અવરોધક બને એ પણ ખૂબીથી સૂચવી દેવામાં આવ્યું છે. વળી, આવા પરાક્રમી પુરુષને એક વર્ષ દરમ્યાન નપુંસક બનીને રહેવું પડે છે તેમાં પણ તીવ્ર વિડંબના જ જોઈ શકાય.

આ સમગ્ર ચર્ચાને અંતે અર્જુન કહે છે કે 'હું કૃત્રિમ વેશ ધારણ કરી વિરાટનગરમાં રહીશ.' અહીં 'યથા નલ' એવું પદ પ્રયોજાયું છે.[૧૦૫] એક રીતે અહીં અર્જુન જેવા જ પરાક્રમી રાજા નળના ગુપ્તવાસનું સૂચન કરવામાં આવ્યું છે. જ્યારે તેનો બીજો અર્થ 'રાખમાં છુપાયેલા અગ્નિની જેમ' એવો પણ થાય છે. અર્જુન વિરાટના દરબારમાં ઉપસ્થિત થાય છે ત્યારે નપુંસક વેશ ધારણ કર્યો હોવા છતાં તેનું પૌરુષ અછતું રહેતું નથી. વિરાટ પણ 'આ ભુજાઓમાં ધનુષ્ય જ શોભે' એમ ભારપૂર્વક કહી મત્સ્ય દેશનું રાજ્ય સંભાળી લેવા કહે છે. કેમ કે તેના જેવો પુરુષ ક્યારેય નપુંસક હોય નહીં તેમ વિરાટનું માનવું છે.

આ પછી અર્જુનનું પાત્ર નેપથ્યમાં જતું રહે છે. તે છેક કીચકવધના અંતે ફરી પ્રવેશ કરે છે. ઉપકીચકો સમેત કીચકના નાશ પછી દ્રૌપદી નૃત્યશાળા આગળથી પસાર થતી હોય છે ત્યારે કન્યાઓ સમેત અર્જુન બહાર નીકળી તેને મળે છે. કન્યાઓ દ્રૌપદી દુઃખ અને ભયથી મુક્ત બની તેનો આનંદ વ્યક્ત કરે છે. બૃહન્નલારૂપી અર્જુન પણ દ્રૌપદી પાસેથી બધી વાત જાણવા માગે છે ત્યારે દ્રૌપદી કટાક્ષયુક્ત સ્વરમાં કહે છે, 'હે બૃહન્નલા, તમે કન્યાઓ સાથે સુખેથી રહો છો, તમને સૈરન્ધ્રીથી શી લેવાદેવા ? સૈરન્ધ્રીને જે દુઃખ ભોગવવું પડે છે તે તમારે તો નથી. એટલે તમે મને આ રીતે પૂછી રહ્યા છો ?'[૧૦૬]

અર્જુન પ્રત્યે ભારોભાર તિરસ્કાર પ્રગટ કરતી આ વ્યંગોક્તિ પાછળ રહેલી દ્રૌપદીની પીડાનો અણસાર પણ મળે છે. એ વખતે અર્જુન પણ પોતાની નપુંસક અવસ્થાને જ સૌથી વધુ દુઃખદાયક જણાવે છે અને પોતે ખરેખર સુખી છે તેમ ન માનવા કહે છે. અજ્ઞાતવાસના લાંબા સમયગાળામાં અર્જુન દ્રૌપદી વચ્ચેની આ પહેલી મહત્ત્વની મુલાકાત છે. અહીં સમગ્ર વર્ષ દરમ્યાન નારીસંસર્ગમાં રહેલા અર્જુન પ્રત્યે દ્રૌપદીની ઈર્ષ્યા પણ થોડેક અંશે પ્રગટ થયા વિના રહેતી નથી. એ પણ કીચકવધને અંતે અર્જુન પ્રત્યેના ઉપાલંભમાં આ રીતે જોઈ શકાય છે. અગાઉ સુભદ્રા સાથે અર્જુનના વિવાહથી પણ દ્રૌપદીની આવી જ ઈર્ષ્યા પ્રગટ થઈ હતી. એ પ્રસંગની તુલના પણ આ પ્રસંગ સાથે કરી શકાય.

અર્જુનના પરાક્રમી વ્યક્તિત્વનો ઉત્તર ગૌગ્રહણના યુદ્ધ વખતે જ આપણને પરિચય થાય છે. કાયર ઉત્તરને એ જ પ્રોત્સાહિત કરે છે અને સ્વયં યુદ્ધ કરવા પણ તત્પર થાય છે. દ્રોણ પણ અર્જુને યુદ્ધમાં સાક્ષાત શિવને હરાવ્યા છે અને ઇન્દ્ર પાસેથી પણ યુદ્ધવિદ્યા શીખી છે તે ઘટનાનો ઉલ્લેખ કરે છે. અર્જુનના પરાક્રમમહિમાથી જ કૌરવ મહારથીઓ વચ્ચે વિવાદ ઊભો થાય છે. યુદ્ધમેદાનમાં અર્જુનનો ઓચિંતો પ્રવેશ એ કૌરવસેના માટે કૂવામાંના અગ્નિ જેવો સંકટમય બન્યો છે. બાર વર્ષ સુધી વનમાં રહીને મહાપરાક્રમી અર્જુને ક્રોધને શમાવ્યો હતો તે ગૌગ્રહણ યુદ્ધ વખતે કૌરવો ઉપર પ્રગટ થાય છે. અર્જુન પોતાના પરાક્રમ અને યુદ્ધકૌશલ્યથી એકલે હાથે સકલ સેના તથા ભીષ્મ, દ્રોણ,કર્ણ, અશ્વત્થામા, કૃપાચાર્ય, દુઃશાસન અને દુર્યોધન વગેરે મહારથીઓને હરાવે છે. આ સમયે અર્જુને ધાર્યું હોત તો દરેકનો વિનાશ કરી રાજ્યને પ્રાપ્ત કરી શક્યો હોત. એ હદે તેનું પરાક્રમ પ્રગટ થયું છે. છતાં અર્જુન તેમ કરતો નથી. તેથી આપણી જેમ દુર્યોધનને પણ નવાઈ થાય છે અને એ વિશે ભીષ્મને પૂછે પણ છે. ભીષ્મ જવાબ આપે છે કે ત્રણે લોકના રાજ્યના

લોભે પણ અર્જુન ધર્મને છોડે નહીં માટે બધાને જીવિત રાખ્યા છે. ભીષ્મના આ પ્રત્યુત્તરમાં અર્જુનનું ધર્મનિષ્ઠ વ્યક્તિત્વ પ્રગટ થયું છે. અર્જુન યુદ્ધના મહાન વિજય પછી પણ નમ્ર જ રહે છે અને ભીષ્મ દ્રોણ, કૃપાચાર્યને શીષ નમાવી પ્રણામ કરે છે. અશ્વત્થામા આદિને પણ બાણથી વંદન કરે છે.

વિજયી અર્જુન નગરભણી જઈ રહ્યો છે ત્યારે કૌરવસેનામાંથી નાસી ગયેલા સૈનિકો અર્જુનને શરણે આવે છે. થાકેલા ભૂખ્યા તરસ્યા સૈનિકોને અર્જુન અભયદાન આપે છે. અહીં તેની માનવતાનાં આપણને દર્શન થાય છે. અર્જુન સ્વયં દીન,દુઃખી, વૃદ્ધ, પરાજિત, શસ્ત્ર ત્યાગનાર અને શરણાગતને પોતે હણતો, મારતો નથી એમ કહે છે. તેમાં ક્ષમા વીરસ્ય ભૂષણમ્ એ ઉક્તિ અર્જુનના સંદર્ભમાં સાર્થક સાબિત થાય છે.

ગૌગ્રહણ યુદ્ધના વિજયનું કર્તૃત્વ પણ ઉત્તરનું ગણાવવામાં તેની નમ્રતા જ પ્રગટ થઈ છે. યુદ્ધમાં પોતાનું પરાક્રમ પ્રગટ ન કરવાનું અર્જુન કહે છે તેમાં તેને કીર્તિનો લોભ મોહ નથી એ જણાઈ આવે છે. જેના આશરે વરસ કાઢ્યું તેને તે વિજયનો યશ આપવા માગે છે, એમાં તેની મોટાઈ છે. ગુપ્ત રહેવાના પ્રયોજનથી તેણે આમ કર્યું હશે એ કારણ માની ન શકાય એવું છે. કેમ કે કૌરવ મહારથીઓ તેને ઓળખી ચૂક્યા છે અને પાંડવોએ ધર્મપૂર્વક અજ્ઞાતવાસ - વનવાસની શરતનું પાલન કર્યું છે એવો ભીષ્મે કરેલો ખુલાસો દુર્યોધન સહિત બધાએ સ્વીકાર્યો છે. એટલે પાંડવોના ભયે રાજા વિરાટ પ્રાણત્યાગ ન કરે (ગોરખપુરની આવૃત્તિ પ્રમાણે) એની ચિંતાથી તે આમ કહે છે.એ બરોબર પણ લાગે છે. છતાં, ઉત્તરને વિજયનો યશ આપવામાં તેના હૃદયની વિશાળતાનો જ પરિચય થાય છે. ઉત્તર પણ અર્જુન ઇચ્છે ત્યારે જ પોતે રહસ્ય પ્રગટ કરશે તેવું વચન આપે છે.

દક્ષિણ ગૌગ્રહનો વિજય ભીમે મેળવ્યો છે તો ઉત્તર ગૌગ્રહનો વિજય અર્જુન મેળવે છે. આમ બન્નેની વિજયગાથા સમાન્તરે ચાલે છે. છેક આરંભથી તે કુરુક્ષેત્રના મહાયુદ્ધ સુધી ભીમ અને અર્જુનનાં પરાક્રમોનું વર્ણન મહાભારતમાં સમાન્તરે કરવામાં આવ્યું છે. શૌર્યપરાક્રમની દૃષ્ટિએ જોઈએ તો અર્જુન આ રીતે, હમેશા ભીમથી ઘણો નિકટ છે, તેમ છતાં બન્નેના સ્વભાવ અને (કાર્યમાંથી પ્રાપ્ત થતી) ઉપલબ્ધિ ભિન્ન ભિન્ન છે. અર્જુન નિર્વિઘ્ને સ્વર્ગમાં જઈ દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ કરી શક્યો છે. જ્યારે ભીમને ગંધમાદન સુધી પહોંચતાં પણ ખૂબ સંઘર્ષ કરવો પડ્યો છે. ભીમ વનવાસ દરમ્યાન બહુ બહુ તો હિડિંબા જેવી રાક્ષસીને જ પ્રાપ્ત કરી શક્યો છે. જ્યારે અર્જુન ઉલૂપી, ચિત્રાંગદા ને સુભદ્રા જેવી એકથી વધુ સ્ત્રીઓને મેળવી શક્યો છે. વળી, ઉર્વશી જેવી અપ્સરા પણ તેના પર મોહી પડી હતી. ભીમ માટે આ શક્ય નથી. ભીમના ક્રોધ, આવેશ અને ઉગ્રતાનો અર્જુનમાં અભાવ છે. આ બાબતમાં તે યુધિષ્ઠિરની નિકટ છે. કેટલીક વખત તીવ્ર સંઘર્ષની ક્ષણોમાં તે યુધિષ્ઠિરની જેમ સ્થિર ભાવ રાખી શકે છે. ભીમ ની બાબતમાં આવું કહી શકાતું નથી. ભીમ હમેશા પોતાના મનોભાવને ઉગ્રતાથી જ વ્યક્ત કરતો રહ્યો છે. અહી તો અર્જુન ગૌગ્રહણ યુદ્ધ પછી ઉત્તરાનો પોતાના માટે નહીં પરંતુ પુત્ર અભિમન્યુ માટે સ્વીકાર કરે છે તેમાં યુધિષ્ઠિરની ભાવનામય, આદર્શવાદી ભૂમિકા જ પ્રગટતી જોવા મળે છે. આમ, સાચા અર્થમાં તે યુધિષ્ઠિર અને ભીમનો અનુજ બની રહે છે.

દ્રૌપદી

દ્રૌપદીના સમગ્ર જીવનની જેમ વનવાસનાં વર્ષો પણ તેને માટે સંઘર્ષ અને યાતનામય બની રહે છે. તેની પરાકાષ્ઠા અજ્ઞાતવાસમાં જોવા મળે છે. એની યાતનાનો સંકેત વિરાટપર્વના આરંભમાં જ સૂક્ષ્મ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે. એ આપણે આ પ્રકરણમાં આગળ જોયું છે. અજ્ઞાતવાસ દરમ્યાન એના રૂપસૌન્દર્યને લીધે જ મોટું સંકટ ઊભું થવાનું છે એની પૂર્વભૂમિકા રૂપે દ્રૌપદીના નગરપ્રવેશ વખતે દ્રૌપદીના સૌન્દર્યનું વિશિષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે.[૧૦૭]

આ વર્ણનમાં દ્રૌપદીના સૌન્દર્યને કાશ્મીર દેશની ઘોડી જેમ અનેક શુભ લક્ષણોવાળું કહ્યું છે. દ્રૌપદીના સૌન્દર્યવર્ણનમાં

પ્રયોજાયેલો 'ષડ્ન્નુતા' શબ્દ વસિષ્ઠની ગાયના સંદર્ભમાં પણ પ્રયોજાયો છે. અહીં નારીસૌન્દર્યનું પ્રાણી સાથે સાદૃશ્ય બતાવવાની પ્રચલિત રીતિ જોવા મળે છે. જ્યારે 'નિમ્નનાભિ' એવો શબ્દ કાલિદાસે પણ 'ઉત્તરમેઘ'માં યક્ષપત્ની માટે પ્રયોજ્યો છે. એટલે આ વર્ણન પરંપરાગત પણ છે તે જાણી શકાય છે. સામુદ્રિકશાસ્ત્રની દૃષ્ટિએ પણ આ વર્ણન તપાસવા જેવું છે. સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે 'ષડન્નુતા'માં નાસિકા, મુખ, સ્તન, નખ, કટિ અને ગરદન એ અવયવોનો સમાવેશ કરવામાં આવે છે. એમાંથી કેટલાંક આમાં મળે છે. જ્યારે દ્રૌપદીના પાંચ રક્તવર્ણ અવયવોનું સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે જ આલેખન કરવામાં આવ્યું છે.[૧૦૮]

દ્રૌપદીના આવા અદ્ભુત સૌન્દર્યને જોઈ સુદેષ્ણા પણ તેને દાસી માનવા તૈયાર થતી નથી. સુદેષ્ણાને મતે આવી રૂપવતી સ્ત્રીઓ દાસી ન હોઈ શકે પરંતુ એ તો અનેક દાસીઓને આજ્ઞા કરનારી રાણી જ હોય છે. દ્રૌપદીનું આ સૌન્દર્ય જ ચાકરી મેળવવામાં પણ અવરોધરૂપ બની રહે છે. સુદેષ્ણાને પણ ભય લાગે છે અને રાજા તેના પર લુબ્ધ થઈ જશે, એવી આશંકા થાય છે. દ્રૌપદી રાણીનો ભય દૂર કરતાં કહે છે કે 'રાજા વિરાટ કે બીજો કોઈ પુરુષ મને પ્રાપ્ત કરી શકે એમ નથી. કેમ કે મારા પાંચ ગંધર્વ પતિઓ હમેશાં મારી રક્ષા કરે છે ને જે કોઈ મને સામાન્ય માની બળપૂર્વક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે એ તે જ વખતે 'વિરૂપ બની' મૃત્યુ પામે છે.'[૧૦૯] દ્રોપદીના આ વિધાનને કીચકના સંદર્ભમાં આગાહી જ ગણી શકાય. આ ઉપરાંત દ્રૌપદી પોતાને પતિવ્રતાધર્મ અને સતીત્વમાંથી કોઈ પણ ચલિત કરી શકે તેમ નથી એમ કહે છે ત્યારે જ સુદેષ્ણા તેને ચાકરીએ રાખવા તૈયાર થાય છે. આમ દ્રૌપદી પોતાને પ્રોષિતભર્તૃકા ગણાવીને જ વિરાટનગરમાં આશરો મેળવી શકે છે.

વિરાટનગરમાં દસ મહિનાના સમયગાળા દરમ્યાન દ્રૌપદીને દાસત્વ સિવાયની ખાસ કોઈ વિટંબણાઓનો સામનો કરવો પડતો નથી. પરંતુ એ રાહતના દિવસોનું સાટું છેલ્લા બે મહિનામાં વળી જાય છે. દ્રૌપદી કીચકની દૃષ્ટિએ પડે છે ત્યારથી જ તેની મુસીબતો અને યાતનાનો આરંભ થાય છે. દ્રૌપદી કીચકની કામમાગણીનો પ્રતિકાર કરતા કહે છે કે 'પોતે દાસી હોવાથી તેને યોગ્ય નથી. વળી, દરેક સ્ત્રી તેમના પતિને પ્રિય હોય છે. હું પણ અન્યની પત્ની છું એટલે આવી માગણી અધર્મ છે. ઉત્તમ પુરુષોનો ધર્મ છે કે તે બીજી સ્ત્રીઓ પર આસક્તિ ન રાખે અને છતાં કોઈ પાપી પરસ્ત્રીનો મોહ રાખે તો તે અયશ અને ભયને પામે છે.'[૧૧૦] દ્રૌપદી આમ વિધવિધ રીતે કીચકને સમજાવે છે પરંતુ કીચક ઉપર તેની કશી અસર થતી નથી. જો કે તે દ્વારા દ્રોપદીના એકનિષ્ઠ પતિપ્રેમનો આપણને પરિચય થાય છે. જગતના પ્રાચીન સાહિત્યમાં નારીજાતિની પ્રશંસા કરવાનું વલણ ખાસ જોવા મળતું નથી. મહાભારત એમાં અપવાદરૂપ છે. મહાભારતમાં અનેક સ્થાનોએ શીલવતી અને સતી સાધ્વી સ્ત્રીઓની પ્રશંસા કરતા શ્લોક વિશાળ સંખ્યામાં મળી આવે છે. એ પ્રકારનાં કથાનકોનું પ્રમાણ પણ ઘણું છે. દ્રૌપદીના માધ્યમે પણ મહાભારતકાર આ જ પ્રયોજનને સિદ્ધ કરે છે. જો કે મહાભારતમાં અસતી સ્ત્રીઓની નિંદા કરવામાં નથી આવી એવું તો નથી જ. અસતી સ્ત્રીઓની સાથે કામી પુરુષોના દુશ્ચરિત્રો ઉપર પ્રહાર કરવાનું પણ મહાભારતકાર ચૂકતા નથી. વિરાટપર્વમાં પણ કામીજનોની ભારોભાર નિંદા કરવામાં આવી છે.

દ્રૌપદીના અનાદર પછી કીચક સુદેષ્ણા પાસે જાય છે અને ગમે તેમ કરી દ્રૌપદી પોતાને વશ થાય તેવો ઉપાય કરવા કહે છે. સુદેષ્ણા તેને સધિયારો આપે છે. થોડાક દિવસો પછી સુદેષ્ણા યોજના મુજબ કીચકને ત્યાંથી મદ્ય લઈ આવવાનું કામ સોંપે છે. દ્રૌપદી તે વખતે, પોતે ચાકરીએ રહેતી વખતે કરેલી શરતનું સ્મરણ કરાવે છે અને પોતાને બદલે બીજી દાસીને મોકલવા વિનંતી કરે છે, પરંતુ સુદેષ્ણા તેને કીચક બાબતે નિશ્ચિંત રહેવાનું કહી મદ્ય લાવવા હાથમાં સુવર્ણપાત્ર પકડાવી દે છે. દ્રૌપદી અહીં શરતનું પુનઃસ્મરણ કરાવે છે તે કીચકના સંદર્ભમાં જોતાં, તે વખતની શરત, શરત નહોતી પરંતુ ચેતવણી હતી એ સ્પષ્ટ બની રહે છે. દ્રૌપદી બરોબર જાણે છે કે કીચક પોતાની સાથે કેવો વ્યવહાર કરવાનો છે. એટલે જાણતી હોવા છતાં તે એ માર્ગે જાય તો એને માટે તે પાપમાર્ગ બની જાય અને પતિદ્રોહ

પણ થયો કહેવાય. આમ, દ્રૌપદી શીલરક્ષણ સંદર્ભે સભાન છે. છતાં આ દુર્ઘટના બનીને જ રહે છે અને તે દ્રૌપદીનું દુર્ભાગ્ય જ ગણી શકાય. આ પછી બનતી ઘટનાની ચર્ચા આ પ્રકરણમાં અગાઉ કરી છે.

વિરાટના દરબારમાં અપમાનિત થઈને દ્રોપદી સુદેષ્ણાના મહેલે પાછી ફરે છે. સુદેષ્ણાના પૂછવાથી તે સઘળું વૃત્તાંત કહી સંભળાવે છે. આ વખતે સુદેષ્ણા 'જો તું કહે તો દુષ્ટ કીચકને હમણાં જ મરાવી નંખાવું' એવું આશ્વાસન આપે છે પરંતુ જેમ આપણે જાણીએ છીએ તેમ દ્રૌપદી પણ જાણે છે કે આ માત્ર ઠાલું આશ્વાસન જ છે. એટલે તે કહે છે કે કીચક જેનો અપરાધ કરી રહ્યો છે તે જ કીચકને આજે જ પરલોક પહોંચાડી દેશે. દ્રૌપદી હજી ભીમને મળી નથી. તેની આગળ કષ્ટનિવેદન કર્યું નથી છતાં ભીમ તેને આ સંકટમાંથી છોડાવશે જ તેવા ભરોસા સાથે તે આવું કહી શકે છે.

દ્રૌપદી ભીમને મળી સઘળો વૃત્તાંત જણાવે છે. એ વાર્તાલાપમાં તેનું દુઃખ અને દુઃખ માટે જવાબદાર એવા યુધિષ્ઠર પરત્વેનો પ્રકોપ ધીમે ધીમે પરાકાષ્ઠાએ પહોંચે છે. કીચકે કરેલી અવમાનનાથી શરૂ થયેલી વાત યુધિષ્ઠિરની ભર્ત્સનારૂપ બની જાય છે. આ અવસ્થા માટે યુધિષ્ઠિરની દ્યૂતપ્રીતિ જ કારણભૂત છે એમ દ્રૌપદીનું દૃઢપણે માનવું છે. એમની આ દ્યૂતપ્રીતિએ તો સર્વનાશ નોતર્યો છે એમ તે સ્પષ્ટ જણાવે છે. અહીં દ્રૌપદી, યુધિષ્ઠિરે દ્યૂતમાં ખોઈ નાખેલી સમૃદ્ધિને ગણાવે છે. એમાં તેની સુખપ્રીતિ કે સમૃદ્ધિલાલસા જણાતી નથી. બલકે યુધિષ્ઠિર અને અન્ય પાંડવપતિઓ જે સ્થિતિમાં મુકાયા છે, અસહ્ય કષ્ટો વેઠે છે એ પ્રત્યેની સમસંવેદના જ જાણી શકાય છે. આમ, દ્રૌપદીના વક્તવ્યમાં ભલે તેનો આક્રોશ અને પીડા તારસ્વરે પ્રગટ થયાં હોય છતાં તેમાં તેનો પતિસ્નેહ અછતો રહેતો નથી. એવું નથી કે દ્રૌપદી યુધિષ્ઠિરની અનુપસ્થિતિમાં તેનું ઘસાતું બોલે છે, પરંતુ સમગ્ર વર્તમાન માટે એક અને માત્ર એક યુધિષ્ઠિર જ જવાબદાર છે એ સત્ય તે એકથી બધુ વખત વનવાસ દરમ્યાન યુધિષ્ઠિરને મોઢામોઢ પણ સંભળાવી ચૂકી છે અને તે રીતે તેમની ક્ષમાવૃત્તિને ધિક્કારી, વીરોચિત પ્રતિક્રિયા માટે ઉશ્કેરતી રહી છે. વનવાસના દીર્ઘકાળમાં એક એકથી આકરાં કષ્ટો સહેતી વખતે, દરેક સમયે તેની ફરિયાદ વધુ ને વધુ આક્રમક બનતી રહી છે. આ વખતે તે ભીમ ઉપર પણ કટાક્ષ કરવાનું છોડતી નથી. તે કહે છે :' તમે પણ મારાં દુઃખોને જાણતા નથી તો હું જીવીને શું કરું ?' જો કે આમ કહીને તે કીચકના નાશ માટે જ ભીમને ઉશ્કેરી રહી છે.

હવે દ્રૌપદી પોતાનાં કષ્ટો વર્ણવે છે, તેમાં વર્તમાન સ્થિતિ સાથે પૂર્વસ્થિતિની સહોપસ્થિતિ રચવામાં આવી છે. એ પ્રયુક્તિ દ્વારા દ્રૌપદીની યાતનાને અસરકારક અભિવ્યક્તિ મળી છે. દ્રૌપદીના મતે બાર વર્ષના વનવાસમાં પણ અનેક દુઃખો સહેવા છતાં આવી દુર્દશા થઈ નહોતી. હવે તો આ દાસત્વ, પરાધીનતા જ અશાંત કરી મૂકે છે. સમુદ્રપર્યંત પૃથ્વીની સ્વામિની સુદેષ્ણાના ભયથી કાંપે છે. જેની આગળપાછળ દાસીઓ ફરતી હતી તે સ્વયં આજે દાસી બની છે. સુદેષ્ણાના શૌચનાં સાધનોની પણ સવડ કરી આપવી પડે છે. માત્ર કુંતા માટે જ ચંદન ઘસનારીને સુદેષ્ણા માટે ચંદન ઘસવું પડે છે ને રાજા માટે ચંદન બરાબર ઘસાયું હશે કે નહીં એ વિચારે ભય લાગે છે. દ્રૌપદી કહે છે કે 'મારા આ દુઃખને લીધે, સમસ્ત કુરુકુળ, પાંડવકુળ અને પાંચાલકુળનો નિરાદર થયો છે.'[૧૧૧]

અગાઉ, આરણ્યકપર્વમાં પણ દ્રૌપદી કૃષ્ણ સમક્ષ પોતાની મનોવેદના પ્રગટ કરતાં આમ જ કહે છે કે 'મારે પતિ, ભાઈ, બાપ કોઈ જ નથી, કૃષ્ણ તમે પણ નથી.'[૧૧૨] અહીં દ્રૌપદી જાણે કે એમ કહેવા માગે છે કે કુરુ અને પાંચાલોએ મારા અપમાનનો બદલો લેવો જોઈએ ને વેર વાળવા માટે યુદ્ધ કરવું જોઈએ. આ અપમાન દુઃશાસને તેના વાળ ખેંચી, ભરસભામાં ઢસરડી એવી ઘટનાથી થયું છે. જયદ્રથે તેનું અપમાન કર્યું એ ખરેખર અપમાનની પરાકાષ્ઠા ગણાય. છતાં આજે એવી ક્ષણ છે કે બન્ને પક્ષો એ વેર વાળી શકવા માટે અસમર્થ છે. વેર વાળી શકાય એવી સ્થિતિ પણ નિયતિએ રહેવા દીધી નથી. એ પણ એક પ્રકારનું અપમાન જ ગણી શકાય. હવે એક પણ વધુ અપમાન દ્રૌપદી સહી શકે એમ નથી એટલે કીચકની ઘટના વખતે દ્રૌપદી ભીમ પાસે જાણે કે આ તાજી દુદર્શામાંથી ઉગારી લેવા કરગરે છે, ભીખ માગે

છે. ભીમ હંમેશની જેમ તેની આ વાત સ્વીકારે છે. દ્રૌપદીની વેરભાવના એટલી તીવ્ર છે કે તે કીચકવધની ઘટનાના સમાચાર જાતે જ રક્ષકોને આપે છે. વળી, પોતાના પર કુદૃષ્ટિ કરનાર કીચકની સ્મશાનયાત્રાને પણ સંતોષ અને ગર્વપૂર્વક નિહાળે છે. આ કારણે જ તે ઉપકીચકોના હાથમાં ફરી જઈ ચઢે છે ને સંકટમાં મુકાય છે. વધુ એક વખત ભીમ જ તેને આ સંકટમાંથી ઉગારે છે.

દ્રૌપદી યજ્ઞકુંડમાંથી જન્મી છે. એ યજ્ઞ પાછળનું પ્રયોજન પણ વૈરની તૃપ્તિનું જ હતું. એટલે દ્રૌપદીની વૈરભાવના પણ લપકારતી અગ્નિજિહ્વા જેવી છે. ભીમ વાયુપુત્ર છે. એટલે તેની સહાયથી વૈરાગ્નિ વધુ પ્રદીપ્ત બને છે. કુરુક્ષેત્રના યુદ્ધ દ્વારા પણ તેનું પૂર્ણવિરામ આવવાનું નથી. એટલે પછી સૌપ્તિકની ઘટના પણ બને છે. દ્રૌપદી તેમાં પાંચ પુત્રો, ભાઈઓ અને સ્વજનોને પણ ગુમાવે છે. આમ, વૈરાગ્નિને શાંત કરવા માટે સ્વયં દ્રૌપદીએ પણ ઘણો મોટો ભોગ આપવો પડ્યો છે. આખરે તે પોતે પણ ગહન શીતાગ્નિમાં એકલી ઓગળી જાય છે.

વિરાટપર્વમાં પાંડવોના અજ્ઞાતવાસ દરમ્યાન ઘટતી બે-ત્રણ ઘટનાઓ જ વિશેષ મહત્ત્વની છે. આપણે આગળ જોયું છે તેમ આ ઘટનાઓમાં ભીમ અને અર્જુનના ચરિત્ર જ વિશેષ રીતે ઊઘડે છે. આરંભની જીમૂતવધની ઘટના અને પછી કીચકવધની ઘટના દ્વારા ભીમના પરાક્રમને પ્રગટ કરવાનો અવકાશ ઊભો કરી આપવામાં આવ્યો છે. આમાંની બીજી કીચકવધની ઘટનામાં દ્રૌપદીના અને યુધિષ્ઠિરના ચરિત્રની કેટલીક વિશેષતાઓ પ્રગટે છે. અજ્ઞાતવાસના અંતિમ ચરણમાં અર્જુનના ચરિત્રનો કૃતિમાં વિશેષ મહિમા કરવામાં આવ્યો છે. વિરાટનગરમાં પ્રવેશ અને નૃત્યશિક્ષણ માટે નિમણૂક થયા પછી અર્જુનનું પાત્ર પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઈ ગયું હતું તે હવે કેન્દ્રમાં આવે છે. એ માટેનું નિમિત્ત ગોગ્રહણ છે; અને અર્જુન સામે તુલ્ય બળ તરીકે કૌરવો મૂકવામાં આવ્યા છે. આમ, મહાભારતની મુખ્ય કથા (કૌરવ-પાંડવોના કથાનક)ની જેમ વિરાટપર્વમાં પણ ભીમઅર્જુનના ચરિત્ર ઉપર જ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અન્ય ચરિત્રોમાં, યુધિષ્ઠિર-દ્રૌપદીની નોંધ સ્વતંત્ર લીધી છે. જ્યારે બાકીનાં પાત્ર ગૌણ હોઈ, પ્રસંગચર્ચા દરમ્યાન એમની ચરિત્રગત વિશેષતાઓનો સંકેત કરવામાં આવ્યો હોઈ એ વિશે સ્વતંત્ર નોંધ લીધી નથી.

આ પ્રકરણના અંતિમ ચરણમાં વિરાટપર્વને પુરાકથાના સંદર્ભમાં તપાસવાનો પ્રયત્ન કર્યો છે. અજ્ઞાતવાસના છેલ્લા દિવસોમાં બનતી ગૌગ્રહણની ઘટનાનું વિરાટપર્વમાં વિસ્તારથી આલેખન કરવામાં આવ્યું છે. એ દૃષ્ટિએ ગૌગ્રહણનું કથાનક વિરાટપર્વમાં અધઝાઝેરો ભાગ રોકતું અનેક રીતે મહત્ત્વનું એવું વિશિષ્ટ કથાનક છે. આમ તો, પ્રથમ દૃષ્ટિએ ગૌગ્રહણને યુદ્ધ નિમિત્ત પૂરું પાડતું અને યુદ્ધકથાનું આલેખન કરતું કથાનક ગણી સરળતાથી અવગણી શકાય. પરંતુ બીજી બાજુ સમગ્ર કથાનકમાં રહેલા કેટલાક અર્થસંકેતો શોધવાનો પ્રયત્ન કરીએ તો ભારતીય સંસ્કૃતિનાં કથાનકોમાં પ્રવર્તતી ગૌ-ની પુરાકથા સાથે તેનો સંબંધ જોડી શકાય છે. એમાંના કેટલાક સંકેતો સૂર્યની પુરાકથા અને અગ્નિની પુરાકથા સુધી આપણને દોરી જાય છે. આ રીતે આખા વિશ્વને આવરી લેતી સૌર પુરાકથા અને એથી રચાતું વૈશ્વિક દર્શન વિરાટપર્વમા કઈ રીતે કાર્યરત છે તેની વિચારણા કરવામાં આવી છે.

કોઈ પણ દેશ કે કોઈ પણ ભાષાના પ્રાચીન સાહિત્યના સર્જનમાં ઘણો મોટો ભાગ ધર્મગાથાઓ-પુરાકથાઓ રોકે છે. ઘણા વિદ્વાનોના મત મુજબ ધર્મગાથાઓમાં ધાર્મિક આસ્થા નહીં પરંતુ ધાર્મિક પૃષ્ઠભૂમિ તો જરૂર હોવી જોઈએ. આ ધર્મકથાઓમાં કોઈ ને કોઈ દેવતા અથવા દૈવી પુરુષોનો અવશ્ય સમાવેશ થવો જોઈએ.[૧૧૩]

આ સાથે એ વાત પણ ભૂલવી ન જોઈએ કે માત્ર દેવીદેવતાઓને લગતા નિરૂપણથી જ કોઈ કથા ધર્મકથા-પુરાકથા બની જતી નથી. એવી કેટલીયે વાર્તાઓ વિશે આપણે જાણીએ છીએ કે જેમાં દેવી દેવતાનું નિરૂપણ હોવા છતાં

તેને આપણે પુરાકથા કહી શકતા નથી. આપણે ત્યાંની ઘણી કથાઓમાં શિવ-પાર્વતીનાં પાત્રો અવારનવાર આવે છે છતાં તે પુરાકથા નથી પરંતુ લોકકથાઓ જ છે. એક ઉદાહરણ જોઈએ.

એક વાર મહાદેવજીએ દુનિયા માથે ભારે કોપ કર્યો. તેમણે નક્કી કર્યું કે જ્યાં સુધી આ દુનિયા સુધરે નહીં ત્યાં સુધી શંખ નહીં વગાડું. મહાદેવ શંખ વગાડે તો જ વરસાદ થાય. પરિણામે ઉપરાઉપરી દુકાળ પડ્યા. વરસાદ બિલકુલ પડ્યો નહીં. લોકો કલ્પાંત કરવા લાગ્યા, પણ મહાદેવજીને દયા આવી નહીં.

એક વાર શિવપાર્વતી વિમાનમાં જતા હતા. તેમણે જોયું કે એક ખેડૂત વરસાદ વગરના સુક્કા,ખેતરને ખેડી રહ્યો હતો. તે પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. મહાદેવજીને નવાઈ લાગી, વરસાદ બિલકુલ નથી છતાં આ ખેડૂત શા માટે આટલી મહેનત કરે છે તે તેમને સમજાયું નહીં.

મહાદેવજી વિમાનમાંથી ઊતરી જાટ પાસે ગયા ને પૂછવા લાગ્યા :'મૂરખા, સુક્કા ખેતરમાં શું કામ પરસેવો પાડે છે ? વરસાદ તો છે નહીં, પછી આ મહેનત શા માટે ?'

'મહારાજ, ખેડવાની ટેવ ભૂલી ન જવાય માટે હું હળ જોડી ખેતર ખેડું છું. જો ખેડવાની જુગતિ ભૂલી જાઉં તો વરસાદ આવે ત્યારે પણ શી રીતે ખેડી શકું ?' ખેડૂતે જવાબ આપ્યો.

મહાદેવજી વિચારમાં પડી ગયા. પોતે વરસોથી શંખ બજાવ્યો ન હતો. પોતે શંખ વગાડવાની જુગતિ ભૂલી તો નહીં ગયા હોય ને ? એ વિચારે તેમણે શંખ કાઢી, ખેતરમાં ઊભા ઊભા જ વગાડવા માંડ્યો. તે જ વખતે આકાશમાં વાદળ ઊમટ્યાં અને ગડગડાટ સાથે વરસાદ પડવા લાગ્યો.[૧૧૪]

હવે એક વધુ ઉદાહરણ જોઈએ.

રામ સીતાની શોધમાં નીકળે છે. એમ કરતાં કરતાં બન્ને ભાઈઓ કદલીવનમાં આવે છે. રૂડાં સાલ વૃક્ષો ઊભાં છે. મહુડાનાં વૃક્ષો પર મહુડાં બેઠાં છે. ખિસકોલી બાઈ મહુડાં વીણવા માટે આવ્યાં છે. કદલીવનમાં રામ આગળ ચાલે છે ને લક્ષ્મણ પાછળ ચાલે છે. ભૂખે ને તરસે બન્નેનો જીવ જાય છે. ખિસકોલી તેમને આવતાં જુએ છે. રામલક્ષ્મણ ખિસકોલીના મામા. તે ભૂખ્યા રામલક્ષ્મણને મહુડાં ખવડાવે છે. પછી ઉદાસીનું કારણ પૂછે છે. રામ વિલાપ કરે છે. ખિસકોલી રાવણ સીતાને હરી ગયાની વાત કરી આશ્વાસન આપે છે.

... ખિસકોલીની વાતથી શાંતિ પામેલા રામ તેના શરીર પર હાથ ફેરવે છે. તેના શરીર પર રામની આંગળીઓના સાવ સોનાના લીટા પડે છે. ખિસકોલી આ સોનાનું શરીર જોવા લાગી છે. શરીર પર સોનું ચળકે છે. આ સોનું જોઈને ખિસકોલી રામને કહે છે, 'મામા, તમે મારી વાત સાંભળો. આજે તો સતયુગ છે. કાલે મનખાવતાર આવશે ત્યારે ભીલોનાં છોકરાં સોનું લેવાની લાલચે મને જીવતી નહીં મૂકે !' રામ ખિસકોલીની વાત ઉપર વિચાર કરીને તેના શરીર પરથી સોનું લઈ લે છે. આજે પણ ખિસકોલીના શરીર પર રામની આંગળીઓનાં નિશાન દેખાય છે.[૧૧૫]

આ દેખીતી રીતે, લોકશ્રુતિ પર આધારિત કથા જ છે, ધર્મકથા-પુરાકથા નથી. આ કથાનકનું એક બીજું રૂપાંતર વધુ પ્રચલિત છે. સમુદ્ર પર સેતુ બાંધતી વખતે ખિસકોલી મદદ કરે છે ત્યારે રામ તેના ઉપર હાથ ફેરવે છે. એટલે ખિસકોલીના શરીર પર ચટાપટા પડે છે.

'રૉમ-સીતમાની વારતા'માં સેતુબંધનું કથાનક નથી એટલે તે આ સ્થળે સંયોજાઈ હોય તેમ બને. વળી, તેમાં સોનું પણ ઉમેરાયું છે અને ભીલ જાતિ સાથે તેનો સંબંધ જોડાયો છે. વનવાસી રામ આ પ્રાકૃતિક તત્ત્વોને જ સીતાની ભાળ પૂછે એ પણ યોગ્ય લાગે છે. (ત્રીજા પ્રકરણમાં ધર્મકથા-પુરાકથા અને લોકકથાના સંબંધોની ચર્ચા કરી છે. તે સંદર્ભમાં પણ ઉક્ત બન્ને ઉદાહરણ મહત્ત્વનાં બની રહે છે.)

ઘણા વિદ્વાનો એમ પણ કહે છે કે જૂના જમાનામાં પુરાકથાઓનું સ્વરૂપ જે રહ્યું હોય તે ખરું, પણ આપણી પાસે તો એ મહાન કવિઓની રચનાઓનું રૂપ લઈને આવે છે. જેમ કે મહાભારત, ઇલિયડ વગેરે.[૧૧૬] અહીં આપણને

પ્રશ્ન થાય કે આવી પુરાકથાઓનો ઉપયોગ કરી મહાકવિઓએ મહાકાવ્યોની રચના કરી હશે કે આ મહાકાવ્યો જ પુરાકથાઓ છે ? હવે તો નિશ્ચિત થઈ ચૂક્યું છે કે મહાકાવ્યોની પહેલાં જ આવાં કથાનકોનું અસ્તિત્વ હતું. તેના એ પ્રકારના પૂર્વ રૂપને લીધે જ તો પુરાકથાઓ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આવી વિશિષ્ટતાને લીધે જ પુરાકથાઓ વેદ આદિ પ્રાચીન સાહિત્ય મહાકાવ્યોથી માંડીને છેક આજ સુધીની રચનાઓમાં વિષય બનીને પ્રયોજાઈ છે. એટલે તેના મૂળ રૂપ સુધી જઈએ તો આપણને પારાવાર રોમાંચ થાય એવી માહિતી હાથ લાગે છે. અહીં સૌ પહેલાં ગૌવિષયક પુરાકથાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આરંભે આપણે આરણ્યક પર્વમાં આવતી એક દૃષ્ટાંતકથા જોઈએ.[૧૧૭] ધૃતરાષ્ટ્રને મન પુત્રસ્નેહથી અધિક અન્ય કઈ પ્રિય નથી એમ કહી વ્યાસ સુરભિનું કથાનક કહી સંભળાવે છે :

પ્રાચીન કાળમાં એક વખત ગાયોની માતા સુરભિ સ્વર્ગમાં ઇન્દ્ર પાસે જઈ રુદન કરવા લાગી. ઇન્દ્રના પૂછવાથી તે રડવાનું કારણ કહે છે કે, 'આ ક્રૂર ખેડૂત જુઓ. તે મારા દુર્બળ પુત્રને મારી રહ્યો છે અને હળમાં જોતરી પીડા આપી રહ્યો છે. હળમાં જે બે બળદ જોતરેલા છે તેમાં જે બળવાન અને હૃષ્ટપુષ્ટ છે તે આરામથી ભાર ઉપાડી ચાલ્યો જાય છે અને જે દુર્બળ છે, જેની શિરાઓ દેખાઈ રહી છે તેને ભારવહન ન કરી શકવાથી કોરડાઓનો માર સહન કરવો પડે છે. હે દેવેન્દ્ર, ખૂબ થાકેલા અને માર ખાતા પુત્રને જોઈ મારું મન ખૂબ દુઃખી થાય છે, તેના દુઃખથી જ હું રડી પડું છું.' ત્યારે ઇન્દ્ર કહે છે કે 'આમ તો તારા હજારો પુત્રો(બળદો) પીડિત છે તેમ છતાં આ એક માટે શા સારું આંસુ સારે છે ?' જવાબમાં સુરભિ કહે છે કે 'મારે મન તો બધા પુત્રો સમાન છે છતાં પણ જે વધુ દીન છે તેના પર મને વધુ દયા આવે છે.' સુરભિની આ વાત સાંભળી ઇન્દ્રને આશ્ચર્ય થાય છે. ઇન્દ્ર જાણે છે કે પુત્ર જીવનથી, પ્રાણથી પણ વિશેષ વહાલો હોય છે. એ પછી ઇન્દ્ર કૃપા કરીને પૃથ્વી પર જલવર્ષા કરે છે.એટલે ખેડૂત તેનું કામ બંધ રાખે છે.

આ દૃષ્ટાંતકથા સંભળાવી વ્યાસ કહે છે કે તારા પુત્રોની તુલનામાં પાંડવો ઓછા છે, ને વળી વધુ દીન, દુઃખી અને પીડિત છે, એટલે તેમના માટે મારું ચિત્ત હમેશા દુઃખી રહે છે. વ્યાસ એક રીતે ધૃતરાષ્ટ્ર, પાંડુના પિતા પણ છે ને કૌરવપાંડવ તેમનો જ વંશ છે, એ દૃષ્ટિએ આ કથાનક સુસંગત છે. અહીં પાંડવોને સુરભિ (ગાય) ના લાચાર, દુઃખી પુત્રો સાથે સરખાવવામાં આવ્યા છે. વનવાસ તેમ જ અજ્ઞાતવાસનાં કષ્ટોએ તેમની યાતનામાં વધારો કર્યો છે. દુર્યોધન વિરાટનગર ઉપર ગૌગ્રહણ નિમિત્તે આક્રમણ કરે છે પરંતુ ખરેખર તો તે ગાયો ઉપરાંત પાંડવો ઉપર જ કરવામાં આવેલું આક્રમણ છે. ધૃતરાષ્ટ્ર સમેત બધા કૌરવો અહીં ક્રૂર કિસાનના સ્થાને છે. ભારતીય સમાજમાં ગાય સંસ્કૃતિનું પ્રતિરૂપ છે. પ્રાચીન સમયમાં ભારતીય સંસ્કૃતિ એક કૃષિસંસ્કૃતિ હતી. કૃષિ માટે ગાય અને બળદોનું વિશેષ મહત્ત્વ હતું. ગાય સમૃદ્ધિનું પણ પ્રતીક હતી.યજ્ઞોમાં પણ ગોદાનનો જ વિશેષ મહિમા હતો. આરણ્યકપર્વમાંનું એક વિશિષ્ટ કથાનક આ સંદર્ભમાં જોવા જેવું છે :

એક વખત પાંડવોએ માર્કણ્ડેય મુનિને પૂછ્યું કે તમારાથી પણ જેનું વધુ આયુષ્ય હોય એવું કોણ ? જવાબમાં માર્કણ્ડેય મુનિએ ઇન્દ્રદ્યુમ્નની કથા સંભળાવી. આ ઇન્દ્રદ્યુમ્નના પુણ્યનો ક્ષય થવાથી સ્વર્ગમાંથી તેનું પતન થાય છે. તે માર્કણ્ડેય પાસે આવીને પોતાનો પરિચય જણાવે છે. પરંતુ ઋષિ તેને ઓળખી શકતા નથી. એટલે માર્કણ્ડેયથી પણ વધુ વૃદ્ધ એવા હિમાચલમાં રહેતા પ્રાકારવર્ણ નામના ઘુવડ પાસે બન્ને આવે છે. પ્રાકારવર્ણ પણ ઇન્દ્રદ્યુમ્નને ઓળખી શકતો નથી. પરંતુ પોતાનાથી પણ વૃદ્ધ એવા નાડીબંધ નામના બગલાનું ઠેકાણું જણાવે છે. બગલો પણ તેમનાથી પરિચિત નથી એટલે તેમને એક સરોવરમાં રહેતા અકુપાર નામના કાચબા પાસે લઈને આવે છે. ઇન્દ્રદ્યુમ્ન કાચબાને પોતાનો પરિચય પૂછે છે. કાચબો તેમને ઓળખી જાય છે અને આંખમાં આંસુ લાવી, હાથ જોડી કહે છે કે ' તમે સહસ્રો યજ્ઞો કર્યા હતા એ વખતે તમે અસંખ્ય ગાયોને દક્ષિણામાં આપી હતી તેમની ખરીઓથી ખોદાયેલી(ચક્રમણ) જમીનમાં તો આ તળાવ બન્યું છે ને તેમાં હું રહું છું , તો આપને કઈ રીતે ઓળખી ન શકું ? ' દેવતાઓ પણ જેનાથી અજાણ હતા તેવા ઇન્દ્રદ્યુમ્નના પુણ્યકર્મોની આમ કાચબાએ સાબિતી આપી એટલે ઇન્દ્રદ્યુમ્નને પુનઃ સ્વર્ગની પ્રાપ્તિ થઈ.[૧૧૮]

આમ ગૌદક્ષિણા એ ઉત્તમ પુણ્ય પણ ગણાતું. દરેક રીતે ગાય ભારતીય સંસ્કૃતિનું પ્રતીક ગણી શકાય. ગાયનું સંરક્ષણ-સંવર્ધન એ ભારતીય સંસ્કૃતિનું પણ સંરક્ષણ છે. ક્ષત્રિયો તો ગૌબ્રાહ્મણપ્રતિપાળ ગણાતા હતા. તેનાથી વિરોધાભાસી એવું વલણ દુર્યોધનનું જણાય છે, એ અર્થમાં દુર્યોધનના ગૌગ્રહણનું કૃત્ય ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ પરના આક્રમણ તરીકે પણ ઓળખાવી શકાય. જ્યારે પાંડવો સંસ્કૃતિના સંરક્ષકો છે એ દૃષ્ટિએ ગાયોના સંરક્ષણનો ધર્મ એ બજાવે છે.

ગૌની પુરાકથાના વૈદિક સંદર્ભો ઘણા અર્થસંકુલ છે.[૧૧૯] ઋગ્વેદમા અદિતિને ધેનુ કહેવામાં આવી છે. 'અદિતિર્ગૌઃ' (ઋ. ૭.૮૨.૧૦) પુરાણકથાઓમાં અદિતિ દક્ષકન્યા તથા કશ્યપની પત્ની છે. કશ્યપની એક પત્નીનું નામ સુરભિ મળે છે[૧૨૦] અને કપિલા એવું નામાન્તરણ પણ મળે છે. જ્યારે વેદોમાં તેને વિષ્ણુની પત્ની પણ કહેવામાં આવી છે. વિષ્ણુ માટે વેદોમાં બે વિશેષણો વારંવાર પ્રયોજાયાં છે. તેમાં એક આ સંદર્ભમાં વિશેષ મહત્ત્વનું છે. જેમ કે વિષ્ણુ 'ગોપ' છે અને પોતાના પ્રિયજનોને પોતાના ધામમાં રાખે છે. (વિષ્ણુગોપાઃ પરમં પાતિપાતાઃ પ્રિયધામણી ધાન) વિષ્ણુલોકમાં ઘણી ગાયો હોવાનું પણ ઋગ્સંહિતામાં (૧.૧૫૪.૬) કહેવાયું છે. ઋગ્સંહિતામાં ઇન્દ્ર પણ ગોવિંદ કહેવાયા છે અને વાદળોરૂપી ગાયોને હાંકી જાય છે તેવું વર્ણન કરવામાં આવ્યું છે. વરાહઅવતારમાં પૃથ્વી (ગૌ)ને ખોળી કાઢવાના કારણે પોતાનું નામ 'ગોવિંદ' પડ્યું તેવી સમજૂતી કૃષ્ણે મહાભારતમાં આપી છે.[૧૨૧] આમ વિષ્ણુનું 'ગોપ' વિશેષણ એ સીધું વિષ્ણુના અવતાર કૃષ્ણ સાથે પણ જોડાય છે.

અહીં પૃથ્વી અને ગાય એકરૂપ હોવા વિશેનો ઉલ્લેખ મળે છે. વેદમાં અન્યત્ર પણ તેના સંકેતો જોઈ શકાય છે.[૧૨૨] જેમ કે અદિતિ, આપ(જળ) તથા પૃથ્વીથી દેવતાઓની ઉત્પત્તિ થઈ એવું વેદસૂક્ત પણ મળે છે. (ઋ. ૧૦.૬૩.૨) અદિતિની આકાશ (દ્યૌ) તથા પૃથ્વીથી એકરૂપ કલ્પના (ઋ.૧.૭૨.૯ અને અથ.૧૩.૧.૩૮)માં કરવામાં આવી છે. ઋગ્વેદમાં 'દ્યૌર્વઃ પિતા પૃથિવી માતા'(ઋ. ૧.૧૯૧.૬) એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. એક સ્થાન પર અદિતિ વિશ્વસૃષ્ટિની મૂર્તિ તરીકે પણ ઉપસ્થિત થાય છે. (ઋ. ૧.૮૯.૧૦)

સંસ્કારની ગાયને સામાન્ય રીતે અદિતિ જ કહેવામાં આવે છે. ભૂલોકના સોમની તુલના અદિતિના દૂધ સાથે કરવામાં આવે છે. (ઋ. ૧.૯૬.૧૫) અદિતિની પુત્રી દૂધને જ માનવામાં આવી હશે. એ પાત્રમાં ઝીલાતા સોમની સાથે એકરૂપ બને છે.(ઋ.૯.૬૯.૩) ઋગ્વેદની એક ઋચામાં મરુતને આ આકાશમાંના આઉને ખેંચીને દૂધ કાઢનાર કહ્યો છેઃ

ઈશાનકૃતો ધુનયો રિશાદસો વાતાન્વિધ્રતસ્ત વિષીભિર કૃતઃ
દૂહન્ત્યુધર્દિવ્યાનિ ધૂતયો ભૂમિ પિન્વન્તિ પયસા પરિજય.

વનવાસી પશુપાલકોના સમાજમાં આકાશ કે રજની પ્રાણદાત્રી ગાયોની ઉપમાને પામતા તેમાં નવાઈ નથી. એક લોકગીતમાં પણ આ કલ્પનાનું અવતરણ જોવા મળે છે.[૧૨૩]

રજની વિંયાણી રે, તારો ઊગીયો
રાત અંધારી રે, તારો નરમળો.

અદિતિને માત્ર ગાય જ સમજી લેવામાં ન આવે તે માટે ઋગ્વેદમાં તે દેવી અને વાક્‌વિદ છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. મિસરમાં ઓસિરિસની પત્ની 'ઈસિસ'ને પણ ગાયનું પ્રતીક માનવામાં આવે છે. ઈસિસને પણ ગાય અત્યંત પ્રિય છે. ઈસુ પૂર્વેના મિસરમાં ઊજવાતા એક પ્રાચીન દીપદાન ઉત્સવમાં તેને લાકડાની ગાયના રૂપમાં પૂજવામાં આવે છે. ફ્રેઝર તેના 'Golden Bough"માં કહે છે :

"The cow no doubt represented Isis Herself, for cows were sacred to her head,

or even as a woman with the head of a cow."[૧૨૪]

આ ચર્ચામાં આગળ જોયું છે કે અદિતિની પૃથ્વીના રૂપમાં પણ કલ્પના કરવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે પૃથ્વી પર અસુરો, રાક્ષસો અને અસદ્ શક્તિઓનો પ્રભાવ અત્યંત વધી જાય છે ત્યારે ત્રાસેલી પૃથ્વી ગાયનું રૂપ ધરી બ્રહ્માને શરણે જાય છે. પુરાણોમાં અને રામાયણ-મહાભારતમાં તેવા અનેક કથાનકો આવે છે. મહાભારતમાં પીડિત પૃથ્વી બ્રહ્માને શરણે જાય છે તેવું વર્ણન આરંભમાં જ મળે છે.[૧૨૫]

આગળ ઉપર આપણે જોયું છે કે અદિતિ સાથે ગાય અને પૃથ્વીની એકરૂપતાનું પણ વેદોમાં વર્ણન કરવામાં આવ્યું છે. પૃથ્વીનો સંબંધ બીજી એક રીતે કશ્યપ સાથે પણ છે. કશ્યપ દ્વારા પૃથ્વીરક્ષાની કથાવિગતો આ પ્રમાણે છે : 'અંગ નામના રાજાએ પૃથ્વીનું દાન કરવાનો સંકલ્પ કર્યો. એટલે પોતાનું શરીર ત્યાગીને પૃથ્વી બ્રહ્મા પાસે ગઈ. તેનું શરીર નિર્જીવ બની ગયું હતું એટલે યોગશક્તિ દ્વારા કશ્યપ પોતાના દેહમાંથી બહાર નીકળી પૃથ્વીના શરીરમાં પ્રવિષ્ટ થઈને પૃથ્વીને સજીવ બનાવે છે. કેટલાક દિવસો પછી પૃથ્વી પાછી આવે છે અને કશ્યપને નમસ્કાર કરી પોતાના શરીરમાં પ્રવેશ કરે છે. આ રીતે કશ્યપની કન્યા હોવાના નાતે પૃથ્વીને કાશ્યપી પણ કહે છે.[૧૨૬]

અદિતિથી દેવતાઓની ઉત્પત્તિ થઈ છે અને વેદોમાં વિશ્વમૂર્તિના રૂપમાં તેની પ્રાર્થના કરવામાં આવી છે એ વેદવર્ણન આજે 'તેત્રીસ કોટિ દેવતાઓ ગાયના શરીરમાં વાસ કરે છે' તેવી સર્વસાધારણ માન્યતાના રૂપે હિન્દુ સમાજમાં પ્રવર્તમાન છે. આમ ગાય ભારતીય સંસ્કૃતિનું પ્રતીક બની રહી છે. તેના રક્ષણ માટેનાં અનેક કથાનકો પુરાણોમાં અને મહાકાવ્યોમાં, સાહિત્યિક રચનાઓમાં તથા લોકપરંપરાનાં કથાનકોમાં વર્ણવવામાં આવ્યાં છે. મહાભારતમાં પણ આદિપર્વમાંનો પ્રસંગ અને વિરાટપર્વની ગૌગ્રહણ ઘટનારૂપે તે પ્રચલિત છે.

મહાભારતના 'વિરાટપર્વ' એવા નામાભિધાનમાં પણ ગાય સંબંધી પુરાકથાનો સૂક્ષ્મ સંકેત જોઈ શકાય. ગાયનું એક નામ 'વિરાજ' પણ છે. તૈતરિય બ્રાહ્મણ પ્રમાણે પ્રજાપતિએ વિરાજનું સર્જન કર્યું અને દેવદાનવ એના પર દાવો કરવા ઝઘડ્યા એવો કથાસંદર્ભ મળે છે.(તૈ.બ્રા. ૧.૧.૧૦) આ ઉલ્લેખને પ્રસ્તુત ચર્ચાના સંદર્ભે જોઈએ તો વિરાટપર્વમાં ગૌગ્રહણ નિમિત્તે કૌરવો અને પાંડવોનું યુદ્ધ થાય છે તેનો સંબંધ આ સાથે જોડી શકાય. એ અર્થમાં ગૌગ્રહણનું કથાનક એ વૈદિક કાળથી ચાલી આવેલા દેવાસુર સંગ્રામની પુરાકથાનું મહાકાવ્યમાં થયેલું રૂપાંતર ગણી શકાય.

આ 'વિરાજ' એટલે કે 'વિરાટ' કેટલીક વખત પૌરુષ(male power)ના પર્યાય તરીકે ઓળખાય છે. પરંતુ અથર્વવેદાનુસાર 'વિરાજ' નારી છે અને 'ગાય' તરીકે તેનું વર્ણન કરવામાં આવ્યું છે(અથર્વ. ૮.૧૦.૨૮; ૧૧.૮.૩૦, જુઓ : 'ઑન ધ મીનીગ ઑફ ધ મહાભારત', ત્રી.એસ. સુખથનકર, પૃ.૬૮-૯).અહીં ફળદ્રુપતાનો કે પ્રજનનનો સંકેત જોઈ શકાય. એ રીતે જોઈએ તો પણ આ ગૌગ્રહણની ઘટના અનેક સંકેતો પ્રગટાવે છે અને તેમાંથી વૈશ્વિક દર્શન ફલિત થાય છે.

આ ઉપરાંત મહાભારતમાં વિશ્વામિત્રનો વસિષ્ઠની નંદિની માટેનો સંઘર્ષ અને સહસ્રાર્જુન કાર્તવીર્યની જમદગ્નિ પાસે કામધેનુની માગણી જેવાં કથાનકોનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ કથાઓના કેન્દ્રમાં 'ગાય' જ છે. મહાભારતમાં અષ્ટ વસુઓને ગાય ચોરવા માટે શાપ પામી પૃથ્વી પર અવતરવું પડે છે એ કથાનક પણ જાણીતું છે. તૈતરીય સંહિતામાં અદિતિના આઠ પુત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેને સાતની કામના હતી એટલે કેવળ સાત પુત્રોને લઈ દેવતાઓની પાસે ગઈ. આઠમા પુત્ર માર્તણ્ડ અથવા વિવસ્વાનનો તેણે ત્યાગ કરી દીધો. આ આઠ પુત્રો જ અષ્ટ વસુ કહેવાયા છે.[૧૨૭] તેમાં ત્યાગી દીધેલા આઠમા પુત્ર વિવસ્વાનનો સંબંધ ભીષ્મ સાથે જોડી શકાય છે.

હવે આપણે લોકપરંપરામાં ગાય સંબંધી પુરાકથાઓ કેવું રૂપ પામી છે તેની સંક્ષેપમાં નોંધ લઈએ. લોકપરંપરામાંય વેદકથિત ગાયની ઉત્પત્તિ, ગાયનું પૃથ્વી સાથે સામ્ય, પૃથ્વીનિર્માણમાં ગાયનું પ્રદાન વગેરેનું વિશિષ્ટ વર્ણન થયેલું જોવા

મળે છે. સૌપ્રથમ ગાયની ઉત્પત્તિ અને પૃથ્વીનિર્માણમાં તેના પ્રદાનની કથા જોઈએ:

'ભગવાન બોલ્યા, ઉમિયા, ડાબા અંગનો મેલ ઉતાર.' ઉમિયાએ ડાબા અંગનો મેલ ઉતાર્યો. ભગવાને તેમાંથી ચાર પગ, એક માથું અને એક પૂંછ બનાવ્યું. પછી જીવ ઘાલ્યો, ગાય બનાવી. ભગવાને તેના પર કપડું નાખ્યું. ઉમિયા ગાયના મુખમાં સમાવા લાગી. થર્ થર્ કપડું ધ્રૂજવા લાગ્યું. ગાય મોઢે બોલી, 'કેટલા કામે પેદા કરી ? ' ભગવાન બોલ્યા, 'દેખ ગાય, તારા દૂધ કાઢવાં છે. દૂધ કાઢીને ધરતીનો થંભ નાખવો છે. ધોળો મૃત્યુલોક પેદા કરવો છે.'

ભગવાને ધરતીનો થંભ નાખવા ગાયનું દૂધ કાઢ્યું. સત્યનો થંભ પેદા કર્યો. થંભની ચાર બાજુએ કમળના દીંટા પર ચાર પુરુષ બેઠા. ચાર પરમેશ્વર બન્યા છે. પછી ઉમિયાએ ભગવાનને કહ્યું, 'સાત વાર નોંધ.' ભગવાને સાત વાર નોંધ્યો... ધરતી પર બુધવારનું નામ લઈ છાંટા નાખ્યા. ગાયનું દૂધ ઠર્યું. પછી પાતાળનો થંભ ઉપર આવ્યો, અને ધરતીનો થંભ પાતાળમાં ગયો. તેના પર ધરણ રચાઈ છે. પછી ભગવાને જમણી આંખ કાઢીને સૂરજ બનાવ્યો. ડાબી આંખ કાઢીને ચંદ્ર બનાવ્યો. ધરણીના બે દીવા મૂક્યા. એક ચાંદ, બીજો સૂરજ.[૧૨૮]

આ લોકકથા સાથે વૈદિકકથા પણ સરખાવી શકાય છે : ઇન્દ્રે હાલકડોલક પૃથ્વીને સ્થિર કરી. અંતરીક્ષની વ્યવસ્થા કરી, તથા દ્યૂ(આકાશ)ને આધાર આપ્યો. અહિને મારીને સપ્તસિંધુને મુક્ત કર્યો અને પરાક્રમથી ગાયોને મુક્ત કરી.(ઋ.૨.૧૨.)[૧૨૯]

હવે ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલોમાં પ્રચલિત સાલોરની કથા જોઈએ. આ કથામાંય ગાયના પૃથ્વી ઉપરના અવતરણનું વર્ણન કરવામાં આવ્યું છે. સુખ સમૃદ્ધિની માન્યતા પણ તેની સાથે સંકળાયેલી છે. દિવાળીના ઉત્સવ દરમ્યાન ઊજવાતા વિધિવિધાન સાથે પણ તેનો ગાઢ સંબંધ રહ્યો છે. સમગ્ર કથાસંદર્ભ આ પ્રમાણે છે :

પેયાળાં(પાતાળ)માં વસતી 'સાલોર માતા (વડી ગાય) નવ લાખ ગાયો અને 'પારેવા' સાંઢ સાથે 'તવળા ઝૂગ' (કળિયુગ)માં પૃથ્વી પર દિવાળીને દિવસે આવેલી, એમ ડુંગરી ભીલો માને છે. તે જ્યારે પાતાળમાં વસતી હતી ત્યારે શિંગડે દીવા મૂકીને ઘાસ ચરતી હતી. પાતાળમાં ઘણી મુશ્કેલીઓ પડવા લાગી આથી તેને પૃથ્વી પર અવતરવાની ઇચ્છા થઈ. પૃથ્વી પર જવા માટે 'વેકુંટપરી' (વૈકુંઠપુરી)માં વસતા 'ખામંદ' (ભગવાન) પાસે રજા લેવા ગઈ. 'સાલોર' અને નવ લાખ ગાયોને પાતાળમાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ભગવાન દ્વારા તેમને પૃથ્વી પર જવાની રજા આપવામાં આવી. 'પેયાળાં'માંથી અનુક્રમે સોનાનાં, રૂપાનાં, તાંબાનાં, પિત્તળનાં, લોઢાનાં અને માટીનાં પગથિયાં ચઢીને ગૂગળના હોમ લેતી લેતી 'સાલોર માઝી' નવ લાખ ગાયો અને પારેવા સાંઢ સાથે પૃથ્વી પર આવી. પૃથ્વી પર આવ્યા પછી તેને 'અતારિયો ઝૂગ'(અંધારિયો યુગ)નજરે આવ્યો. આથી તે થોડા જ સમયમાં કંટાળી ગઈ અને ફરી 'વેકુંટપરી'માં 'ખામંદ' પાસે ગઈ. ખામંદે અતારિયા ઝૂગમાં દિવસ માટે 'સૂરઝ' અને રાત માટે 'સદરમો' (ચંદ્રમા) મોકલ્યો.

પૃથ્વી પર આવીને 'સાલોર માઝી' ડીગ્યાના ડામોરને ત્રૂઠી. ગાયોના આવવાથી સુખી થયેલા ડીગ્યાના ડામોરે જ્યારે પારેવા સાંઢનું માંસ ખાવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે સાલોરે આ સ્થાન છોડી દીધું. છેલ્લે વાઘજીના પુત્રો મેહા અને ભોજા ગુજોરની આકરી પરીક્ષા લઈને સાલોર માતા 'સવીસ ગુજોરો'ને ભવોભવ ત્રૂઠી. સાલોર માઝી અને નવ લાખ ગાયો મેહા અને ભોજાના ઘેર આવવાથી તેઓ આર્થિક રીતે ઘણા સુખી થયા. તેઓએ પણ પાતાળમાંથી આવેલી ગાયોની મન ભરીને સેવા કરી. આથી તેઓની સમૃદ્ધિમાં ઘણો વધારો થયો.[૧૩૦] (છેવટ દેવનારાયણ ગાયોની મદદથી તેના પૂર્વજ ગુજોરોનું વેર વાળે છે એ કથાનક 'ગુજરાનો અરેલો'માં વર્ણવવામાં આવ્યું છે.)

સુખસમૃદ્ધિમાં વધારો થાય એ માટે ડુંગરી ભીલ આદિવાસીઓ દિવાળીના ત્રણ દિવસ 'સાલોર'(ગાય)ની પૂજા કરીને ગાયોને શણગારે છે અને ઘાસ ચરવા માટે મુક્ત કરે છે.... ધનતેરસની સવારે ડુંગરી ભીલ આદિવાસીઓ પોતાના પશુને તળાવ પાસે કે નદીકિનારે લઈ જાય છે. તેમને નવડાવે છે. આ પરંપરાને 'ડલ્લાં ઝીલારવાં' કહે છે. પછી નરવાંણ (ભવિષ્યનો વરતારો) જોવામાં આવે છે. પશુ નાહી લે ત્યારે 'આકો'(કિકિયારીઓ) કરીને બહાર

કાઢવામાં આવે છે. સૌથી પહેલાં ધોળા રંગની 'સાલોર' બહાર નીકળે તો વર્ષ ઉત્તમ નીવડશે અને ખેતી સારી પાકશે એમ માનવામાં આવે છે. ગોરી અથવા નીલી ગાય બહાર નીકળે તો વર્ષ ખેતીની દૃષ્ટિએ મધ્યમ રહેશે. પરંતુ સૌથી પહેલાં કાળી ગાય બહાર નીકળે તો તેને 'કાળ કરમી' ગણવામાં આવે છે ને વર્ષ ઘણું ખરાબ જશે એમ માનવામાં આવે છે.[૧૩૧]

દિવાળીની સાંજે 'મેળ મેળાયાં' ને ગાયોના ઓઢા(કોઢ)માં મૂકવામાં આવે છે. પછી મકાઈના દાણાથી સાલોરને પૂજીને શ્રદ્ધા અને પ્રેમથી 'સાલોર માતા'નો અરેલો ગાવામાં આવે છે.[૧૩૨]

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં, ખાસ કરીને તેમની કુકણા જાતિમાં ઈહમાઈ અને કંસારી કે કોઠારી નામની દેવીઓ ખૂબ લોકપ્રિય છે. આ દેવીઓની કૃપાથી સુખસમૃદ્ધિ અને શાંતિમાં વધારો થાય છે એમ આ આદિવાસીઓ માને છે.[૧૩૩]

ઈહમાઈ એ ગાયોના મોંમાંથી વાગોળતી વખતે નીકળતો વિશિષ્ટ પિંડ(ફીણનો ગોળો) છે. આ પિંડની ચમત્કારિક શક્તિ પારખ્યા પછી તેની યથાવિધિ પૂજા કરી, તેના પર સિંદુરનાં પડ ચઢાવી તેને દેવી તરીકે સ્થાપિત કરવામાં આવે છે. મહાભારતમાં ઉત્તંકનું કથાનક આવે છે.[૧૩૪] તે આની સાથે સરખાવી જોવા જેવું છે. ઉત્તંક પણ ગાયના મોંમાંથી નીકળતા ફીણને ખાઈ જીવન ટકાવી રાખે છે ને ગુરુની આજ્ઞાનું પાલન કરે છે.

આ ઈહમાઈની દૈવી શક્તિની પરખ કરવા માટે પિંડને દૂર દૂર કોઈ જગ્યાએ મૂકી દેવામાં આવે છે અને મનમાં કોઈ વિશિષ્ટ જગ્યા નક્કી કરવામાં આવે છે કે એ સ્થળ પર ગોળો આપોઆપ આવી જાય તો તેની શક્તિઓનો સ્વીકાર કરી, પૂજાવિધિ કરી, ઈહમાઈ તરીકે તેની સ્થાપના કરવામાં આવે છે. કેટલીક વખત તો એની શક્તિઓ પરખવા પિંડના બે ભાગ કરી, જુદી જુદી જગ્યાએ મૂકી દેવામાં આવે છે. જો ફરીથી એ પિંડ હતો તેવા અખંડ સ્વરૂપે જોવા મળે તો તેનું દૈવીપણું સ્વીકારી તેને પૂજામાં મૂકવામાં આવે છે, ને પરંપરાગત રીતે વારસામાં તેનું જતન અને ગૌરવ થાય છે. આમ, વૈદિક કથાનકોમાં અને લોકપરંપરાનાં કથાનકો ઉભયમાં 'ગૌ'ની પુરાકથાના કેટલાક વિશિષ્ટ સંકેતો રહેલા છે.

હવે બીજા ક્રમે સૂર્ય તથા અગ્નિને લગતી પુરાકથાઓ વિશે કેટલાક મહત્ત્વના સંદર્ભો જોઈએ.

સમગ્ર ધર્મકથાઓ-પુરાકથાઓના મૂળ રૂપને લગતા અનેક મતો-સંપ્રદાયો પ્રચલિત છે.[૧૩૫] તેમાં બે સંપ્રદાયો મુખ્ય અને મહત્ત્વના છે.પહેલા મતવાદીઓ એમ માને છે કે ધર્મકથાઓ સૂર્ય અને અંધકારની પ્રાકૃતિક ઘટનાઓના રૂપક તરીકે જન્મી છે. બીજા મતવાદીઓ એમ માને છે કે મનુષ્યની અસંસ્કૃત અવસ્થામાં ધર્મકથાઓનું નિર્માણ થયું અને તેનો સંબંધ એ જમાનાના કૃષિકાર્ય તથા પ્રજનન સાથે સંકળાયેલો છે. આ બન્ને વાતોને કેન્દ્રમાં રાખીને સૂર્ય (અને અગ્નિ)ની પુરાકથાના કેટલાક મહત્ત્વના સંકેતો તારવવાનો અને તેનો વિરાટપર્વ (મહાભારત) સાથે સંબંધ જોવાનો પ્રયત્ન કર્યો છે.

સ્કવાર્જના 'સ્ટોર્મ' સિદ્ધાંત પ્રમાણે વિવિધ દેવીદેવતાઓનું મૂળ આ સ્ટોર્મ એટલે કે તોફાન, ઉથલપાથલની પ્રાકૃતિક ઘટનાઓમાં જોઈ શકાય. જ્યારે મેક્સમૂલરના 'સૂર્યસિદ્ધાંત' (સોલર થિયરી) પ્રમાણે દેવીદેવતાઓનો પ્રાદુર્ભાવ સૂર્ય વડે થયો. આ બન્ને સિદ્ધાંતો એકબીજાના વિરોધી નહીં, પરંતુ કેટલેક અંશે પરસ્પરપૂરક હોય તેમ પ્રતીત થાય છે.[૧૩૬]

આ મતવાદીઓના અભિપ્રાય પ્રમાણે આદિમ માનવસમૂહોએ પ્રકૃતિની દિવ્ય ઘટનાઓને જોઈ તેને શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. વૈદિક પ્રકૃતિની પહેલી ભૂમિકામાં માનવે ઉષાને જોઈ ત્યારે સૂર્યના સંબંધમાં તેણે ધારણા કરી કે 'સૂર્ય દિવ્ય તથા પ્રકાશવાન ઉષાની પાછળ એવી રીતે જાય છે કે જેવી રીતે કોઈ પ્રેમી પોતાની પ્રેયસીની પાછળ.'

સૂર્યો દેવીમુષસં રોચમાનાં

મર્યો ન યોષામ જયેતિ પશ્ચાત્ (ઋ.૧.૧૧૫)

અંધકાર જોઈ કલ્પના કરી કે આ અંધકાર પ્રભાતોનું ભક્ષણ કરી જાય છે. ઇન્દ્રે અને સૂર્યે તેને મુક્ત કર્યા.(ઋ. ૪.૨.૯.)

તેણે કલ્પના કરી કે અંધાર રાત્રિ કોઈ દુષ્પ્રવૃત્તિને સંતાડી રાખે છે એટલે છેવટ ઇન્દ્ર તેનો નાશ કરે છે.(ઋ.૩.૯)[૧૩૭]

હવે આ વર્ણનને આપણે વિરાટપર્વની ગૌગ્રહણ ઘટના સાથે સરખાવી જોઈએ. વુલ્નર કોમમોરેશન ગ્રંથમાં એમ.એમ. લક્ષ્મીધરનો 'દ્રૌપદીના પાંચ પતિઓની પૌરાણિક વાર્તા' નામનો એક લેખ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.[૧૩૮] એ લેખમાં તેઓ કહે છે :'અર્જુન એ ઇન્દ્ર છે તેથી આપોઆપ સૂર્ય છે. ભીમ એ વાયુપુત્ર છે એટલે મરુત સાથે તેનો સંબંધ જોઈ શકાય છે. જે ઇન્દ્રથી અત્યંત નિકટ છે. જ્યારે યુધિષ્ઠિર એ ધીરે ધીરે ચઢતો સૂર્ય છે. આમ આ ત્રણેય સૂર્યની જુદી જુદી અવસ્થાનું સૂચન કરે છે. નકુળ અને સહદેવ અશ્વિનીકુમારના પુત્રો છે. અશ્વિનીકુમારો પણ સૂર્યપુત્ર છે અને જે પક્ષ પ્રમાણે અંધકારથી પ્રકાશ તરફ પ્રયાણ કરે છે. દ્રૌપદી એ ઉષા છે. તેનું બીજું નામ કૃષ્ણા પણ છે. વળી, તેના દેશનિકાલ દરમ્યાન તે રાત્રિના અંધકારમાં જ રહે છે. દેશવટા(વનવાસ)નાં બાર વર્ષ એ ખરેખર તો રાત્રિના બાર કલાક છે જ્યારે સૂર્ય તેના ગ્રહમંડળ(પરિવાર) સાથે આકાશમાં નથી હોતો. છદ્મવેશના તેરમા વર્ષ દરમ્યાન ગૌગ્રહણનું યુદ્ધ થાય છે ત્યારે અર્જુન (યોદ્ધો સૂર્ય) તેના પોતાના ગોધણને (સૂર્યકિરણોને) પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. જેને રાત્રિની શક્તિઓ(નામે કૌરવો) દ્વારા હરણ કરવામાં આવ્યાં હતાં. એ કૌરવો તેરમા કલાકે, જ્યારે પ્રકાશ અને અંધકાર મળ્યાં હોય છે તે સંધિકાળે, તેને પોતાના પક્ષમાં લાવવાનો પ્રયત્ન કરે છે. (પાંડવોને ઓળખી કાઢવાનો પ્રયત્ન કરે છે.) જેથી હમેશાં પોતાના સગાનો (પ્રકાશની શક્તિઓ પાંડવોનો) વિરોધ કરી શકે. તેથી આ પ્રકાશની શક્તિઓને તેમની દેશનિકાલની મર્યાદા પૂરી થાય તે પહેલાં શોધી કાઢવાના પ્રયત્નો કરવામાં આવે છે.'

એ.ડી.શાસ્ત્રી આ સંદર્ભે નોંધે છે : 'આ લેખનો અંત આપણને મહાકાવ્યની ભૂમિકાએ થયેલા પુરાકથાના વિકાસની મહત્ત્વની કડીઓ જોડી આપે છે. જેમાં અંધકાર ઉપર પ્રકાશનો વિજય ખૂબ જ રસપ્રદ રીતે વર્ણવાયો છે, પરંતુ અહીં તેને સંપૂર્ણ રીતે રજૂ કરી શકાય તેવી સ્થિતિ નથી.'[૧૩૯]

આમ, આ બધી પ્રાકૃતિક ઘટનાઓ વૈદિક કાળમાં દેવતાઓનાં પરાક્રમોની કથાઓનું તો, મહાકાવ્યોમાં મહાપુરુષોની પરાક્રમકથાઓનું રૂપ લઈને આવે છે. આગળ જતાં સૂર્ય, સૂર્ય રૂપે નહીં પરંતુ ઇન્દ્રના રૂપે શક્તિશાળી દેવ બની જાય છે. અહીં અર્જુન ઇન્દ્રપુત્ર છે એમ મહાભારતમાં સ્પષ્ટ રીતે વારંવાર કથા અને સંકેતો દ્વારા કહેવામાં આવ્યું છે તે નોંધવું જોઈએ. એ રીતે આ સમગ્ર કથાનક ઇન્દ્ર અને વૃત્રાસુરના સંગ્રામનું રૂપાંતર પણ બની જાય છે. સૂર્ય અંધકારનો નાશ કરી પ્રકાશ ફેલાવે છે, તેમ ઇન્દ્ર વાદળોમાં વરસાદને કેદ કરી રાખનાર અસુર વૃત્રને હણીને વરસાદ વરસાવે છે. આ ઇન્દ્ર સૂર્યનું જ રૂપાંતર છે. 'ગૌ'ની પુરાકથા સાથે પણ એનો સંબંધ છે. અહી કેટલાક સંદર્ભોથી તે સ્પષ્ટ કરીએ.આદિ માનવે મેઘ અને વર્ષાની ઘટનાને જોઈને ઇન્દ્રની અદ્ભુત કલ્પના કરી છે :

યો હત્વાહિ મરિણાત્સપ્ત સિન્ધુન્યોગા ઉદાજપધા વલસ્ય. (ઋ. ૨.૧૨.)

તથા

યઃ શમ્બરં પર્વતેષુ ક્ષિયન્તં ચત્વારિશ્યાં શરદ્યન્વવિન્દત્

ઓજાયમાનં યો અહિ જઘાન દાનું શયાનં સ જનાસ ઇન્દ્ર : (ઋ. ૨.૧૨.)[૧૪૦]

વાદળોમાં વર્ષાને કેદ કરી રાખનાર આ વૃત્ર છે. ઇન્દ્રે એ સર્પ આકારવાળા વાદળનો સંહાર કરી સૃષ્ટિને જળ આપ્યું.

'વૃત્ર ' શબ્દ 'વૃ' (આવૃત્ત કરવું, ઢાંકવું) ધાતુથી વ્યુત્પન્ન થયો છે તેમ માનવામાં આવે છે. તેણે જળને ઢાંકી(કેદ

કરી)લીધું હતું (અપ્ વારિવાંસમ્) એટલે તેનું નામ વૃત્ર પડ્યું. યાસ્ક તેને મેઘદૈત્ય પણ કહે છે.[૧૪૧] વૃત્રે જળધારાને રોકી હતી તેવું વર્ણન ઋગ્વેદમાં મળે છે(ઋ.૨.૧૫.૬)તેણે સૂર્યને ઢાંકી દીધો હતો (ઋ.૪.૧૯.૩) સૂર્યોદય(ઉષસ્)ને રોક્યો હતો(ઋ.૪. ૧૯. ૮) વૃત્રે ગાયોનું હરણ પણ કર્યું હતું(ઋ.૨.૧૯.૩)[૧૪૨] જ્યારે ઇન્દ્ર ગાયોનું રક્ષણ કરે છે તેવું વર્ણન ઋગ્વેદમાં મળે છે. (ત્રથ. ૧. ૩૩. ૧૫)[૧૪૩] ઋક્સંહિતામાં ઇન્દ્ર ગોવિંદ પણ કહેવાયો છે. જે વાદળોરૂપી ગાયોને હાંકી જાય છે.[૧૪૪]

ઇન્દ્ર ઉષાને પ્રેમ કરે છે. ઉષા વૃત્રની કેદમાં હતી. ઇન્દ્ર તેનાં બંધનોને નષ્ટ કરે છે તેથી ઉષા મુક્ત થાય છે તેવું વર્ણન પણ ઋગ્વેદમાં મળે છે. વૃત્રવધમાં અગ્નિએ ઇન્દ્રને સાથ આપ્યો હતો તેથી અગ્નિ પણ દેવ બની જાય છે. આમ અંધકાર = મેઘ = ગાય = ઉષા તથા સૂર્ય = ઇન્દ્રનો સંબંધ જોડી શકાય છે. (વૃત્ર = કૌરવો, દુર્યોધન આદિ) અને એ રીતે સમગ્ર પુરાકથાનું મહાકાવ્યાત્મક રૂપ વિરાટપર્વની ગૌગ્રહણની ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. આ સમગ્ર કથાનક પાછળ વૈશ્વિકદર્શન રહ્યું છે તેમ પ્રતીત થાય છે. આપણે બીજા કેટલાંક સંદર્ભો દ્વારા તેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીએ.

સૌ પ્રથમ આપણે સૂર્ય અને વિષ્ણુના સંદર્ભો જોઈએ. વિષ્ણુ ઇન્દ્રનો સખા અને સહાયક છે. (ઇન્દ્રસ્યયુજ્ય : શાખા તદ્ વિષ્ણો પરમંપદં સદા પશ્યંતિ સુરય :)[૧૪૫] એટલે તે ઉપેન્દ્ર કહેવાય છે. વૃત્રવિનાશમાં અગ્નિની જેમ તેણે પણ ઇન્દ્રની સહાય કરી હતી. આમ ઇન્દ્રના પછીના ક્રમે તેનું સ્થાન છે. વેદોમાં ઇન્દ્ર અગ્નિ જેવા દેવોની સરખામણીમાં તેનાં સુક્તો ઓછા છે. ઋગ્વેદમાં તો વિષ્ણુ સંબંધિત માત્ર પાંચ સુક્ત મળે છે. આ સુક્તોમાં તેના સ્વતંત્ર અસ્તિત્વ કે પરાક્રમોનું વર્ણન નથી. પરંતુ તેને સૂર્યદેવતાનું જ એક પ્રતિરૂપ માનવામાં આવે છે.[૧૪૬] જો કે પછીથી તેનું મહત્ત્વ વધે છે અને ઐતરેય બ્રાહ્મણની રચના સુધીમાં તો તે પ્રથમ સ્થાન મેળવી લે છે.

ઋક્ સંહિતામાં વિષ્ણુ સૂર્ય-સવિતૃ-નાં અનેક સ્વરૂપોમાંથી એક છે. વિષ્ણુ જગતનો રક્ષક, ત્રાતા અને પ્રાણીઓનું આશ્રય સ્થાન છે..... તે વિશ્વપાલક અને વિશ્વરૂપ ગણાય છે અને આખું ચરાચર વિશ્વ તેનામાં વસે છે તેવું વર્ણનકરવામાં આવ્યું છે :

યસ્ય ઉરુ સુ ત્રિપુ વિક્રમાણે સ્વાધિક્ષયતિ ભુવનાનિ વિશ્વ(ઋ.૧. ૧૫૪. ૨૬)[૧૪૭]

મૈત્રી ઉપનિષદ્માં સમસ્ત સૃષ્ટિને ધારણ કરવાવાળા અન્ન પરબ્રહ્મને ભગવાન વિષ્ણુ કહેવામાં આવે છે.[૧૪૮] સૂર્ય સંબંધી પુરાકથામાં પણ એમ કહેવામાં આવ્યું છે કે વિશ્વમાં ચરાચર વસ્તુઓનો આત્મા સૂર્ય છે. જુઓ :

આપ્રા દ્યાવા પૃથિવી અંતરિક્ષં સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ.(ઋ.૧.૧૧૫.૧)

વેદ-ઉપનિષદમાં થયેલું આ વર્ણન શરીર-દેહના અંતર્વિજ્ઞાન સાથે પણ સંબંધ રાખે છે. એ વિજ્ઞાન પ્રમાણે ઇન્દ્ર મસ્તિષ્ક, સૂર્ય ચૈતન્ય તથા વિષ્ણુ મેરુદંડના આધારદેવતા છે. અહીં 'પિંડે તે બ્રહ્માંડે' એ ઉક્તિનો અર્થ પણ સ્પષ્ટ થાય છે. વિષ્ણુ સૂર્યના આ સમાન કાર્યને આપણે એક કથાનકથી સમજવાનો પ્રયત્ન કરીએ. બાર વર્ષના વનવાસ દરમ્યાન યુધિષ્ઠિર સૂર્ય પાસેથી અક્ષયપાત્રની પ્રાપ્તિ કરે છે તે કથાનક પાછળ આ પુરાકથાના સંદર્ભો જ રહેલા છે.

અક્ષયપાત્રની પ્રાપ્તિ માટે ધૌમ્ય ઋષિ યુધિષ્ઠિરને સૂર્યની ઉપાસના કરવાનું સૂચવતા કહે છે : 'પ્રાચીન સમયમાં સૌપ્રથમ સૂર્યની ઉત્પત્તિ થઈ ત્યારે પ્રાણીમાત્રના ભૂખના દુઃખથી અત્યંત દુઃખી થઈને સૂર્યે ઉત્તરાયણમાં પ્રખર કિરણોથી પૃથ્વી પરના જળને શોષી લીધું અને દક્ષિણાયનમાં જળધારા રૂપે પૃથ્વી પર ફરી વરસાવ્યું એટલે અન્ન પાક્યું. એ પછી ઔષધિઓના સ્વામી ચંદ્રે મેઘરૂપમાં પરિવર્તન પામેલા સૂર્યના તેજને પ્રગટાવી ઔષધિઓને ઉત્પન્ન કરી, ત્યારે ભૂમિની ભીતર સ્થિત સૂર્ય જ ચન્દ્રમાના તેજથી અંકુરના રૂપે પ્રગટે છે અને છ રસયુક્ત પવિત્ર ઔષધિઓના રૂપમાં પ્રાણીમાત્રને ઉપલબ્ધ બને છે. આ પ્રમાણે પ્રાણીમાત્રના જીવનનો આધાર જે અન્ન છે તે સૂર્યમય છે. એટલે સૂર્ય પ્રાણીમાત્રનો પિતા છે માટે તમે સૂર્ય-ના શરણમાં જાઓ.'[૧૫૦]

એન.બી. પાટીલ આ કથાનકના અર્થસંકેતોને સ્પષ્ટ કરતા લખે છે :

The pot of the sun has a double motif : 1) the sun and 2) the pot. Both are indicative of procreation and fertility, and obtain even elsewhere. Thus one of the ancient symbols of the godess of fertility(called the milkgoddess) in Maxico was the pot. The pot was at once the "primeval deep" from which many wonderful things are created (and may be compared with the churning legend), and the inexhaustible womb of nature.[૧૫૧]

પ્રાણીમાત્રના રક્ષક તરીકે વિષ્ણુ = સૂર્યનું પણ વર્ણન કરવામાં આવ્યું છે તે આપણે આગળ ઉપર જોયું છે. આ સંદર્ભમાં વિરાટપર્વનો એક પ્રસંગ નોંધપાત્ર છે. કીચક દ્વારા દ્રોપદીની સતામણી દરમ્યાન દ્રૌપદી સૂર્યની પ્રાર્થના કરે છે. તે વખતે સૂર્યપ્રેષિત રાક્ષસ દ્રૌપદીની સહાય કરે છે. આ કથાનકની ચર્ચા પણ આગળ ઉપર કરી છે, એટલે અહીં માત્ર તેની નોંધ લીધી છે.

વિષ્ણુ = સૂર્ય એકરૂપ છે તેવું નિરૂપણ કરતા બીજાં પણ કેટલાક સંદર્ભો જોઈએ. અગાઉ ગૌની પુરાકથા વખતે આપણે અદિતિના સંદર્ભો નોંધ્યા છે. આ અદિતિએ દેવયુગમાં પુત્રપ્રાપ્તિના હેતુસર કઠિન તપશ્ચર્યા કરી. આ તપશ્ચર્યાના ફળસ્વરૂપે વિષ્ણુનો જન્મ થયો(મ.ભા. અનુ.અ.૯૩). વિષ્ણુના જન્મપૂર્વે તેના અગિયાર પુત્રો હતા. વિષ્ણુ મળીને કુલ બાર પુત્રો કહેવાયા.[૧૫૨] આ બાર પુત્રો બાર આદિત્યો પણ કહેવાયા છે.

આ બાર આદિત્યનાં નામ આ પ્રમાણે છે : અંશુમાન્, અર્યમન્, ઇન્દ્ર, ત્વષ્ટુ, ધાતૃ, પર્જન્ય, પૂષન્, ભગ, મિત્ર, વરુણ, વિવસ્વત્ અને વિષ્ણુ. અહીં જોઈ શકાય છે કે ઇન્દ્ર, વિષ્ણુ તથા સૂર્ય વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. તૈતરીય આરણ્યક પણ આ જ નામાવલિ આપે છે.[૧૫૩] આમ આદિત્ય બાર છે, જે બાર માસના નિદર્શક છે.(શત.બ્રા.૧૧.૬.૩.૮) વેદોત્તર વાઙ્મયમાં બાર માસના બાર આદિત્ય અથવા સૂર્ય પ્રસિદ્ધ છે, તેમાં વિષ્ણુને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ઋગ્વેદમાં સૂર્યને આદિત્ય પણ કહેવામાં આવે છે. ઋગ્વેદ પ્રમાણે ગાય આદિત્યની બહેન છે.(ઋ. ૮.૧૦૧.૧૫)[૧૫૪] અદિતિ આદિત્યની માતા છે. એટલે તેજ પ્રાપ્ત કરવા માટે તેની પ્રાર્થના કરવામાં આવે છે.(ઋ.૪.૨૫.૩; ૧૦.૩૬.૩). તેના તેજનું ગૌરવ પણ કરવામાં આવ્યું છે. ઉષાને પણ અદિતિમુખ કહેવામાં આવે છે. (ઋ.૧.૧૫.૩.; ૮.૯૦.૧૫;૧૦.૧૧.૧)[૧૫૫]

વિષ્ણુનું સૌથી મોટું પરાક્રમ તેના ત્રિપદને લગતું છે. આ ત્રણ પાદ દ્વારા તેણે પૃથ્વી, દ્યૂલોક અને અંતરીક્ષનું વ્યાપન કરી લીધું હતું તેવું વર્ણન ઋગ્વેદમાં જોવા મળે છે.(ઋ.૧.૨૨.૧૭,૧૮) આમાંથી જ બલિરાજા અને વામનરૂપી વિષ્ણુની પુરાકથા વિકસી. મોટા ભાગના યુરોપિયન વિદ્વાનો અને યાસ્કના પૂર્વાચાર્ય ઓર્ણવાભ વિષ્ણુના આ ત્રણ પાદનો અર્થ સૂર્યનો ઉદય, મધ્યાહ્ન અને સૂર્યાસ્ત તેવો ઘટાવે છે. જ્યારે બર્ગેન, મેક્ડોનલ વગેરે યુરોપીય વિદ્વાનો તથા શાકપૂર્ણિ વગેરે ભારતીય આચાર્યો આ પ્રકૃત્યાત્મક વ્યાખ્યાને યોગ્ય માનતા નથી. કેમ કે તેમાં વિષ્ણુના 'અત્યુચ્ચ' તૃતીય પાદ(પરમં પદં)નું સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી. વિષ્ણુના આ ત્રીજા પાદનો અર્થ સૂર્યાસ્ત તરીકે ઘટાવવો એ અવાસ્તવિક લાગે છે. એટલા માટે આ અભ્યાસીઓ વિષ્ણુ સૌરદેવતા હોવા છતાં તેના ત્રણ પાદનો અર્થ સૂર્યોદય મધ્યાહ્ન અને સૂર્યાસ્ત તેવો નહીં પરંતુ પૃથ્વી, અંતરીક્ષ તથા આકાશ તેવો ઘટાવે છે અને એ ત્રણે લોકને વિષ્ણુ દ્વારા કરવામાં આવેલું વ્યાપન માને છે. આ પ્રકારનું અર્થઘટન કરવાથી વિષ્ણુના પરમ પદને સ્વર્ગલોક તરીકે ઘટાવી શકાય છે એ સ્વીકાર્ય લાગે છે.[૧૫૬]

ઋગ્વેદમાં પ્રાપ્ત આ નિર્દેશો દ્વારા પ્રતીત થાય છે કે પોતાના વિસ્તૃત પાદ દ્વારા સમસ્ત વિશ્વને નિયમિત રીતે પૂર્ણ કરનાર સૂર્યના રૂપમાં જ વિષ્ણુની ધારણા સાહિત્યમાં વિકાસ પામી છે. ઋગ્વેદમાં (૧.૧૫૫.૬)વિષ્ણુના સંબંધમાં એક રૂપકાત્મક વર્ણન કરવામાં આવ્યું છે : ચાર નામ(ઋતુ)ધારણ કરવાવાળા, પોતાના નેવું અશ્વો(દિવસો)ને વિષ્ણુ એક ઘૂમતા ચક્રની માફક ગતિમાન કરે છે. અહીં વર્ષના ૩૬૦(૪×૯૦)દિવસને પ્રવર્તિત કરનાર સૂર્ય સાથે, આ વર્ણન મળતું આવે છે, જે રૂપકથી સ્પષ્ટ થાય છે.

શતપથ બ્રાહ્મણમાં વિષ્ણુનું કપાયેલું મસ્તક જ સૂર્ય બન્યું એવો નિર્દેશ કરવામાં આવ્યો છે.(શ.બ્રા. ૧૪.૧.૧.૧૦) તેના હાથમાં જે ચક્ર છે તે સૂર્યસદૃશ પ્રતીત થાય છે. (ઋ.૫.૬૩) વિષ્ણુનું વાહન ગરુડ છે જેને માટે 'ગુરુત્મન', 'સુપર્ણ' જેવાં નામ પણ પ્રયોજાય છે, જે સૂર્યપક્ષીના અર્થને પ્રગટ કરતી સંજ્ઞા જ છે. (ઋ.૧૦.૧૪૪.૪) વિષ્ણુ પોતાના વક્ષસ્થળ પર 'કૌસ્તુભમણિ'ને ધારણ કરે છે. તેના હાથમાં 'પદ્મ' છે. 'પીતાંબર' પહેરે છે તથા 'કેશવ' અને 'હૃષિકેશ' નામ ધરાવે છે.. એ સર્વ પણ વિષ્ણુના સૌર સ્વરૂપ તરફ સંકેત કરે છે.[૧૫૭]

ડૉ. દાંડેકરના મત મુજબ ઋગ્વેદમાં નિર્દિષ્ટ વિષ્ણુ 'અવંધ્યતા'(ફર્ટિલીટી)ના એક દેવતા છે. તે ગર્ભના રક્ષક છે તથા ગર્ભાધાન માટે અન્ય દેવતાઓની સાથે તેનું પણ આવાહન કરવામાં આવ્યું છે.(ઋ.૭.૩૬) એક અત્યંત સુંદર બાળક ગર્ભસ્થ કરવા માટે પણ તેની પ્રાર્થના કરવામાં આવી છે.(ઋ.૧૦.૧૮૪.૧)[૧૫૮] આને, વિષ્ણુના અવતાર મનાતા કૃષ્ણ, ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરે છે તેની સાથે સરખાવી શકાય.

સૂર્ય સાથે પણ આ જ રીતે કૃષિ અને પ્રજનનના સંદર્ભો સંકળાયેલા છે. મહાભારતમાં આવતી તપતી અને સંવરણના કથાનક પાછળ આ પુરાકથા કાર્યરત છે.[૧૫૯] આ કથા દેખીતી રીતે આમ તો સૂર્યપુત્રી તપતી અને સંવરણના લગ્નની છે પરંતુ તે દ્વારા પૃથ્વીના સૂર્ય અને વાદળ સાથેના સંબંધને પ્રતીકાત્મક રીતે પ્રગટ કરવામાં આવ્યો છે. આ કથાનો અંત એક રીતે મહત્ત્વનો પણ છે.તે આપણું ધ્યાન વૈદિક યજ્ઞક્રિયાકાંડો પર એકાગ્ર કરે છે. એન. બી. પાટીલ એ સંદર્ભમાં લખે છે :

The relationship of the rains with the sun is explicit in certain Vedic hymns (Rg.v.1.22.6.; 1.62.52.; vii 96.5; vii. 47.2; x.30.3). The concept of the rains being that of "ghrtasya dharah" (which are streams of rain) is based not only on the belief that they come from the cloud where they are boiled or heated(pancyamana) by the mid-air agni but also that they are associated with the sun. The idea is that the earth can be fructified because the rain-waters are seeded with the solar energy. The sun who is the heavenly bird is said to be the source(garbha) of plants, and in the same context he is said to be the sarasvan pacifying the earth with rains.(Rg.v. i.164.52). Indra is invoked as the sun and the latter is said to be the sprinkler of the seed. The sun as the aditya is also the prsni, i.e. the spraying one. (Rg.v. 47.6). The idea that sacrificial praise of the sun would cause the rains was deeply rooted in the minds of the people in the days of the Mahabharata."[૧૬૦]

આ કથાનક સાથે સ્યમંતક મણિની કથા સરખાવી જોવા જેવી છે. સૂર્યે તેના મિત્ર યાદવ સત્યજિતને આ મણિ આપ્યો હતો. સ્યમંતક મણિ દરરોજ આઠ આઠ ભાર સુવર્ણ પણ આપે છે. કર્ણને પણ સૂર્ય પાસેથી આવો મણિ પ્રાપ્ત થયો હતો. તેનું વર્ણન મધ્યકાલીન મહાભારતમાં કરવામાં આવ્યું છે. આ મણિના પ્રભાવથી દુષ્કાળ, અતિવૃષ્ટિ, ભૂખમરો, રોગચાળો વગેરે આપત્તિનો ભય રહેતો નથી તેવું વર્ણન હરિવંશમાં કરવામાં આવ્યું છે. 'કાલવર્ષી ચ પર્જન્યઃ

ન વ્યાધિભયં અભૂતઃ' (હરિવંશ : ૧.૩૮.૩૫.)[૧૬૧]

અક્ષયપાત્ર, તપતી -સંવરણ ઉપરાંત ઉર્વનું કથાનક અને કર્ણજન્મનું કથાનક સાથે પણ સૌર પુરાકથા સંકળાયેલી છે. પરંતુ અહીં તેનો વિશેષ અભ્યાસ અપેક્ષિત નથી. કર્ણના સંદર્ભમાં એક મુદ્દો મહત્ત્વનો છે તે અહીં નોંધીએ. કર્ણ કવચકુંડળ સાથે જન્મ્યો હતો. આ કવચકુંડળ સુવર્ણનાં હતાં. સુવર્ણ અહીં તેજસ્‌ના સ્થાને છે.એટલે તે સૂર્યનો સંકેત કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો તે સૂર્યશક્તિનું રૂપાંતરિત સ્વરૂપ છે, જ્યારે કુંડળ સૂર્યવલયનું પ્રતીક છે.[૧૬૨] જ્યારે આરણ્યકપર્વમાં આવતા સાવિત્રીના કથાનક સાથે તો સૌરપુરાકથાના અનેક સંકેતો સંકળાયેલા છે.

આ પ્રકરણમાં આપણે આગળ જોયું છે કે વૃત્રાસુરવધમાં વિષ્ણુની જેમ અગ્નિ પણ ઇન્દ્રનો એક સહાયક છે. ઋગ્વેદમાં અગ્નિનાં સૂક્તોનું પ્રમાણ ઘણું મોટું છે. એ દ્વારા તેના મહિમાનો આપણને પરિચય થાય છે. જ્યારે પુરાણોક્ત રીતે જોઈએ તો પુરાણોમાં કશ્યપ ઋષિને સૂર્યના જ પ્રતિરૂપ માનવામાં આવ્યા છે. તેમને અદિતિ અને દિતિ નામની બે પત્નીઓ છે, જે ક્રમશઃ દિવસ અને રાતનું પ્રતિનિધિત્વ કરે છે. એ બન્નેનો પુત્ર 'અગ્નિ' છે જે પૃથ્વી પર સૂર્યનું પ્રતિનિધિત્વ કરે છે.

મહાભારતમાં અગ્નિની પુરાકથા સંબંધિત અનેક સંકેતો જુદે જુદે સ્થળે કરવામાં આવ્યા છે, આ પ્રકારનાં કથાનકોમાં 'અગ્નિ અને દેમન પુલોમા'નું કથાનક, 'અંગીરસ અને અગ્નિ'નું કથાનક, 'ખાંડવવનદહન'નું કથાનક તથા કાર્તિકેયનું જન્મકથાનક મુખ્ય છે. અહીં એ કથાનકોમાં પ્રવર્તતી અગ્નિની પુરાકથાને તપાસવાનો ઉપક્રમ નથી. અહીં માત્ર વિરાટપર્વમાં અગ્નિ સંબંધિત એક મહત્ત્વનો સંદર્ભ આવે છે. તેની સંક્ષેપમાં ચર્ચા કરી છે.

અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો વિરાટનગરમાં પ્રવેશ કરતા પૂર્વે શસ્ત્રોને શમીવૃક્ષ પર મૂકે છે. શસ્ત્ર સાથે રાખવાથી છદ્મવેશની ગુપ્તતા જાળવી શકાય નહીં એવું તાર્કિક કારણ અહીં આપવામાં આવ્યું છે. આ સરળ વિગતો માત્ર લાગે છે. પ્રથમ દૃષ્ટિએ તેમાં આપણને કશો સંકુલ સંકેત કે અર્થ હોય એમ જણાતું નથી. પરંતુ એમ નથી. પાંડવોએ અન્ય કોઈ વૃક્ષ પર નહીં અને શમીવૃક્ષ ઉપર જ શા માટે શસ્ત્રો મૂક્યાં એવો પ્રશ્ન આપણને થાય; થવો જોઈએ. આ શસ્ત્રોમાં ગાંડીવ, અક્ષય તૂણિર વગેરે પણ છે. એટલે આ દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિના કથાનકને સહેજ જોઈ લઈએ.

યજ્ઞમાં સતત હવિર્દ્રવ્યના ભક્ષણને લીધે અગ્નિને અજીર્ણ થયું હતું. સ્વબળે ખાંડવવનની ઔષધિના ભક્ષણના તેના પ્રયત્નો ઇન્દ્રને કારણે સફળ થયા ન હતા. આખરે બ્રહ્માના કહેવાથી તે કૃષ્ણઅર્જુન પાસે આવી ખાંડવવનના ભક્ષણ માટે મદદ માગે છે, ત્યારે અર્જુન યોગ્ય શસ્ત્રસામગ્રીના અભાવનું કારણ બતાવે છે એટલે અગ્નિ જો દિવ્યાસ્ત્રો લાવી આપે તો ઇન્દ્રથી તેનું રક્ષણ કરવાનું વચન આપે છે. અગ્નિ વરુણ પાસેથી શ્વેત અશ્વોવાળો કપિધ્વજ રથ, ગાંડીવ ધનુષ્ય અને બે અક્ષય તુણિર માગીને અર્જુનને આપે છે, તથા કૃષ્ણને સુદર્શનચક્ર અને કૌમોદકી નામની ગદા આપે છે.[૧૬૪]

આમ, ભૂતકાળમાં અગ્નિ દ્વારા પ્રાપ્ત થયેલાં શસ્ત્રો શમીવૃક્ષ પર રાખવામાં આવે છે.અગ્નિને શમીગર્ભ કહેવામાં આવે છે.[૧૬૫] એટલે કે શમીમાં અગ્નિનો વાસ છે. આમ, અગ્નિ પાસેથી પ્રાપ્ત થયેલાં શસ્ત્રો અજ્ઞાતવાસ દરમ્યાન અગ્નિને જ સાચવવા, સોંપવામાં આવ્યાં તેવું સમીકરણ મળી શકે છે. (યજ્ઞમાં અગ્નિ પ્રજ્જ્વલિત કરવા અરણીકાષ્ઠનો ઉપયોગ થાય છે. આ અરણીકાષ્ઠ શમીવૃક્ષમાંથી બનેલાં હોય છે. શમીને શમીદેવી કહેવામાં આવે છે અને દશેરાના દિવસે શસ્ત્રપૂજન સાથે તેની પણ પૂજા કરવામાં આવે છે. આ વિધિવિધાન આજે કેટલેક અંશે ટકી રહેલું જોવા મળે છે. જુઓ, પ્રકરણ ત્રણ)

આ પ્રકરણમાં આપણે આગળ જોયું છે કે વૃત્ર ગાયોનું હરણ કરી જાય છે. જ્યારે ઇન્દ્ર, ગાયોનો રક્ષક, તેનું રક્ષણ કરે છે. વૃત્રના વિનાશમાં અગ્નિ ઇન્દ્રને મદદ કરે છે. અહીં અર્જુન એ ઇન્દ્ર (પુત્ર) છે અને ગૌગ્રહણ યુદ્ધ વખતે અર્જુન પણ શમીવૃક્ષ (અગ્નિ) પાસે રાખેલાં શસ્ત્રો મેળવી યુદ્ધ દ્વારા ગાયોને મુક્ત કરાવે છે. આમ ગૌગ્રહણ દરમ્યાન અહીં

પણ અગ્નિ અર્જુન (ઇન્દ્ર)ને સહાય કરે છે.

દ્રૌપદીના જન્મની કથા સાથે પણ અગ્નિની પુરાકથાના કેટલાક સંકેતો સંકળાયેલા છે. દ્રૌપદીનો જન્મ જ યજ્ઞ વેદીમાંથી થયો છે એટલે તે યાજ્ઞસેની કહેવાય છે. અગ્નિને સર્વભક્ષ બનવાનો શાપ મળ્યો હતો.[૧૬૬] દ્રૌપદીનો જન્મ વૈરતૃપ્તિ માટે કરવામાં આવેલા યજ્ઞને લીધે જ થયો હતો. અગ્નિનું બીજું એક રૂપ વૈશ્વાનર છે જે જઠરાગ્નિના રૂપે પણ ઓળખાય છે. ભીમની અન્ન આરાધનાની કથાઓ પ્રચલિત છે. આવો ભીમ જ દ્રૌપદીનું પ્રગટ રૂપે 'વિરાટપર્વ' દરમ્યાન કીચકથી રક્ષણ કરે છે. વિરાટપર્વમાં દ્રૌપદીનો બીજો રક્ષક સૂર્ય છે તે પણ કીચકથી બચાવે છે. કેમકે સૂર્ય અને અગ્નિનો સંબંધ પણ જાણીતો છે. અગ્નિ એ શુદ્ધતા-પવિત્રતાનું પણ પ્રતીક છે. 'વિરાટપર્વ'માં જેમ તે દ્રૌપદીના ચારિત્ર્ય- પાવિત્ર્યનું રક્ષણ કરે છે, તેમ રામાયણમાં તે સીતાના (મૂળ) રૂપને - ચારિત્ર્યને સાચવે છે અને રાવણવધ પછી સીતા તે મૂળ રૂપને પુનઃ પ્રાપ્ત કરે છે.

આ રીતે, સૂર્ય અને એનાથી સંબંધિત સમગ્ર દેવતા પરિવાર (વિષ્ણુ, ઇન્દ્ર, મરુત, વરુણ, અગ્નિ આદિ....)નો સંબંધ સૃષ્ટિની ઉત્પત્તિ અને સૃષ્ટિ સંચાલનના કાર્ય સાથે સ્પષ્ટ રીતે જોડાયેલો છે. અહી આપણે જોયેલા સંદર્ભો અને વિરાટપર્વ - મહાભારતનાં કથાનકો દ્વારા પણ તેનું સમર્થન થાય છે. એ રીતે આખા વિશ્વને આવરી લેતી સૌર પુરાકથા અને એથી રચાતું વૈશ્વિક દર્શન (cosmic vision) 'વિરાટપર્વ'માં જોઈ શકાય છે.

પાદટીપ

૧. આદિપર્વ, અ : ૧૩૪-૧૨થી ૨૮
૨. એ જ, ૧૩૬-૭
૩. એ જ, ૧૮૩-૭
૪. વિરાટપર્વ, અ : ૬-૧૦
૫. આરણ્યકપર્વ, અ : ૭૮-૧૫થી ૧૭
૬. વિરાટપર્વ, અ : ૧૨-૪
૭. આરણ્યકપર્વ, અ : ૨૮-૩૪
૮. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ.૫
૯. આરણ્યકપર્વ, અ : ૪૫-૬થી૮
૧૦. આરણ્યકપર્વ, ગોરખપુરની આવૃત્તિ, અ : ૪૬
૧૧. વિરાટપર્વ, અ : ૨-૧૭
૧૨. વિરાટપર્વ,સમીક્ષિત આવૃત્તિ,અ :૨-૨૦
૧૩. આરણ્યકપર્વ,અ : ૩૮-૧૧,અને સમીક્ષિત આવૃત્તિ અ : ૩૭-૧૨
૧૪. વિરાટપર્વ,અઃ૨-૨૧
૧૫. એ જ, અ : ૪૦-૧૦થી ૧૩
૧૬. એ જ, અ : ૧૦-૧૧
૧૭. એ જ, અ : ૬૭
૧૮. એ જ, અ : ૬૭-૧૦

૧૯. એ જ, અ : ૮-૫
૨૦. એ જ, અ : ૮-૨૩
૨૧. એ જ, અ : ૮-૨૬
૨૨. જુઓ, આ જ પ્રકરણમાં આગળની નોંધ
૨૩. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ. ૬
૨૪. એ જ, પૃ. ૧૧
૨૫. વિરાટપર્વ, અ : ૧૧-૭, ૮
૨૬. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ. ૧૧
૨૭. વિરાટપર્વ, અ : ૩-૩
૨૮. વિરાટપર્વ, અ : ૩-૯, ૧૦ અને ૯-૧૨,૧૩
૨૯. એ જ, અ : ૩-૮ અને ૯-૧૧
૩૦. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ.૧૧-૧૨
૩૧. એ જ, નોંધ પૃ. ૩૩
૩૨. વિરાટપર્વ, અ : ૬-૧૦
૩૩. એ જ, અ : ૭-૭
૩૪. એ જ, અ : ૮-૧૭
૩૫. એ જ, અ : ૯-૮, ૯
૩૬. એ જ, અ : ૨-૨૬
૩૭. એ જ, અ : ૧૨-૬
૩૮. એ જ, અ : ૧૨-૧૨થી ૨૩
૩૯. એ જ, અ : ૨-૬
૪૦. એ જ, અ : ૭-૮
૪૧. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, અ : ૧૩-૪થી ૬
૪૨. વિરાટપર્વ, અ : ૧૩-૩, ૧૭-૮, ૨૦-૩૧ અને ૨૧-૯
૪૩. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ. ૪૩
૪૪. એ જ, પૃ. ૪૪
૪૫. સભાપર્વ, અ : ૬૦-૨૭
૪૬. એ જ, અ : ૬૦-૭
૪૭. એ જ, અ : ૬૦-૨૮
૪૮. વિરાટપર્વ, અ : ૧૫-૧
૪૯. એ જ, અ : ૧૫-૭
૫૦. એ જ, અ : ૧૫-૮, ૯
૫૧. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૨૫૮, ૨૬૨
૫૨. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ, પૃ. ૫૩
૫૩. સભાપર્વ, અ : ૬૧-૬
૫૪. વિરાટપર્વ, અ : ૧૫-૧૦થી ૧૨
૫૫. વિરાટપર્વ, ગોરખપુરની આવૃત્તિ, પૃ. ૧૮૮૬

L.A.N. F MEHTA LIBRARY
M. S. University of Baroda

૫૬. વિરાટપર્વ, અ : ૧૫-૧૫ અને ૧૫-૨૧, ૨૨
૫૭. એ જ, અ : ૧૫-૨૩થી ૨૫
૫૮. એ જ, અ : ૧૫-૨૭
૫૯. એ જ, અ : ૧૫-૨૮
૬૦. એ જ, અ : ૧૫-૨૯
૬૧. વિરાટપર્વ, અ : ૧૫-૩૨
૬૨. એ જ, અ : ૧૫-૩૪
૬૩. એ જ, અ : ૧૫-૩૫
૬૪. એ જ, અ : ૧૭-૧ અને ૧૭-૧૦, ૧૧
૬૫. એ જ, અ : ૧૬-૫
૬૬. એ જ, અ : ૨૦-૨૭
૬૭. સભાપર્વ, અ : ૬૧-૪૩થી ૪૬
૬૮. એ જ, અ : ૬૩-૧૦થી ૧૪
૬૯. વિરાટપર્વ, અ : ૨૩-૨૭
૭૦. આદિપર્વ, અ : ૨૦૫-૫થી ૨૨
૭૧. એ જ, અ : ૨૦૪-૨૮
૭૨. ભીષ્મપર્વ, અ : ૨૪-૩ અને ભગવદ્‌ગીતા અ : ૨-૩
૭૩. દ્રોણપર્વ, અ : ૧૫૯-૪૧
૭૪. આરણ્યકપર્વ, અ : ૨૩૬-૮થી ૧૫
૭૫. કર્ણપર્વ, અ : ૪૭થી ૪૯
૭૬. આરણ્યકપર્વ, અ : ૨૮
૭૭. વિરાટપર્વ : અ સ્ટડી - એ લેખ, ડૉ. એ. ડી. શાસ્ત્રી
૭૮. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, પ્રસ્તાવના પૃ. ૨૦, ૨૧
૭૯. આરણ્યકપર્વ, અ : ૧૨૦-૧થી ૨૬
૮૦. સંસ્કૃત નાટક, કીથ, પૃ. ૨૯
૮૧. પાર્થપરાક્રમવ્યાયોગની સમગ્ર ચર્ચા શાંતિકુમાર પંડ્યાના 'ગુજરાતમાં મહાભારતને આધારે રચાયેલાં સંસ્કૃત રૂપકો અને મહાકાવ્યો' એ ગ્રંથમાંના આ કૃતિવિષયક લેખને આધારે કરી છે.
૮૨. ભીષ્મપર્વ, અ : ૪૧-૩૬
૮૩. આરણ્યકપર્વ, અ : ૪૯થી ૭૮
૮૪. આદિપર્વ, અ : ૧૮૯
૮૫. આરણ્યકપર્વ, અ : ૨૮-૨૨, ૨૩
૮૬. એ જ, અ : ૨૫૭-૬થી ૧૦
૮૭. એ જ, અ : ૨૫૮થી ૨૭૫
૮૮. એ જ, અ : ૨૯૮-૧૫
૮૯. વિરાટપર્વ, અ : ૧-૫
૯૦. અને ૯૧. આરણ્યકપર્વ, ગોરખપુર આવૃત્તિ, અ : ૩૧૩-૧૧૪, ૧૧૫, પૃ. ૧૮૩૩
૯૨. મહાભારત : એક આધુનિક દૃષ્ટિકોણ, બુદ્ધદેવ બસુ, અનુ. અનિલા દલાલ, પૃ.૫૯

૯૩. સંસ્કૃત નાટક, કીથ, પૃ.૩૧૭
૯૪. વ્યાસપર્વ, દુર્ગા ભાગવત, અનુ જયા મહેતા.પૃ.૧૦૭
૯૫. વિરાટપર્વ, અ : ૪-૩૯,૪૦
૯૬. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ, નોંધ પૃ.૧૪
૯૭. એ જ, પૃ. ૧૫
૯૮. વિરાટપર્વ, અ : ૧-૨૧
૯૯. એ જ, અ : ૬૩-૩૪, ૩૫
૧૦૦. એ જ, અ : ૨૭
૧૦૧. એ જ, અ : ૧૬-૬થી ૯
૧૦૨. એ જ, અ : ૧૮-૨થી ૭
૧૦૩. એ જ, અ : ૧૮-૧૯
૧૦૪. ઉદ્યોગપર્વ, અ : ૭૨થી ૭૪
૧૦૫. વિરાટપર્વ, અ : ૨-૨૭
૧૦૬. એ જ, અ : ૨૩-૨૧,૨૨
૧૦૭. એ જ, અ : ૮-૧૦થી ૧૨
૧૦૮. વિરાટપર્વ, સમીક્ષિત આવૃત્તિ,નોંધ પૃ. ૨૯
૧૦૯. વિરાટપર્વ, અ: ૮-૨૭થી ૩૦
૧૧૦. એ જ, અ : ૧૪-૧૩થી ૧૭
૧૧૧. એ જ, અ : ૧૯-૧૧
૧૧૨. આરણ્યકપર્વ, અ : ૧૩-૧૧૨
૧૧૩. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ.૧૫૧
૧૧૪. લોક સાગરની લહર, જેઠાલાલ ત્રિવેદી,પૃ. ૨૭૨
૧૧૫. રોમ સીતમાની વારતા, સંપા : ભગવાનદાસ પટેલ, પૃ. ૫૬,૫૭
૧૧૬. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૧૫૧
૧૧૭. આરણ્યકપર્વ, અ : ૧૦
૧૧૮. એ જ, અ : ૧૯૧
૧૧૯. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ.૧૮
૧૨૦. એ જ, પૃ.૧૨૮
૧૨૧. મહામાનવ શ્રીકૃષ્ણ, જ્યોત્સ્ના તન્ના અને નગીનદાસ સંઘવી,પૃ.૬૫,૬૬
૧૨૨. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૧૮
૧૨૩. લોકસાહિત્યનું સમાલોચન, ઝવેરચંદ મેઘાણી, પૃ. ૨૪૪
૧૨૪. લોકસાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૧૪
૧૨૫. આદિપર્વ, અ : ૫૮
૧૨૬. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૧૨૮
૧૨૭. એ જ, પૃ. ૧૮
૧૨૮. અરવલ્લીલોકની વહી વાતો, સંપા. ભગવાનદાસ પટેલ અને વીરચંદભાઈ પંચાલ, પૃ. ૯
૧૨૯. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૬૮

૧૩૦. ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓ, ભગવાનદાસ પટેલ, પૃ. ૧૪૫, ૧૪૬
૧૩૧. એ જ, પૃ. ૧૪૮
૧૩૨. એ જ, પૃ. ૧૫૦
૧૩૩. લોક ગુર્જરી (વાર્ષિક), અંક : અગિયાર, પૃ. ૧૨૦
૧૩૪. આદિપર્વ, અ : ૩
૧૩૫. લોક સાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૭૧થી ૮૪
૧૩૬. એ જ, પૃ. ૭૪
૧૩૭. એ જ, પૃ. ૧૬૪
૧૩૮. વિરાટપર્વ : અ સ્ટડી - એ. ડી. શાસ્ત્રી, પૃ. ૪૨
૧૩૯. એ જ, પૃ. ૪૨
૧૪૦. લોક સાહિત્ય વિજ્ઞાન, ડૉ. સત્યેન્દ્ર, પૃ. ૧૬૩
૧૪૧. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૮૯૭
૧૪૨. એ જ, પૃ. ૮૯૬
૧૪૩. એ જ, પૃ. ૬૮
૧૪૪. મહામાનવ શ્રીકૃષ્ણ, જ્યોત્સ્ના તન્ના અને નગીનદાસ સંઘવી, પૃ. ૬૬
૧૪૫. એ જ, પૃ. ૬૫
૧૪૬. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૮૭૯
૧૪૭. મહામાનવ શ્રીકૃષ્ણ, જ્યોત્સ્ના તન્ના અને નગીનદાસ સંઘવી, પૃ. ૬૫
૧૪૮. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૮૮૨
૧૪૯. એ જ, પૃ. ૧૦૮૨
૧૫૦. આરણ્યકપર્વ, અ : ૩-૪થી ૯
૧૫૧. ધ ફોકલોર ઈન ધ મહાભારત, એન. બી. પાટીલ, પૃ. ૭૧
૧૫૨. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૧૮
૧૫૩. એ જ, પૃ. ૧૨૯
૧૫૪. એ જ, પૃ. ૫૮
૧૫૫. એ જ, પૃ. ૧૮
૧૫૬. એ જ, પૃ. ૮૮૦
૧૫૭. એ જ, પૃ. ૮૮૦
૧૫૮. એ જ, પૃ. ૮૮૧
૧૫૯. આદિપર્વ, અ : ૧૬૦થી ૧૬૩
૧૬૦. ધ ફોકલોર ઈન ધ મહાભારત, એન. બી. પાટીલ, પૃ. ૬૫, ૬૬
૧૬૧. મહામાનવ શ્રીકૃષ્ણ, જ્યોત્સ્ના તન્ના અને નગીનદાસ સંઘવી, પૃ. ૩૦૯
૧૬૨. ધ ફૉકલોર ઈન ધ મહાભારત, એન. બી. પાટીલ, પૃ. ૭૯
૧૬૩. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૧૦૮૨
૧૬૪. આદિપર્વ, અ : ૨૧૫, ૨૧૬
૧૬૫. શલ્યપર્વ, અ : ૪૬
૧૬૬. ભારતવર્ષીય પ્રાચીન ચરિત્રકોશ, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, પૃ. ૬